ચંદ્રપ્રભા.

એક ઐતિહાસિક નોવેલ

સાલ ૧૮૯૯.

હરગોવનદાસ હરજીવનદાસ બુકસેલર.

વિશ્વપ્રભા.

અથવા

(એક ભેદી ખુન, અને દગાખોર દોસ્તનો આબેહુબ ચિતાર.)

પૂરવાર્ધ અને ઉત્તરાર્ધમાં

નવલકથા રૂપે

લખનાર.

મણિલાલ શિવશંકર શેલત.

પ્રકટ કર્ત્તા

પટેલ હરીભાઈ દલપતરામ.

અમદાવાદ.

આવૃત્તી ૧ લી. પ્રત ૧૦૦૦

સન્ને ૧૯૦૯ સંવત ૧૯૬૫

મૂલ્ય આઠ આના.

મોહબત કીજે મર્દસું કબહુ આવત કામ,
શિર સાટે શિર દેતહૈ દુ:ખીયનકો વિશ્રામ;
દુ:ખીયનકો વિશ્રામ દુ:ખ અમને કર ઝીલે,
મીટે ન જબ લગ તાહી અપનો કર ઢીલે;
કથે સુ કવિયાં કાન સત સેં કીજે સોબત,
કબહુ આવત કામ મર્દ સેં કરના મોહબત.

અમદાવાદ.
ગ્રંથોદય પ્રીન્ટીંગ પ્રેસમાં છાપી
પ્રસિદ્ધ કર્યું.

નમેં નમેં મેં ફેર હે, બાર નમે નાદાન;
દગાબાજ દોરા નમે, ચિત્તા-ચોર-કમાન.

નાદાનકી દોસ્તી, જીવકા જાન.

નાદાન દોસ્ત કરતાં દાનો દુશ્મન સારો.

અનુક્રમણિકા.

॥ ૐ ॥

વિશ્વપ્રભા.

ઉર્ફે

ભેદ ભરેલું ખુન.

પૂર્વાર્ધ.

પ્રકરણ ૧ લું.

સ્મશાનમાં પેટી.

પ્રિય વાંચનાર, મોહિની નગરનું ભયંકર સ્મશાન વાર્તાની શરૂઆતમાં આપણી નજરે પડે છે. એક યૂવાન કોદાળી વતી ખાડો ખોદતો—વારંવાર ભય ભરેલી નજરથી આસપાસ જોતો, ઉંડા નિઃશ્વાસ મૂકતો, શ્રમિત વદને ને થરથરતે પગે બનતી ઉતાવળથી કામે લાગેલો છે. તેનાથી થોડે છેટે એક પુખ્ત ઉમ્મરનો ગંભીર મુખાકૃતિનો ઠરેલ પુરૂષ એક નકશીદાર પેટી ઉપર બેઠેલો છે, ને પેલા યુવાનને ઘડીકમાં ધીરજ આપતો અને ઘડીકમાં કાન દઇ કંઇ પણ અવાજ આવતો હોય તો તે સાંભળતો ચીંતાતુર ચિત્તે બેઠેલો છે. આ વખતે રાતના ત્રણ વાગી ગયા છે. મેઘલી રાત જામી છે, ઝરમર ઝરમર મેહુલો વરસે છે, ઠંડો .પવન વાય છે, થોડે છેટે નદીમાં આવેલું નવું પાણી ખળખળ કરતું વહે છે, પાણી ભરાઇ રહેલા ખાડાઓમાં દેડકાં બોલી ભયંકર

દેખાવમાં વધારો કરી રહ્યાં છે, તમરાંના કર્કશ અવાજ તથા ફોસફરસ હવાથી થતા ભડકા પેલા યુવાનની હીંમતને હરાવી નાંખે છે, પણ પેલો પુખ્ત પુરૂષ ધૈર્યસૂચક વચનોથી ખાડો જલદી ખોદવાનું સ્મરણ કરાવતાં બોલ્યો કે,

"જેમ રાત જાય છે તેમ ભય વધુને વધુ પાસે આવે છે માટે જલદી કર જલદી કર.

"મહીધર કાકા મારાથી બનતી ઉતાવળ કરૂં છું. પણ લાચાર ! હવે હું છેકજ થાકી ગયો છું. મેં મારી આખી ઉમરમાં આવી મહેનત કદી કરી નથી" યુવાન ખાડો ખોદતો બોલ્યો.

"બેટા સુમતિ, ગભરા નહીં. માણસના મનની કસોટી કરવાનો વખત વારે ઘડીએ આવતો નથી. આજે માથે ઝઝુમી રહેલી આફતમાંથી તને હું સહી સલામત બચાવી શકું તો મારા જેવો કોઇ નશીબદાર નહીં." મહીધર ખાડામાંની ધુળ કાઢતો બોલ્યો.

"તે ખરૂં છે. આપ મારે માટે આફતમાં ઉતર્યા છો એ વાત હું સમજું છું. પણ હવે હીંમત રહી શકતી નથી. ભયની કંપારી ખાતો, વાળ ઉંચા ચડાવતો સુમતિ બોલ્યો.

"ફિકર કર નહીં. જો સાંભળ ગામના ટાવરમાં ચારના ટકોરા થયા.

"હવે આપણે શું કરીશું ? કોઇક આવી જશે તો ! !

"કોઇ આવનાર નથી. ખાડો ખોદાઈ રહ્યો છે, પેટી ઉઘાડ." એમ બોલી છલંગ મારી મહીધર ખાડામાંથી બહાર નીકળ્યો અને પેટી સુમતિએ ઉઘાડી હતી તેમાંથી

એક લોહીથી ભીંજાયલી નવ યૌવનાને બંને જણે મળી પેટીમાંથી બહાર કાઢી ખાડામાં નાંખવા સારૂ ઉપાડી તેવો વીજળીનો ચમકારો થયો. તેના પ્રકાશથી પેલી સુંદરીના ખુબસુરત અંગ ઉપર બંનેની નજર પડી. આવી લલીત વયના હમેશને માટે આ દુનિયાં ઉપરથી ગેબ થઇ વિશ્વની શોભારૂપ એની કાન્તિ અત્યારે કરમાયલી જોઇ બંને જણાએ એક સાથે નિઃશ્વાસ મૂકયા તેવાજ કુદરતી રીતે બંનેના હાથ ક્ષણભર અટકયા. પણ પોતાને માથે આવી પડેલા ભયની વાતનું સ્મરણ થતાં તુરત આગળ વધ્યા. ને ખાડા ઉપર ઉભા રહી બંનેએ સાથે આ સુંદરીના શબને સુવારી ઉપર સુમતિનો ખેસ ઓઢાડી માટી નાંખી ખાડો પૂરી દિધો. અને જાણે પોતાના કામમાં ફત્તેહ પામ્યા હોય તેમ છાતી ઉપરનું વજન ઓછું થયું લાગ્યું. ત્યાં આકાશમાં મેઘ ગર્જના જોરથી થઇ. તે જાણે ફત્તેહના સૂચનરૂપે થઇ હોય તેમ બંનેએ માન્યું, ત્યાં આઘે કંઇક ખડખડાટ થતો સંભળાયો. બંનેના કાન ચમકયા. ભયથી આસપાસ નજર ફેરવવા લાગ્યા ત્યાં થોડે દૂર એક ઝાડના ઓથમાં કંઇક કાળી આકૃતિ માલૂમ પડી. ‘ આ શું હશે ’ એવી કુતુહળતા સુમતિને થઇ. પણ મહીધર જેને આવા વિકટ પ્રસંગો અનેક વખત વેઠવા પડયા હતા તે જોઇ નક્કી કરવા આગળ વધ્યો ને પાસે જતો ગયો તેમ તેમ પેલું જનાવર વધુને વધુ પાસે આવવા લાગ્યું. લગભગ ત્રણ ચાર હાથ દૂર રહ્યું ત્યારે તેને માલૂમ પડયું કે મેં અહીં પાસે આવવામાં બહુજ મહોટી ભૂલ કરી છે. પેલું જનાવર પાછલા બે પગે ઉભું થઇ ગયું. તેવુંજ મહિધરને જણાયું કે પોતે “ રીંર

ખોદિયા " નામના ઘાતકી જનાવરના સપાટામાં ફસાયો છે. એકદમ ભયથી બૂમ પાડી સુમતિને મદદે બોલાવ્યો ને વિશેષમાં કહ્યું કે પેલી ચીતામાંથી બળતું ઉંબાડીયું લઇ ઝટ આવ. સુમતિએ કોઇ દિવસ આ જનાવરનું નામ પણ સાંભળેલું નહીં તેથી હીંમત કરી એક ચીતા જે હજુ બળતી હતી તેમાંથી બળતું લાકડું લઇ જોરથી દોટ મૂકી એકને બદલે બે જણુને જોયા અને તે પણ અંગાર સાથે એટલે પેલું જનાવર આઘું ખશી ગયું. મહિધર તથા સુમતિ આ તકનો લાભ લઇ સ્મશાન બહાર નીકળી ગયા. દૂર ગયા એટલે શ્વાસ નીચો બેસતાં સુમતિ બોલ્યો. મહીધર કાકા એ જનાવરનું નામ શું ?

" એનું નામ ઘોર ખોદીયું." નાનાં બચ્ચાં જે ખાડાઓમાં દાટયાં હોય તેને એ કહાડી જાય છે તેમજ કબરસ્તાનમાં દાટેલાં મુડદાંને પણ એ કહાડી ખાઇ જાય છે. તે હમેશાં આવી જગ્યાઓમાં ફર્યા કરે છે. ને રાત વખતે એકાદ માણુસ હોય તો તેને પણ મારી નાંખવાની એ શક્તિ ધરાવી શકે છે.

" જીવતા માણુસને કેમ કરી મારી શકે ?

" તે પાછલા બે પગે ઉભું થઇ સામા આવતા માણુસને ગળે વળગી પડી, આંખોમાં નોર ભરાવી અંધ કરી, પછાડી મારી નાંખી પોતાના કોતરમાં ઘસડી જાય છે. આપણે એના ફંદમાંથી બચ્યા તે પૂરા નશીબદાર નહીંતો ભોગ મળત ?

" પ્રભુનો પાડ, હવે આપણે કયાં જઈશું ?

" નદીમાં નાહી જૂદે જૂદે દરવાજેથી ઘેર.

" ઠીક ચાલો.

એમ બોલતાં બંને નદીમાં ઉતરી નાહી ઘર તરફ ગયા. સુમતિ સરિતાના ટાઢા જળે સ્નાન કરવાથી તેમજ ઠંડા પવનથી જેમ શરીરે ધ્રૂજતો હતો તેમજ તેના અંતરમાં ભય અને ત્રાસ એટલાં વ્યાપિ ગયાં હતાં કે તેનું ભાન ભૂલાઇ ગયું હતું. તે ઘેર તો ગયો પણ મુંઢ જેવો બની ગયો હતો અને એક રાતમાં આ બધું શું બની ગયું અને હવે શું થશે તેના વિચારમાં પડી ગયો.

પરમાર્થ વૃત્તિ સંપન્ન મહિધર આફતને સન્મુખ દેખતો હતો. પ્રભાતે આવનાર પરિણામનો તેને ખ્યાલ હતો પણ પ્રતિજ્ઞા પાળતાં પ્રાણ જાય તેની તેને દરકાર નહોતી તેથી ધીરજ રાખી જે થાય તે જોવું એજ તેનો માનસિક ઉદ્દેશ હતો.

પ્રકરણ ૨ જું.

વિશ્વપ્રભા.

મોહિની નગરના નગરશેઠ મણિમુખની એકની એક એક લાડકવાઇ પુત્રી, અને ત્યાંનાજ લક્ષાધિપતિ શેઠ કેયુરકની પત્ની વિશ્વપ્રભા સૌંદર્યમાં નગરના ભૂષણ રૂપ હતી. કનકના જેવી કાન્તિ વાળી વિશ્વપ્રભા જ્યારે સુંદર વસ્ત્રાભૂષણ સજી કવાચત બહાર દેવ દર્શને નિકળતી તે વખતની તેણીની ખુબસુરતી જોઇ સઉ કોઇ એમ કહેતું કે આ કારમું અદ્ભૂત લાવ-

ણ્ય વિશ્વરૂપી નાટય ભૂમિમાં અચિંત્ય વેશ ભજાવશે. સુગંધીત સ્તન ભારથી કંઇક નમેલી, મદના નળથી તપેલી, ક્રિડા પ્રભાવથી કંપિત થએલી, ચાલવાથી શ્રમિત બનેલી, દંતોષ્ટથી પિડા પામેલી, રાજહંસી સમ ધીમે ધીમે પગલાં ભરેલી, સંપૂર્ણ યૌવન મદથી છકેલી, કોઇ ગંધર્વ-યક્ષ, કિન્નર કે વિદ્યાધર સૂતા હોય તેવી દિવ્યતા પામેલી, કદાચિત મંદ હાસ્ય કરતી, કે પૂજન થાળ લઇ દેવીના પૂજન અર્થેબહાર જતી આવતી, કે હાર ગુંથતી, ચંદન ચર્ચતી, કેશ ગુંથતી વેણી સજજ કરતી નજરે પડતી ત્યારે જોનાર તદ્રુપ થઇ જતો. પોતે કયાં ઉભો છે, શું જુએ છે, વિનય એ શું વસ્તુ છે, નીતિ કયાં વસે છે, તેનું ભાન ભૂલી જતો. સર્વથા આસુંદરી વશ થઇ જતો કુદરતી રીતે પરાધીન બની જતો.

આ સ્થુળ નિતંબવતી વિશ્વપ્રભાનો વિવાહ પૂર્વે કહેવામાં આવ્યું છે તેમ ગર્ભ શ્રિમંતના ભોગવતા કેયુરક સાથે કર્યો હતો. પણ આ શશિ વદનાને યોગ્ય એ નહોતો એ સ્વભાવે છાકટો, વ્યસની, દુરાચારી ને ઘાતકી હતો. તેનાથી લલિતાંગીનું પાનું પડેલું હતું તેથી તેણી સદા મનમાં મુંઝાતી હતી. અને કોઇ સદ્ગુણી, સ્વરૂપવાનમાં તેનું મન ભમ્યા કરતું હતું. આંખ તેવા નરને શોધતી હતી, અંતર તેવા નરથી વિલાસ કરવા તત્પર થઇ રહ્યું હતું. તેણી સ્વરૂપ ગર્વિતા હોવાથી કુદરતથી બક્ષીસ મળેલું સૌંદર્ય કોને બતાવી છાતી ઠારૂં, પ્રાપ્ત થએલું નૂતન યૌવન કયાં ભોગવી અંતરનો અસંતોષ દૂર કરૂં, તેની વિમાસણ કર્યા કરતી લાજની મારી કોઇને કહી શકતી નહીં તેમજ મોટા ઘરની કુળવધુ હોતાં જાતે ઘર

બહાર નીકળી કે બારીએ પણ ઉભી રહી એવો કોઇ મનનો માન્યો શોધી શકતી નહીં. તેણીની આ મૂંઝવણ ઘણો લાંબો સમય ચાલી. છેવટે તેની હદ આવી તેના રાત્રિ દિવસ પરિચયમાં રહેનારી તેના પ્રાણથી પણ અધિક સખી ઇન્દિરા આ ભેદ ચેતી ગઇ. એક દિવસે તેણીએ મનના ઉભરા મનમાં નહીં સમાઇ શકવાથી તેમજ કોઇ પાસે નહી કહી શકવાથી એક કાગળ ઉપર પ્રદર્શિત કર્યા હતા તે વાંચી ગઇ; તેમાં લખ્યું હતું કે " સ્ત્રીઓનાં મનનાં દુઃખો સ્ત્રીઓજ સહન કરી શકે. એ દુઃખો જેમ પુરૂષો સમજી ન શકે, તેમ સહન પણ કરી ન શકે. એ વાતમાં સ્ત્રીઓ કરતાં પુરૂષો નબળા છે. બીજી બધી વાતમાં તેઓ સબળા છે, અને સ્ત્રીઓ અબળા છે યોગ્ય આધાર વીના ઉભી ન રહી શકતી અને સ્વભાવાદિક રીતે નમવાનો સ્વભાવ ધરાવતી, નવ પલ્લવિત વેલા નબળા આધારથી દુઃખી રહે અને સબળ આધાર શોધવા તરફ વળે તેમાં શું આશ્ચર્ય ! ! હું પણ તેમ કરૂં તો ખોટું શું ! ! ! "

આ પત્ર વાંચી ઇન્દિરા, વિશ્વપ્રભાનો મનોભાવ સમજી ગઇ હતી ને તેણીના જૂદા જૂદા પ્રસંગે નિકળતા અસંતોષના ઉદ્દગાર સાંભળી સઘળો ભેદ પામી ગઇ હતી.એક પ્રસંગે આકાશમાં વાદળાં વિખરાઇ ગયાં હતાં, ઉત્તર દીશામાંથી મધુરો પવન આવી વિશ્વપ્રભાનાં અંગોનું મર્દન કરતો—છુપાતો સર્વાંગમાં પ્રવેશતો હતો, સુડાપંખી સાડીને ઉરાડતો હતો, કામાગ્નિથી બળતી અબળાને વિશેષ બાળતો હતો, તેણીના કામ વેગને અધિક પ્રજ્વલિત કરતો હતો આ સમયે વિશ્વપ્રભા સામે ટેબલ

ઉપર ગોઠવેલા આયનામાં જોતી, કેશ સમારતી ઉભી હતી ત્યાં ઇન્દિરા આવીને વિશ્વપ્રભાનું કમળ વદનનું પ્રતિબિંબ તકતામાં પડેલું જોઇ–સમય સુચકતા વાપરી બોલી.

"સખી મુખ તો ખરેખર ખિલેલા કમળ સદૃશ્ય દેખાય છે, પણ તેવાજ ભોગી ભ્રમરને અભાવે કંઇક કરમાયલું લાગે છે.

"હેં ! પણ તેં તે કેમ જાણ્યું ! અધિરી થતી વિશ્વપ્રભા બોલી.

"એટલુંય ન સમજીએ તો પછી તારી પાસે રહેવાયજ કયાંથી ?

"ત્હેં મારા મનની વાત ઠીક વરતી કાઢી પણ શું થાય ? !

"તારી મરજી હોય તો એક વાત કહું.

"કહેતો ખરી તે શી વાત છે ?

"ના પણ વખતે તું મારૂં માન ન રાખે તો ? ! ! શંકા બતાવતી–મોંઘી થતી ઇન્દિરા બોલી.

"તેમ નહીં કરૂં. લે આ વચન પછી કાંઇ.

"ઠીક ત્યારે જો સાંભળ. મારા મનમાં ઘણા દીવસથી વિચાર થતો હતો કે કાગડો દહીથરૂં લઇ ગયો છે. પણ કોઈ માન સરોવર ઉપરના રાજહંસ લાયક મારી સખી છે. તેથી હું છુપી રીતે સઘળે તપાસ કરતી હતી. છેવટે મારી નજરમાં એક હંસ આવ્યો છે કે'તો કહું

"ત્યારે હવે વાર શિદને કરે છે ! બળ્યું વ્હેન આમ અધીરી તે શાને કરે છે ? ! તે કોણ છે ?

"પેલા હરિભુજ શેઠનો પુત્ર સુગતિ–

" હા. હા. છે તો કનૈયા જેવો પણ કેમ બને ?

" મારા વિચારમાં તો એમ આવે છે કે પ્રથમ તારી પેલી છબી અને વિનયનો કાગળ લખી તેને મોકલવાં, અને પછી સાક્ષાત્ મળવું.

" પણ કેમ કરીને મળશે.

" તે સગવડ હું કરી આપીશ અત્યારે તું કાગળ લખ. હુ છબી નીચે ઉતારૂંછું.

" ઠીક " કરી ઉત્સાહમાં મદનના વેગમાં આવેલી, સાંસારિક પ્રપંચથી બીન અનુભવી બાળા પ્રેમપત્રિકા લખવા બેઠી.

" પ્રિય નેત્રમણિ–

જેમ કમલિની રવિને દેખીને સોળે કળાએ ખીલી જાય છે, તેમ હું આપને દેખીને ખીલી ગઇ છું. અને જેમ છીપ સ્વાતિ જળને ઇચ્છે છે, તેમ હું આપના પ્રેમામૃતને ઇચ્છુંછું. અને તે માટે જેમ ચકોરી ચંદ્ર ભણી સુરત સાંધી જોયાં કરે છે તેમ હું આપના મેળાપની રાહ જોયાં કરૂંછું. બપૈયાની મેઘ પ્રતિ જેવી ચાહના હોય છે, તેવીજ મારી ચાહના આપ તરફ થઇ છે. આપને હું મારા મણિધર સમજું છું અને હું આપની મોરલી થવા આતુર છું. તેથીજ જેમ જળ વિના મિન તલસે તેમ હું આપના વિના તલસુંછું. મારા હૃદયમણિ, મયુર ગગન ઘન દેખી જેમ પ્રસન્ન થાય તેમ હું આપને મળીશ એવા વિચારે પ્રસન્ન બનીછું માટે ઓ ભોગી ભ્રમર મને કમલીની સમજી મારા તરફ ઉડીને આવજો અને આપના વિના તલસતી અબળાને ઉગારજો આપ નક્કી માનજો કે મારો પતિ રૂપી ચંદ્ર કદી સોળ કળાએ

પ્રકાશશે તોપણ જે કમલિની સૂર્ય પ્રકાશથી ખીલવાને સરજાયલી છે તે કદી ચંદ્રથી ખીલસેજ નહી. સાગરની મધ્યમાં રહેતી પણ મેઘનું મીષ્ટ જળ પીવાના સ્વભાવ વાળી શુક્તિ, કદી ખારૂં જળ પીશેજ નહીં. જેમ મયુર દેહ પિડાની દરકાર કર્યા વિના મેઘને ચાહે છે તેમજ મારૂં સમજજો. ભમરામાં ભરમાયલી મકલન્ન કદી ચંપા વનને ચહાશે નહીજ તેમજ સુગંધી પવનથી હર્ષીત થશે નહીં તેમ મને અહીં ચ્હાય તેવી સાહેળી છે પણ આપના વિના હું અન્યને ભજનારી નથીજ માટે થોડું લખ્યું ઘણું માની મારા મનની આશા પૂરવાની મતલબનો જરૂર પત્ર પાઠવજો મારી પ્રીતિના ચિન્હરૂપે મારી છબી આ સાથે મોકલી છે તે સ્વિકારી આભારી કરશો. લી.

આપનીજ

ચર્ણરજ દાશી—વિશ્વપ્રભાના પ્રણામ ”

પત્ર લખી—ઇન્દિરાને સંભળાવી એક સુંદર સોનેરી કવરમાં છબી અને એ પ્રેમ—પત્ર બીડી સરનામું કરી ઇન્દિરાને ટપાલમાં નાંખવા આપ્યો. ઇન્દિરા લઇ સોડીઆમાં સંતાડી ચાલી ગઇ. જતી ઇન્દિરાને કાર્ય સહાયક ગણી અભિનંદી કાર્ય સિદ્ધ થયું જાણી પ્રસન્નવદને વિશ્વપ્રભા પલંગમાં પડી ને આનંદી તરંગમાં ઉછળવા લાગી—

પ્રકરણ ૩ જું.

પત્ર ગુમ થયો.

ઇન્દ્રિરા પત્ર ટપાલની પેટીમાં નાંખી ઘેર ગઇ. પાછળથી પેટી ખોલવા કેશરી નામનો પોસ્ટમેન આવ્યો તેણે આ વિશ્વપ્રભાનો પત્ર વજનદાર હોતાં તેના તરફ તેનું કુદરતી રીતે ધ્યાન ખેંચાયું. બારીકીથી જોતાં કોઇ સ્ત્રીના જેવા કાચા અક્ષર જોઇ માંહે શું હશે તે જાણવાની જીજ્ઞાસા બળવતી થઇ તે પત્ર લઇ ખીસામાં મૂકી બીજા કાગળો લઇ પેટી બંધ કરી પોસ્ટ ઓફીસે ગયો ને ફરજનું કામ થઇ રહ્યા બાદ વખત મેળવી પેલો વિશ્વપ્રભાવાળો પત્ર એકાંતે ખોલી વાંચી જોયો. વાંચતાં વાચતાં અનેક વિકાર અનુભવવા લાગ્યો. વિચિત્ર વિચારના દમળમાં ગોથાં ખાવા લાગ્યો. છેવટે કોઇ નવીનજ યુક્તિ હાથ આવી હોય, અને વિશ્વપ્રભાને સાપાટામાં લેવી એ જાણે એક નાના છોકરાની રમત હોય તેમ ખુશી થઇ ગયો. ને વખત આવે તેનો લાભ લેવાની ઉમેદથી કાગળ તથા છબી સાચવીને રાખ્યાં.

કેસરી પોષ્ટમેન એક તાલીમબાજ માણસ હતો. તે ઘણા વખતથી પોષ્ટ ખાતામાં નોકર હતો અને આવાં કાવતરાં પકડવામાં—પકડી તે દ્વારા વિવિધ મતલબો પુરી પાડવામાં ઉસ્તાદ બન્યો હતો. એક વખત કોઇ કામુક પુરૂષે તેની પ્રિયતમાને ઝેરનું પડીકું તેના પતિને ખ-

વરાવવા મોકલેલું તે ભેદ આ કેસરી વજન ઉપરથી ચેતી ગયો ને લખનાર પાસેથી પોતે ધારેલો લાભ લઇ શક્યો હતો. તેવીજ રીતે તેણે આ વખત વિશ્વપ્રભા જેવી મન્મોહિની પરી હાથમાં આવતાં ખુશી ખુશી થઇ ગયો હતો. કોઇપણ માણસની નબળાઇ જ્યારે લુચ્ચા લોકોના જાણવામાં આવે છે ત્યારે તે માણસ તેના હાથમાં એક રમકડા જેવો થઇ જાય છે. પછી તે સ્ત્રી હોયા પુરૂષ હો તેવીજ રીતે આ વખત પણ બનવા પ્રસંગ આવી પહોંચ્યો હતો દુનિયાના પ્રપંચથી બીન અનુભવી પ્રેમઘેલાં મનુષ્યો ઘણી વખત આવા પ્રપંચનો ભોગ થઈ પડે છે તેમાંનો આ એક દાખલો બનવાની અણી ઉપર વાત આવી ગઇ હતી. હવે જોઇએ છીએ કે ભવિષ્યમાં શું થાય છે. મનુષ્ય ધારે છે કાંઇક અને ઇશ્વર કરે છે કાંઇક—

પ્રકરણ ૪ થું.

આશામાં.

પત્ર ટપાલમાં નાંખ્યો ત્રણ ચાર દિવસ વિતી ગયા છતાં પ્રતિઉત્તર નહીં આવવાથી વિશ્વપ્રભા ચિંતાતુર થઇ ગઇ હતી. અને અનેક ઘાટ ઘડતી હતી. “ શું એમણે મારા કાગળનો અનાદર કર્યો હશે ! કે શું મને સાહસિકને અમર્યાદિત ધારી હશે ?

શું કાગળ કોઇ તેમના મિત્રને બતાવ્યો હશે અને તે-મણે એમનું મન ફેરવી નાખ્યું હશે ! કે પછી કાગળ-જ વચ્ચેથી ગુમ થયો હશે ! ઇન્દિરાએ મારી પરીક્ષા કરવા આ પ્રપંચ જાળ પાથરી હશે ! હાય હાય ! બહુ ખોટું કર્યું; તેમની પ્રત્યક્ષ કે પરોક્ષ પરીક્ષા કર્યા વિનાજ પત્ર લખ્યો તે ભૂલ કરી. પણ હવે શું થાય ! ગમે તેમ કરીને પણ એમને મળીને પણ પત્રનો ભેદ તો જરૂર મેળવવોજ જોઇએ નહીંતો ગજબ થાય. મારાં સાસ-રીયાં કે મારા પિયેર પક્ષનાં કોઇ જાણે તો મારે મરવું પડે ! ” એમ વિમાસણ કરતી સુંદરી ટપાલવાળાને આવવાને વખતે નજર રાખી આશામાં ને આશામાં બે-શી રહેતી. જ્યારે પોસ્ટમેનને દેખતી ત્યારે સવેગ સા-મી આવતી જાણે કે પત્ર હોય તે આપે તેવી આતુરતા દેખાડતી પણ નિષ્ફળ. આમ ઘણા દિવસ ચાલ્યું અન્તે ખુબ અકળાઇ તેથી મનની અમુઝણ ઇન્દિરા આગળ કાઢી. તેણીને આશા આપી શાન્ત કરી પણ તેણીના મનનું જોઇએ તેવું સમાધાન થયું નહીં. તેવામાં એક દિવસ મેલમાં આવેલા કાગળો ભેગો “ સૌભાગ્યવતી વિશ્વપ્ર-ભા ” ના સિરનામાનો પત્ર આવ્યો. પોતાનું નામ વાંચી પત્ર છાનો માનો કંચુકીમાં ઘાલી લીધો ને ગુપ્ત હરખા-તી–છલકાતી–મલકાતી મેડી ઉપર ચડી. તેનાં બાર અં-દરથી વાશી કાગળ બહાર કહાડી, ફોડી વાંચવા લાગી.

“ સૌંદર્ય મુર્ત્તિ વિશ્વપ્રભા.

“ એક ઘણાજ અગત્યના કામે આજ સાંજે મને ત-મો હવેલી મંદિરના આગળના ખાંચામાં મળજો.

લિ.

તમારૂં ભલું ચ્હાનાર
કેસરી-પોષ્ટ મેન.”

કાગળ વાંચી વિશ્વપ્રભાતો આભીજ બની ગઈ. સર્વાંગે પાણી પાણી થઇ ગઇ. છાતી જોરથી ધડકવા લાગી. મ્હોંએ શેરડા પડી ગયા. હાથ પગ ધ્રુજવા લાગ્યા. પત્ર પડી ગયો, ને એક હાથની અંગુલી હોઠે મુકી વિચાર કરવા લાગી કે “કેસરી બહુજ લુચ્ચો માણસ છે, નક્કી એને હાથ મારો પત્ર આવ્યો હશે. તેથી તે મને મળવા ઈચ્છતો હશે ! હવે મળવા વિના છુટકો નથી. વખતે પત્ર બીજાને બતાવે તો મારી આબરૂના કાંકરા થાય માટે ગમે તેમ કરી પત્ર હાથતો કરવો. આજ સાંજે ગયા શિવાય છુટકો નથી. એ જે માગશે તે આપીશ પણ પત્રતો હાથ કરીશ પછીની વાત પછી. એમ મન સાથે ઠરાવ કરી ભાગલે પગે નીચે ઉતરી જમી સાંજ થવાની કેસરીને મળવાની–મળી પત્ર હાથ કરવાની ચિંતામાં પડી.—

પ્રકરણ. ૫ મું.

પ્રસ્તાવો.

વિશ્વપ્રભા જેમ તેમ કરીને વખત વિતાવતી હતી ને સાંજ પડવાની વાટ જોતી હતી ત્યાં ઇન્દિરા આવી–તેના આગળ બધી વિતક વાર્ત્તા કહી. તેણીનો અભિપ્રાય પુછવા લાગી. ઈન્દિરા બોલી.

" મેં તો કાગળ પેટીમાં નાંખ્યો હતો ત્યાંથી કેસરીને હાથ આવ્યો હોય તો કોણ જાણે !

" ત્યારે હવે શું કરવું ?

" જેમ તેમ કરીને પત્ર હાથ કરવો.

" ત્યારે આજ સાંજે તેને મળું ?

" હા. હા. જરૂર. હું પણ તારી સાથે આવીશ. આપણે અહીંથી સાથે દર્શને જઈશું. પછી તું વાત કરી લેજે ને હું મંદિરમાં બેશીશ ત્યાં તું આવી પહોચજે.

" તે ઠીક. પણ મારી હીંમત ચાલતી નથી.

" તેથાં શું ? એટલી પણ વિજારીન આવડે તો પછી આપણે શું કરી શકવાનાં ?

" ઠીક. ત્યારે આજે સાંજે સાથે જઇ શું. એમ વાર્ત્તા વિનોદ કરી દર્શન કરવા જવાનાં લૂગડાં પહેરી વિશ્વપ્રભા તૈયાર થઇ બહાર આવી તો જાણે ઇંદ્રની પરી ! પ્રથમના સંકેત મુજબ ઇન્દિરાને સાથે લઇ દર્શન કરવા બંને સહીયરો સાથે ચાલી ને હાથણીની ચાલે ચાલતી ચંચળ નયને નિહાળતી અનેક પુરૂષોનું ધ્યાન ખેંચતી–ખુબસુરત સ્રીઓના રૂપનું માન મુકાવતી, હવેલી મંદિરના ખાંચા આગળ આવી તો કેસરી વાટ જોઇને ઉભો હતો તેણે ત્યાં આગળના એક ડોશીના ઘરમાં આવવાની ગુપ્ત ઈશારત કરી. તે આ ચતુરા ચેતી ગઇ ને ગરજની મારી ઘરમાં ગઈ. કેસરી જાણે પરિચિત માણસ હોય તેમ છુટથી વાતો કરવાનો પ્રસંગ શોધવા લાગ્યો. વિશ્વપ્રભા ધારેલે સ્થળે ગઇ જાણી ઇન્દિરા મંદિરમાં ગઇ ને કઠેડે ચ્હડી દર્શન કરી ઘર સામી નજર માંડી ઉભી. ડોશી બહાર ઓસરીમાં ચોકી કરવા બેઠી

અને કેસરી તથા વિશ્વપ્રભા વાતોએ વળગ્યાં.

કેસરી–વિશ્વપ્રભા મારે તમને શા માટે તસ્દી આપવી પડી છે તેનું કારણ તમે સમજ્યાં છો ?

વિશ્વપ્રભા–બીલકુલ નહીં શું છે તે ઝટ કહો.

કેસરી–પણ તે પહેલાં મને વચન આપો કે હું જે વાત કહું તે તમો ગુપ્ત રાખી શકશો તેમજ મારી માગણી કબુલ કરી શકશો.

વિશ્વપ્રભા–આગળથી બંધાઉ તો નહીં. પણ મારાથી બને તેવું હશે તો કરીશ.

કેસરી– ઠીક (સ્વગત) એટલી કબૂલત પણ ઘણી છે. (પ્રકાશ) તમે સુમતિને પત્ર લખ્યો છે ?

વિશ્વપ્રભા–(સ્વગત) કલ્પેલી વાત આગળ આવી. ઠીક છે જોઉંછું શું કહે છે ? (પ્રકાશ) હા. પણ તે પત્ર ક્યાં છે ?

કેસરી–(પત્ર કહાડી–દેખાડી) જુઓ આ રહ્યો. આજ કે બીજો !

વિશ્વપ્રભા–(અક્ષર ઓળખી) ઘણું કરીને એજ પણ લાવો જોઈ, નકકી કરી લઉં.

કેસરી–હાથમાં આપે એ બીજા. આ છબી પણ તમારી કે નહીં ?

વિશ્વપ્રભા–(ભડકી) હા. એજ મારી છબી પણ આ બધું તમારી પાસે આવ્યું ક્યાંથી ?

કેસરી–ગમે ત્યાંથી તેનું તમારે શું કામ ?

વિશ્વપ્રભા–કામ કેમ ન હોય ? તમે ટપાલનો ગુન્હો કર્યો છે.

કેસરી–પણ તે પહેલાં તમે ગુન્હો કર્યો છે.

વિશ્વપ્રભા શો ગુન્હો ?

કેસરી–પર પુરૂષને પ્રેમનો પત્ર લખ્યો છે તે.

વિશ્વપ્રભા–તે તમે રાખી શો લાભ લેવા ઈચ્છા રાખો છો ?

કેસરી–જો તમે મારૂં મન નહીં મનાવો તો આ પત્ર તથા છબી તમારા પતિ કેયૂરકને બતાવી તમારો સંસાર ધુળ મેળવી દઇશ એટલુંજ નહીં પણ તમને આખા શહેરમાં ફજેત કરીશ.

વિશ્વપ્રભા–(ચમકી પણ હીંમતથી) તમારૂં મન કેમ માને તે જણાવશો ?

કેસરી (સહજ) હા. તમે જાણો છો કે અમારો પગાર બહુજ ટુંકો હોય છે તેથી આવા રોજગાર ઉપર અમારો નિભાવ થાય છે માટે એક સો રૂપીયા આપો તો આ છબી ને પત્ર બંને આપને આપી દઉ ને આ વાત અહીંજ દાટી દઉં.

વિશ્વપ્રભા–(નિશ્વાસ નાંખી) અત્યારે મારી પાસે નથી કાલે આવું તો !

કેસરી–ઠીક. કાલે આપજો. જ્યારે આપશો ત્યારે આ બંને વસ્તુઓ તમને હું આપીશ.

વિશ્વપ્રભા–(લાચાર બનીને) ઠીક ત્યારે આવજો પણ આ વાત તદન ગુપ્ત રાખજો.

કેસરી–તેની તમારે ચિંતા રાખવી નહીં. માત્ર સુમતિ વિના બીજું કોઇ આ વાત જાણતું નથી.

વિશ્વપ્રભા–(સઆશ્ચર્ય) શું આ છબી ને પત્ર તમે તેમને બતાવ્યાં છે ?

કેસરી–જી. હા. તે મારા મિત્ર છે. તે બધી વાત

જાણે છે અને તમને આજ મધ્ય રાતે તેમની દુકાને મળવાનું મને સૂચવ્યું છે. માટે ત્યાં જજો (સ્વગત) જાય ને સપડાય તો ઠીક પૈસા પડાવી શકાય !

વિશ્વપ્રભા–શું આવાત સાચી છે? મને ત્યાં બોલાવી છે?

કેસરી–હા. હા. ખરી વાત છે. હું જુઠું તો કદી બોલતોજ નથી.

વિશ્વપ્રભા– ઠીક લ્યો બેસો હવે હુ જઇશ.

કેસરી–બહુ સારૂ તસ્દી પડી તે માટે માફ કરજો.

વિશ્વપ્રભા–ફીકર નહી.

એમ કહી ગુપચુપ બહાર નીસરી મંદીરમાં ગઇ. દર્શન બંધ થઇ ગયાં હતાં. ઇન્દિરા રાહ જોઇ જોઇને થાકી એટલે તેણીને મોડું થાય તો તેનો પતિ લઢે એવી બીકથી ઘેર ચાલી ગઇ હતી. મોડું થવાથી વિશ્વપ્રભાને શોધવા માણસ આવ્યું હતું, તે હવેલીમાં ફાંફાં મારતું હતું, ત્યાં વિશ્વપ્રભાને દીઠી એટલે મળી ઘેર ચાલવા સૂચવ્યું મુંગી મુંગી વિશ્વપ્રભા ઘેર ગઇ. મોડું થવાના કારણમાં પેટમાં ચુંક આવવાથી એક જગ્યાએ બેશી ગઇ હતી, તે જણાવી વાળુ કર્યા વિના મેડીએ ચ્હડી–વિચાર વશ અવસ્થામાં પલંગમાં સૂતી ખરી પણ ઉંઘ આવી નહી. હવે શું કરવું ? રૂપીઆ આપ્યા વિના કાગળ મળશે નહી ? એટલુંજ નહી પણ ફજેતી થશે માટે રૂપીઆ આપી પત્ર તથા છગી હાથ કરવાં તો ખરાં. બીજી બાજુ સુમતિએ આવવા કહ્યું છે તે જવું કે નહી ? જાઉં તો કેવી રીતે ? ન જવાય તો આશા ભંગ થએલો વખતે હાથમાંથી છટકી જાય તો શું કરવું એટલુંજ નહી પણ વાત બીજા કોઇ કને કહે તો મારી હલકાય થાય

ને આબરૂ જાય ત્યારે હવે કરવું શું ?" ઇત્યાદી અનેક તર્ક ઉપર તર્ક કરી ગઇ પણ કાંઇ નિર્ણય ઉપર આવી શકી નહીં. છેવટ ઇન્દિરાને કાલે મળી તેનો ખુલાસો લઇ તે કહે તેમ કરવા ઉપર વાત મૂલતવી રાખી જેમ તેમ કરી તરફડીયાં મારી શરીરના પતિ સાથે સૂઇ ગઇ ઉંઘી ગઇ.

બહકેલ પતિ અન્ય સ્ત્રીમાં આશક્ત હતો, તેને આ સૌંદર્ય દેવીનો કાંઇજ હિસાબ નહોતો—તે દરકાર પણ કરતો નહીં રાત્રે મોડો આવતો ને મરજી પડે તો વિશ્વપ્રભાનો બોલાવતો, નહીં તો પરવા કર્યા વિનાજ સૂઇ જતો. ઘણી ખરી વખત તો આખી રાત છાટાકા ટોળીઓમાં રખડતો, વ્યસન કરતો, ને તાલીમબાજ ગણાતો. આજે પણ તે મોડી રાતે ઘેર આવ્યો હતો ત્યારે વિશ્વપ્રભા નિંદ્રાવશ થઇ હતી તેથી નહીં જગાડતાં પોતે પણ ચકચૂર નિશામાં સૂઇ ગયો હતો.

જે ઘરમાં પતિ પોતેજ પરસ્ત્રીયાસક્ત હોય છે, તેના ઘરની ભામિનીઓનાં અંતઃકરણ ભાગ્યેજ પવિત્ર હોય છે. વખતે શરમાળ હોય છે પણ ભક્તિના કે શરમના પડદા પાછળ અનેક પાપ કર્મો બને છે. તેથી જે પતિઓ પોતે દુરાચારમાં ફસાતા હોય તેઓએ શિક્ષણ લેવું ઘટે છે. જેવી છાયા તેવીજ પ્રતિછાયા ઉઠે છે, તે ભૂલવાનું નથી. પણ અફસોસ એટલોજ છે કે પગ નીચે સળગતો દાવાનળ દેખતો નથી, ને અન્ય સ્થળે આગ ઓલવવા દોડે છે એજ પ્રભુની માયા—

પ્રકરણ ૬ ઠું.

કેસરી ને ઇન્દિરા.

પ્રિય વાંચનાર, ગત પ્રકરણોમાં આપણે જોઇ ગયા છીએ કે કેસરી એક જબરો તાલીમબાજ પુરૂષ હતો, ભોળી ભામિનીઓને ભમાવવામાં અને બની શકે તો તેણીના ગુપ્ત ભેદો જાણી તે દ્વારા દબાવવામાં એક અદ્વિતીય હતો. ઇન્દિરા જન્મથીજ ચંચળ હતી. તે ઉમ્મરમાં આવી ત્યારે કુટુંબમાં કંટક રૂપ અને અન્ય પરિચિત વર્ગમાં દ્રષ્ટિશુળ બની હતી. તેણીને અનેક રીતે સમજાવવામાં આવી હતી પણ એવી છકી ગઇ હતી કે કોઇનો તેણીને મન હીસાબ નહોતો. કર્મસંયોગે વિશ્વપ્રભાની તે સહીયર બની ગઇ હતી ને એક મુગ્ધાને અવળે માર્ગે ઉતારવામાં હથીઆરરૂપ બની હતી. કેસરીને અને ઇન્દિરાને કેટલોક વખત થયાં સબંધ બંધાયો હતો. પણ ઇન્દિરા શ્રીમંત ન હોતાં પૈસાની સગવડ પૂરી પાડી શકતી નહીં. પૈસા માટે કેસરીની માગણીઓથી તે કંટાળી ગઇ હતી. પણ તેનાથી એવી દબાઇ ગઇ હતી કે છુટી શકતી નહોતી. છેવટે કેસરીની સૂચનાથી વિશ્વપ્રભાથી સખીપણું કર્યું હતું ને તેણીને કોઇ રીતે ફસાવી તે દ્વારા દબાવી પૈસા પડાવવાનો ઉભયનો દુષ્ટ ઉદ્દેશ હતો આ વાતથી બીચારી વિશ્વપ્રભા તદ્દન અજાણ હતી. તેણીતો ઇન્દિરાને પોતાની

કાર્ય સહાયક સમજતી હતી. ને સલાહકાર રૂપ બની તેણીને ઉંડા કુવામાં ઉતા ી હતી. વિશ્વપ્રભાને સુમતિ તરફ અનુકરણ ઉત્પન્ન કરાવનાર, તેણીની પાસે પત્ર લખાવનાર, છબી મોકલાવનાર, કેસરીને ચેનાવી તે બંને ચીજો પડાવનાર, અને પછીથી પૈસા માટે દબાવવાની સઘળી રચના રચાવનાર ઇન્દિરા હતી. વિશ્વપ્રભાને જે સુમતિ તરફ ખેંચી હતી તે પોતે એક ઘણોજ પવિત્ર, શુશિલ અને સત્યપરાયણ પુરૂષ હતો. તેને બાળપણમાંથી એક મહાત્માનો સંગ થયો હતો તેનો રંગ તેના પવિત્ર હૃદયમાં એવો તો બેશી ગયો હતો કે અનીતિ એ શું છે તે એ જાણતોજ નહોતો. જેવી શરીરાકૃતિ સુંદર હતી. તેવીજ માનસિક પ્રકૃતિ ઉચ્ચ પંકિતની હતી.

પરધન પથ્થર કરી માનજે, પરસ્ત્રી માત સમાન;
એટલું કરે હરિ ના મળે તો, તુલસીદાસ જમાન.

એ કહેવત તેનો મુદ્રાલેખ હતો. તેને આ પ્રપંચની કશી ખબરજ નહોતી. પણ તેની શ્રીમંતતા, સુંદરતા, વાણીની મધુરતા એવાં હતાં કે સઉનું ધ્યાન તેના તરફ કુદરતી રીત્યે ખેંચાતું વિશ્વપ્રભા જેવી લલીતાંગી છે તેણી તેવાજ સુંદર પુરૂષ તરફ ખેંચાશે એવા અનુમાનથી આ પ્રપંચીઓએ જાળ રચી હતી અને સુમતિ જો કે ગમે તેવો પવિત્ર હશે પણ જો વિશ્વપ્રભાની ભભકભરી મોહક છબી તે જોશે એટલે અગ્નિ આગળ રહાય તેવું ઠરેલું ઘી હશે પણ ઓગળશે, એમ ધારી પૂર્વોકત ઘાટ બંનેએ સાથે મળી ઘડયો હતો.

ગઇ કાલે સાંજે હવેલી મંદીરના ખાંચામાં ડોશીના ઘરમાં શી વાતચિત થઇ તે જાણવાની કુતુહલતાથી ઇ-

ન્દિરા કેસરીના ઘર ભણી જતી હતી, ત્યાં કેસરી સામો મળ્યો. બંને રસ્તામાં એક બાજુ ઉભાં રહ્યાં. કેસરી ટપાલ વ્હેંચવા નીકળ્યો હતો, તેના હાથમાં કાગળ હતા. તે જોતો જતો હતો, ને ઇન્દિરાથી વાત કરે જતો હતો.

ઇન્દિરા બોલી—“ કેમ, ક્યાં જાવછો ?

કેસરી—ટપાલની ડીલીવર કરવા નીકળ્યો છું.

ઇન્દિરા—ગઇ કાલે વિશ્વપ્રભાથી શી વાતચિત થઇ ?

કેસરી—રૂપીયા આપશે તો પેલી બંને ચીજો આપીશ.

ઇન્દિરા--રૂપીયા લઇ ક્યારે આવવાનું કહ્યું છે ?

કેસરી-આજનો વાયદો છે, થાય તે ખરૂં.

ઇન્દિરા—ઠીક પણ સુમતિને મળવાનું ક્યારનું ઠરાવ્યું છે ?

કેસરી—મેં ગઇ રાતનું કહ્યું હતું, પણ ગઇ હોય તેમ જણાતું નથી. ઘણું કરીને તારી સલાહ વાસ્તે રોકાઇ હશે !

ઇન્દિરા—હા. બરોબર પછી હું એને મળી નથી. હવે મળીશ પણ નહીં અને તમે પણ મળશો નહીં એટલે એ મુંઝાઇને સુમતિ પાસે જશે. પછી એ છે ને આપણે છીએ.

કેસરી—પણ મારા વાયદાના રૂપીયા જાય તેનું શું ?

ઇન્દિરા—એને સુમતિથી મળવા દો પછી સો ને બદલે હજાર પડાવી શકીશું.

કેસરી—બરોબર છે એમ કરવાથી ઠીક તડાકો પડશે.

ઇન્દિરા—એમજ ઠીક પડશે. એને કાગળની અને છબીની વાત ગમે છે. તે નહીં મળે એટલે મુંઝાયલી જરૂર સુમતિ દ્વારા રસ્તો કાઢવા જશે. પછી જોઇ લેવાશે.

કેસરી—મને એ વાત ગળે ઉતરે છે. ત્યારે હવે રામ રામ કાલે મળીશું.

એમ કહી કેસરીએ ચાલવા માંડયું તેનાથી વિરૂદ્ધની દીશામાં ચાલી ઇન્દિરા છુટી પડી. ને વિશ્વપ્રભાને વાટ જોતી મૂકી તેના ઘર તરફ ન જતાં બીજે રસ્તેથી બારોબાર પોતાને ઘેર આવી. પોસ્ટમેન ડીલીવરી કરવા ગયો.

પ્રકરણ ૭ મું.

તૈયારી.

કેસરી જોડે થએલી વાતચિત કરવા અને સુમતિને મળવા વિષેનો અભિપ્રાય પૂછવા માટે વિશ્વપ્રભાએ ઇન્દિરાની આખો દીવસ વાટ જોઇ. પણ ઇન્દિરા આવીજ નહીં. ત્યારે માણસ જોડે ચીઠી લખી તેડાવી તો જવાબમાં " મારે આજ ઉજાણીમાં જમવા તેમજ રાંધવા જવું છે, તેથી આવી શકાશે નહીં " એ મતલબનો જવાબ વાળી વાત ઉડાવી દીધી. વિશ્વપ્રભાની એકેકી ક્ષણ યુગ જેવડી જતી હતી તે ખુબ મુઝાણી હતી. મનની મુઝવણ કાઢવાની જગ્યાએ ઇન્દિરાને સમઝતી હતી તે વ્યવસાયમાં રોકાયલી જોઇ ખુબ અકળાઇ ખાવું ભાવ્યું નહીં. છેવટે સો રૂપીયાની નોટ પોલકાના ખીસામાં નાંખી સાંજ પડતાં કેસરી પાસે જવા

નીકળી. અત્યારે તેનું લક્ષ બીજે કોઈ પણ સ્થળે નહોતું. ફક્ત કેસરીને મળી તેની માગેલી રકમ આપી કાગળને છૂટી હાથ કરી પછી અવકાશે સુમતિને મળવું એ તેણીએ તેના મન સાથે ઠરાવ કર્યો હતો, તે લેવા તે આતુરતા પૂર્વક હવેલીના ખાંચા આગળ આવી આસપાસ જોયું તો કોઇ ના મળે, ડોશીને ઘેર તાળું. ને કેસરી તો હોયજ શેનો ! ! પેટમાં ફાળ પડી. નક્કી તે મારી ફજેતી કરશે એ વિચારે તે બ્હેબાકળી બની ગઇ ઘડી બે ઘડી ઉભા રહી મંદિરમાં ગઇ. પણ દર્શનમાં દીલ ચોટયું નહીં બાર આવી વળી ઉભી રહી પણ કોઇ દેખાયું નહીં, તેથી થોડે ચાલી નજર કરી પણ નિષ્ફળ અન્તે વધુ વખત રસ્તા વચ્ચે ઉભું રહેવું એ અયોગ્ય જણાતાં ભાગ લે પગે ઘેર આવી પણ ચેન પડયું નહી. “ કેસરીને દેતે પૈસે ન મળાયું તે ઠીક થયું નહી એમ તેને લાગ્યું. તેનો કંઈક દુષ્ટ ઈરાદો હશે. વખતે મારા ધણીને કે સસરાને કે મારાં ભલાં માબાપને આ વાત કહેશે તો મારી શી વલે થશે, મને ઘરમાં કેમ રહેવા દેશે ! મારૂં શું થશે ” એના એજ વિચારે તે અતિશે અકળાવા લાગી. સુવું ગમ્યું નહી, બેસવું રૂચ્યું નહીં, ઉભું રહેવું ફાવ્યું નહી, કોઇ પણ સ્થળે તેણીને ચેન પડવા લાગ્યું નહી. તે પૈકીમાં ફરવા લાગી ગાંડા માણસની પેઠે લવવા લાગી ” મારે હવે શું કરવું કેસરીને કયાં મળવું ? મેં એનું ઘર પણ દીઠું નથી રાંડ ઇન્દિરા પણ આજ મળી નહી. હવે શું થાય ! વિચારમાં પડી અમુઝણને અન્તે એક વિચાર સૂઝયો. તેણી બાર આગળ વિચારમાં હોઠે આંગળી મૂકી ઉભીને ઉત્તર દીશાની

આવતી ઠંડી પવનની લ્હેરથી કંઈક શાન્ત થઇ. ને સહસા બોલી. કદી ઇન્દિરાને કેસરી ન મળ્યાં તો શું થઈ ગયું ?! જેને મેં પત્ર લખ્યો છે ને મારી છબી મોકલાવી છે તેનેજ મળી આ ભેદ હું પોતેજ ખોલી દઉં, ને તેના દ્વારાજ છબીને પત્ર કબજામાં લઉં તો શું ખોટું ? જો એને પૈસા લઇ એ બંને સીજો આપવી હોતતો આજ શું કરવા મુકરર કરેલ સ્થળે ન આવત ! એ નજ આવ્યો તેથી નક્કી થાય છે કે એની વૃત્તિ બગડેલી છે. માટે તે કાંઇ પણ ઉપાય લઈ શકે તે પૂર્વે આજ રાતે બધાં સુઇ જાય ત્યારે હું એકલી એમની (સુમતિ) પાસે જઈ બધો ભેદ કહી આવું, ને ? તે મારા મનની ઉમેદ પાર પાડું. એજ ઠીક છે. પણ ગાફલ રહેવું ઉચિત નથી. તેમણે પત્ર વાંચ્યો છે એમ મને કાલે સાંજે કેસરીએ કહ્યું હતું ને વળી વિશેષમાં મને મળવાનું પણ સુચવ્યું હતું તો પછી મને તેમની પાસે જવાની શી હરકત છે? માટે આજ રાતેજ જાઉં ને બધું નક્કી કરી આવુ, કેસરીની પેસા લેવાની વાત પણ ખુલ્લી કરીશ, તેથી તેમને પણ તેની લુચ્ચાઇનો ખ્યાલ આવશે ને બધું કામ બંધ બેસતું થઇ જશે. સારે નશીબે કેયુરક ગામમાં નથી એ ઠીક થયું. એનું મન પેલી ચંદ્રિકામાં ભમે છે તો મારૂં મન સુમતિમાં રમે છે, તેમાં હું શું ખોટું કરૂં છું ! જેવા એ તેવી હું એમને મન મારો હિસાબ નહીં ત્યારે આ ગુલાબના ફુલ જેવી શરીરાકૃતી શું એમને અમે કરમાવી નાંખવી ? શું યુવાની વખતો વખત આવનારી છે. એ તો એજ લીધો એ લાવ અને જીત્યા એ દાવ માટે આજે રાતેજ જાઉં. એ દુકાનેથી નહીં ઉઠયા હોય ત્યાં

તો હું જઈ પહોંચીશ. પછી હું છું ને એ છે અગ્નિ આ-બળધી કેટલી ઘડી ટકનાર છે ?” એમ વિચાર વશ થએ-લી સુંદરી એક છલંગે કબાટ આગળ ગઇ ને જોરથી ઉ-ઘાડી ઝીકની ભરેલી કીંમતી સાડી ને પોલકું કાઢી ટેબ-લ ઉપર મુક્યાં. ને તકતામાં જોઇ વાળ ઓળી નાકે ન-થ પેરી ફરી તકતામાં જોઇ ખુશી થઇ, આંજણ આંજી, ચાંદલો કરી. મોતીનો હાર, અને હાથે કંકણ તથા હીરા જડીત બંગડી પહેરી તૈયાર થઇ, હવે જતી વખત સા-ડી ને પોલકું પહેરી ઉપર કાળો સાડલો ઓઢી લઇશ. એટલે કોઇ દેખશે નહીં. રાત અંધારીને વળી મેઘલી છે. એટલે કોઇ બહાર હશે પણ નહીં” એમ દૃઢ ઠરાવ કરી ઘડીઆળ સામું જોઇ બેઠી.

પ્રકરણ ૮ મું.

આત્મઘાત

વિશ્વપ્રભાના ઘરમાં તેનો પતિ કેયુરક અને તેનો સસરો બેજ જણ પુરૂષ વર્ગમાં હતા. તેની સાસુ ગુજરી ગઇ હતી. તેથી ઘરનો બધો કારભાર વિશ્વપ્રભાને માંથે હતો. તેણી ઘરમાં કરતી તે થતું. ને સ્ત્રી વર્ગ નહોતાં જેમ વર્તતી તેમ વર્તાતું. જે ઘરમાં યુ-વાન વહુઓ હોય છે અને તેમના ઉપર વૃદ્ધોની સીધિ

દેખરેખ નથી હોતી ત્યાં અનીતિ ને સત્વર પગ પેસારો કરવાની તક મળે છે. તેમ આ ઘરમાં બનવા વખત આવ્યો હતો. વિશ્વપ્રભાનો વૃદ્ધ સસરો ક્ષયની બિમારીથી પથારી વશ હતો, તેથી વહુ મેડી ઉપર ગઇ એટલે પછી ત્યાં તે શું કરે છે તેની તેને કાંઈ ખબર પડતી નહીં. ખબર રાખવા જેટલી હવે તેનામાં શક્તિજ નહોતી અને કદી શકિત હોયતો એવી બાબતની દેખરેખ રાખવી તેને અયોગ્ય લાગતું. બહુાથી દીકરો ગમે ત્યારે આવતો ત્યારે બાર ઉઘાડતો તેથી રાતમાં બાર ઉઘડે અટકે તેની તે થોડી દરકાર રાખતો. કેયુરક ગામ ગયો હતો ને બંધાણી ઘરડો ડોસો પથારીમાં ઉંઘતો હતો. સઘળા નોકરો સહુ સહુ ને ઘેર ચાલ્યા ગયા હતા. ત્યારે વિશ્વપ્રભા પોતાની ઉમેદ પાર પાડવા તૈયાર થાઇ સાડી તથા પોલકું પહેર્યું, અને દીવાની રોશની સામી ઉભી રહી તકતામાં જોયું. ત્યાં તેણીને પોતાને અસાધારણ સ્વરૂપનો ગર્વ ઉપજ્યો. ઉપર એક કાળો સાડલો આખે શરીરે ઓઢી લીધો, ને હથીઆર કડેમાં ખોસી સાહસીક આ સીડી ઉતરી, બાર હળવેથી ઉઘાડી બહાર નીકળી પાછું ધીરેથી બાર બંધ કરી સપાટા બંધ ચાલી. આ વખતે રાતના અગીયાર વાગ્યા હતા. ઝરમર વરસાદ વરસતો હતો. મંદ પવન વાતો હતો. રાત્રી સમસમ કરતી હતી. તમરાના અવાજ કર્ણ ગોચર થતા હતા. ત્યારે આ વિશ્વપ્રભા અભિસારિકા વેશથી ચાલી જતી હતી.

થોડી વારમાં સુમતિની દુકાને જઇ પહોચી ને ડોકીયું કરી જોયું તો સુમતિ દુકાનમાં એકલો બેઠો બેઠો નામું લખતો હતો, તેને જોયો. સુમતિની સુંદર મુખા-

કૃતી સામે દીવાનો પ્રકાશ પડતો હતો તેથી તેની ઓર આકૃતિમાં અધિક વૃદ્ધિ થતી. નામું મેળવવામાં તેનું એક ધ્યાન હતું. તેથી વિશ્વપ્રભા ધીરેથી દુકાનમાં પ્રવેશી એક ખુણામાં ગુપચુપ ઉભી રહી. તે તરફ સુમતિનું બીલકુલ ધ્યાન ખેંચાયું નહીં. અંદર જઇ દીવા પાછળના અંધારામાં કાળું ઓઢી ઉભી ઉભી સુમતિને સવિકાર નિરખવા લાગી. જેમ જેમ નિરખતી ગઇ, તેમ તેમ મદના વેગ અંતરમાં ઉછળવા લાગ્યો ઉરજ કંપાવવા લાગ્યો. છાતી ઉપરનો પાલવ સેરવવા લાગ્યો. સર્વાંગ ધમધમવવા લાગ્યો-પગ કંપાવવા લાગ્યો. સુમતિની વક્ર ભૃકુટી રૂપી ધનુષ્યમાં કામદેવ શર ચઢાવી પોતાના હૃદયને ભેદતો ય તેમ વિકાર વશ થએલી મદનથી પરાધિન બનેલી વિશ્વપ્રભાને દેખાવા લાગ્યો. વિશાળ ને અણીયાળાં ઉભય ચક્ષુ અનુરાગથી ભરેલાં હોય, વિશાળ ભાગ અને ઓષ્ટ પરની ફુટતી શ્મશ્રુ વિરતાનું ભાન કરાવતી આકર્ષતી તેણીને જણાઇ.

" સ્મિત હાસ્યપૂર્વક મધુર વચને મને ક્યારે બોલવશે ! ક્યારે આ વિરહથી સંતપ્ત અંતરને ભેટી શાન્તિ પમાડશે ! એ મદનના વિકાર સાથે વિચાર મસ્તિષ્કમાં ઘુમવા લાગ્યો. " હમણાં કામમાંથી નિવૃત્ત થશે એટલે મને જોશે, જોશે એટલો બોલાવશે. અને બોલાવશે એટલે પ્રેમ રંગથી રંગાશે, અને રંગાયલા ચિત્તને મારા ઉરજનો સ્પર્શ થતાં સર્વથા પરવશ થઇ સ્વિકારશે એવા વિકલ્પ કરતી ગઇ. મન્મથ વેગને અવકાશ આપતી ગઇ. પરવશ બનતી ગઇ. ભાન ભૂલતી ગઇ, તજ્જન્ય શરીર ઉપરનો કાળો ઝભ્ભો દૂર ફેંકી દીધો. અને એકાએક જે-

મ વર્ષાદના કાળાં વાદળાંમાં વીજળી ઝબૂકે તેમ ઝીણી સાડીનો સોનેરી ભરતવાળા પોલકા સાથે, રત્ન જડીત આભુષણનો પ્રકાશ મળી સર્વાંગની પ્રભા એટલા બધા વેગથી દીપી નીકળી કે તેથી સુમતિની આંખ ચોપડામાંથી એકાએક ખસી વિશ્વપ્રભાની સર્વાંગ સુંદરતા તરફ પડી, પડી તેવીજ અનુરાગ બુદ્ધિ વાળી કામિનિએ સસ્નેહ આંખથી અભિનંદી, દીવાનો પ્રકાશ અને વિશ્વપ્રભાની સૌંદર્યતાનો પ્રકાશ ઉભય એકરૂપ થતાં સુમતિ તો આનંદાશ્ચર્ય પૂર્વક ફાટી આંખે જોઇજ રહ્યો. તેની વધુ વખત આંખથી આંખ મળેલી જોઇ જે વખતે વિશ્વપ્રભાની અંતરની આશાને અવકાશ મળ્યો તેજ વખતે સુમતિના મસ્તકમાં અનેક વિકલ્પોને જન્મ મળ્યો. આ કોણ હશે ! અહીં, આવી મેઘલી રાતે કેમ આવી હશે ! હવે શું થશે ! એ શું કહેશે ! વિગેરે વિચાર વશ થએલો કામ ક્રિડાથી કે કામ ચેષ્ટાથી અજ્ઞાન સુમતિ જોઇજ રહ્યો. આંખ ખેસવી શકયો નહીં. કાંઇ પણ બોલી શકયો નહીં. આ મૌન નાટક નો અન્તે હર્ષ ઘેલી-કામ ઘેલી વિશ્વપ્રભાએ આણ્યો. તેથી ત્યાં ઉભી ઉભી જાણે પુર્વેનો પરિચિત પુરૂષ હોય ! ને તે સાથે વાતનો પ્રસંગ પાડતી હોય ! પ્રેમરંગથી રંગાયેલી રમણિ કામકેલી ને ઇચ્છતી યાચના કરતી હોય ! ઉમેદોને અંતરમાં સમાવી નહીં શકવાથી બહાર કાઢવા ચ્હાતી હોય ! લાજાળા લાડીલાને લડાવતી હોય ! કામથી ધકેલાતી હોય ! તેવી મોકિતક માળાથી ચુંબિત સ્તન ભાર નમ્રા, સસ્મિત બોલી વક્ષાંચલને ખેસવતી સાક્ષાત રતિ જેવી વક્ર કટાક્ષ કરતી ધીમે સાદે ઉચરી.

" પત્ર વાંચ્યો હતો કે !"

મર્મસ્થાનને કોઇ દિવ્ય દેહ ધારી લલિત વદના પ્રેમ રસ સિંચતી હોય, પૃથ્વી પડને ભેદી વિણા વાંચનો સુમધુર સ્વર કર્ણ ગોચર થતો. અંતરને આનંદ પમાડ તો હોય, તેવો કોમળ સસિક સ્વર સુણી સુમતિ હર્ષિત થયો. પણ જે સ્ત્રીને કદી નજરે નિહાળી નથી, કોની પુત્રી, ને કોની વહુ છે, તેની ખબર નથી, જેનાથી પોતાને કદી કોઈ પણ પ્રકારનો પરિચય નથી, તેણી સહસા પત્ર વાંચ્યાની વાત પૂછેછે તેથી નવાઇ પામી ગયો. હવે સ્યો જવાબ દેવો તેના વિચારમાં પડી ગયો. ઉંડો ઉતરી ગયો. જવાબ નજ આવી શકયો, તેથી કંઈક ખિન્ન થએલી પણ શશિકાન્તિ સદૃશ સૌંદર્ય ધરાવતી સુગંધ ગાત્રી પુનઃ બોલી.

" મારો પ્રણય-પત્ર કેસરી મારફત આપે વાંચ્યો તે ! કંઇક લટકો કરી બોલી.

" હું કંઈજ જાણુતો નથી. આ તમે શી વાત કરો છો ?

" એમ કેમ ? અજાણ્યા શીદ થાવ છો ?

" હું ખરેખરૂં કહુંછું કે તમે જે કાંઇ કહો છો તેનો અર્થ હું બીલકુલ સમજતોજ નથી. કૃપા કરી મને તમારી ઓળખાણ આપશો !

" શું તમો મને ઓળખતા પણ નથી ? ! આશ્ચર્ય અભિનય યુકત રોમાંચ ગાત્રવતી બોલી.

" બીલકુલ નહીં" દૃઢ મનથી બેઠો બેઠો સુમતિ બોલ્યો ને ચોપડો આઘો મુકી દીધો.

" તો મને કેસરી ઠગી ગયો.

" કેસરી કોણ છે ?

" પેલો પોસ્ટ મેન.

" તે તમને કેવી રીતે ઠગી ગયો ?

" હું આપના પ્રત્યે ઘણા દિવસથી અનુરકત અંતઃકરણ વાળી છું તેથી આપનો સાક્ષાત મેળાપ થાય તેવી ઈચ્છાથી આજથી પાંચ છ દિવસ ઉપર એક પ્રેમ પત્ર ટપલમાં લખ્યો હતો.

" પછી—

" તેમજ તે સાથે મારી છબી આપને પ્રેમ ચિન્હ તરીકે મોકલી હતી. તે કેસરી પોસ્ટમેને હાથ કરી અને મને સો રૂપીયા આપે તો આપું એમ કહી ફસાઇ. હું રૂપીયા લઇ તેની પાસે આજ સાંજે ગઈ. પણ તે મળ્યો નહીં. જેથી આ બધી વાતથી આપ જાણીતા હશો એમ માની આપની પાસે આવી, તો અહીં પણ ઉમેદ પૂરી ન થઈ હોય—

" ફીકર નહીં. તમે કેમ જાણ્યું કે હું આ વાતથી. જાણીતો છું ?

" મને કેસરી એ કહ્યું હતું કે મેં કાગળ તથા છબી સુમતિ શેઠ ને વંચાવ્યાં છે.

" બધુ ખોટું. એની હું પછીથી ખબર લઇશ, પણ મને કહેશો કે તમે અહીં એજ માટે આવ્યાં છો ?

" બસ એજ માટે. ગમે તેમ કરીને મારો પ્રેમપત્ર તથા છબી આપ હાથ કરશો.

" બહુ સારૂ હાથ કરીશ ને તમને આપીશ.

" મ્હારે તેની જરૂર નથી આપજ રાખશો.

" કારણ ?

" કારણ એજ કે જેમ મેં મારૂં અંતર આપને આં-

પી દધું છે, તેમ આપનું અંતર મને આપવાની પ્રાર્થના સ્વિકારશો.

" તે મારાથી બની શકે તેમ નથી.

" કેમ ? !

" પ્રીતિ કરતાં નીતિને અધિક ગણું છું એમ !

" પણ ખરી પ્રીતિ નીતિ તુલ્ય છે.

" કદી નહીં. પર સ્ત્રી પ્રત્યેની પ્રીતિ, એ નીતિરૂપ કહેવાયજ નહીં.

" હું આપાનોજ છું.

" કેવી રીતે ? આપ વિવાહિત છો કે અ વિવાહિત.

" વિવાહિત છું તેથી શું ? શરીરને સબંધ તે વિવાહ ગણાય નહીં અંતઃકરણને સંબધતે વાસ્તવિક વિવાહ ગણાય, હું અંતકરણથી આપનેજ ભજું છું જેથી આપની છું.

" બસ કરો.

" આંગણે આવેલી, ને પ્રેમની યાચના કરતી અબળાને ધક્કો મારી કાઢી મુકવી તે કરતાં અધોળ પણ અન્ન આપી વિદાય કરવી તે ઘણું સારૂં છે.

" તે ઠીક પણ યાચનાનું સ્વરૂપ સમજી પછી તે પુરી કરવી યોગ્ય છે.

" શું મારી યાચનાનું સ્વરૂપ અધમ છે ?

" બેશક પરમેશ્વરે સારા સારનો વિચાર કરવાને મનુષ્યને બુદ્ધિ આપેલી છે, તેનો ઉપયોગ કર્યા વિના, કે પરિણામનો વિચાર કર્યા વિના, જે માણસ અંધ બને છે તેને તે મરણ સુધી શલ્ય તુલ્ય સાલે છે.

" પુર્વોકત વચનો વિશ્વપ્રભાને વિષમય લાગ્યાં તો પણ

આગળ બોલી–

" સ્ત્રી કદી પ્રેમની યાચના કરતી નથી અને કરે છે તો તે કેટલી કીંમતી હોય છે તેનો આપને ખ્યાલ છે !

" છે પણ તેથી શું ? તે કરતાં વધુ કીંમતી મનુષ્ય ધર્મ છે. હૃદય તેટલા જોખમે પણ તેનું રક્ષણ કરવાની મહા પુરૂષની આજ્ઞા છે.

" મારો અંતઃકરણ પૂર્વક પ્રેમ મનુષ્ય ધર્મમાં સમાતો નથી.

" નહીંજ. મનુષ્ય ધર્મમાં તેનો સમાસજ નથી તમારી ભૂલ થાય છે.

" મારી સાથેની પ્રિતીમાં આપ ઠગાશો નહીં, એ નક્કી માનજો હું કમજાત નથી.

" ભલે આપ આપ નીતિ વંત હો. પણ આ વખતે આપનું અહીં આપવું એજ આપની સર્વ ખાત્રી આવે છે. પ્રેમની ખરી ચાહના આગળ અંધારી રાત, લજ્જા, ભય કે શંકા કંઈજ હીસાબમાં નથી.

" તે ખરૂં પણ પતિવૃતાને પતિની આતા વિરૂદ્ધ ઘર બહાર પગ મુકવો એ મણીધરને માથે પગ મુકયા સમાન છે.—

" હું એક વાર કરી ચુકી છું કે આપજ મારા પતિછો.

" તેમ કદી બની શકતું નથી. એક અખંડ પ્રેમની વહેતી ધારામાં આડા પડી તેને વચ્ચેથી ખંડિત કરવાનો કોઇ પણ માણુસનો હક નથી.

" મારા ઉપરના સર્વ હકક હું આપને આવી ચુકી છું. આપની વરણાગીમાં મારૂં મન વલગી રહ્યું છે અપજ મારા જીગરના મિત્ર છો,

" મિત્ર કરતાં માણુસે ખુબ વિચાર કરવાનો છે. તેમાં પણુ સ્ત્રી મિત્ર કરતાં તો વિશેષ.

" કારણુ.

" સ્ત્રી માત્રમાં જુઠું બોલવું, સાહસ કરવું, ખોટી માયા બતાવતી, મૂર્ખતા, લોભી પણું, અશૌચ, અને નિર્દયપણું એટલા દોષ સ્વભાવ રહેલા હોય છે.

" હું તેવી નથી.

" આપણુ સ્ત્રી છો. જે સ્ત્રીની જાળમાં ફસાતો નથી તેજ શૂરો સંકટ સમયે ડગતો નથી તેજ ધીરો, અને કોઇનું દિલ દુભાવ્યા વિના પોતનો સ્વાર્થ સાધે તેજ ડાહ્યો

" તો પછી મારૂં દિલ દુભવવું એ આપનું ડહાપણુ કેમ કહેવાય ?

" તેનો નિર્ણુય મારે મારા પોતાથીજ લાવવાનો છે, કે જેથી તમારી સાથેની વાતનો જલદી છેડો આવશે.

" હું પણુ એમજ ઇચ્છું છું. પણુ તે નિરાશામાં ન આવવો જોઇએ.

" તમો એ વગર વિચારે મારાથી કામ પાડયું. ત્યારથી નિરાશાત મારે નશીબે લખાયલીજ છે એમ સમજો.

" અરે હાય ! મનેજ ધિઃક છે કે તારા જેવા હિજડા પુરૂષથી મેં મારૂં લાખ રૂપીયાનું વચન નાંખ્યું અને તે નિષ્ફલ નિવડયું. ! ! સક્રોધ વિશ્વપ્રભા બોલી.

" ગેર વ્યાજબી ગુસ્સો કરવો એ અકકલના મરતબાને ઘટાડનાર છે. માટે ગુસ્સો નજ કરવો ઉત્તમ છે. અને કદી થાયતો જીભને બંધ ન બોલવા દેતાં તેના ઉપર ધ્યાન રાખવાની જરૂર છે.

" અરે મૂર્ખ બસ કર મારે તારા વધુ ઉપદેશની કશી જરૂર નથી. તારો ઉપદેશ મારી જાત તરફનો ધિઃક્કાર વધુ ને વધુ તાજો કરે છે. બદ કામ કરતાં જાત ઉપરનો ધિક્કાર છુટવો એજ ભવિષ્યમાં અનીતિની ખાડમાં પડતાં બચવાનું શિખવે છે.

" મને જો આવી ખબર હોત કે લાંબા લાંબા તરંગ પ્રસારતો સાગર મહા ગંભિર ને જોખમી છે તો કદી તેમાં ઝંપાવત નહીં.

" હજુ પણ બચે તો બચવાનો ટાઇમ છે.

" હવે બચાવું–જીવતાં ઘેર જવું નકામું છે. દુષીતા તરીકે દુનિયાંની સપાટી ઉપર જીવવા કરતાં મરવું એજ ઉત્તમ છે.

" મરવું એ માણસને હાથ નથી.

" કેમ નહીં. સ્ત્રીના સાહસ આગળ પુરૂષ બાયલો છે.

" નીતિ ભંગ થવા કરતાં બાયલા બનવું એ શ્રેષ્ઠ છે.

" હવે તારી લાંબી જીભ બંધ કર. મારાથી સહન થતી નથી.

" ગુસ્સો નિમક માફક રાખવો ઉત્તમ છે.

" બસ કર. તારા જેવા હિચકારાથી હવે વધુ વાત કરવા કરતાં મરવું એજ બહેતર છે. મારી સઘળી ફજેતી મારામાંજ સમાઇ સમાઈ જાય. હાય ! હું ઠગાઇ છું. ઇન્દિરા તેં મને છેતરી છે, કેસરી તેં મને ફસાવી છે, અને ઓ સુમતિ, તારા દુરમતિએ મને જીવ ઉપર આણી છે, મને મારૂં જીવતર ઝેર જેવું થઇ પડયું છે. હું ઘેર જવા ઇચ્છતી નથી, મારી આતશ આગ્યા આ મારા શરીરને બાળવાને ફરતી છે. મરણ સુધી આવા અં-

તંર ઘા સહન કરવા કરતાં તેનો અંત આણી દેવો એજ ઉત્તમ છે.

" અરે ઓ સાહસીક સ્ત્રી સબુર કર. મારૂં કહેવું સાંભળ. જરા થોભ.

" નીચ. દુરજા આત્મઘાત એજ મારા માનસિક દુ:ખનું ઔષધ છે. તે મને પીવાદે ચાલ આઘો ખસ.

" કદી નહીં બને,

એમ કહેતો ઉભો થઇ હાથ ઝાલવા જાય છે તેવામાં તેને ધક્કો મારી દુર ખસેડી પૂરેપૂરા વેગમાં આવેલી વિશ્વપ્રભા સાડીમાં સંતાડેલી કટાર કાઢી પેટમાં મારી પાછી કાઢે છે. તેનીજ તમ્મર ચઢી જાય છે. ધબ લઇને નીચે પડી જાય છે હાથ પગ ખેંચાઇ જાય છે, જીભ બહાર નીકળી જાય છે. થોડી વારમાં લોહી લૂહાણ થએલી અબળા હાલતી બંધ થઇ જાય છે. મારી જાય છે. આ ફાની દુનિયાં તજી જાય છે. સુમતિને ગુન્હેગારના રૂપમાં મૂકી જાય છે. હાય ! હવે શું થશે એવી ભય ભરેલી હાલતમાં મુકી જાય છે. કુળને કલંકીત કરી જાય છે. પ્રપંચીઓ ને પારાવાર પસ્તાવાના સાગરમાં ઝબોળી જાય છે. માતા પિતાના નામને કાળી કરી જાય છે. અશિક્ષિત કામ ઘેલી કામિનીઓને શિક્ષણ આપી જાય છે. નીતિ દર્શન રૂપ બની જાય છે.

પ્રકરણ ૯ મું.

ગભરાટ.

થોડા સમય પૂર્વે સર્વાંગે ખીલેલી કૌમુદી તદ્દન નિર્જીવ થઇ ધરાપર પડેલી જોઇ ચંદ્રનું હૃદય ચિરાઇ ગયું તે સાથે 'હવે શું થશે' એ વિચારથી ગભરાઈ ગયું. બધુ શરીર ધ્રૂજવા લાગ્યું ને જોસબંધ વહેતા લોહીની નીક ચાલી. કમકમારી છુટે તેવો દેખાવ થઇ રહ્યો. "પ્રભાતે આ વાત છાની રહેશે નહીં ને હું નિર્દોષ છતાં ખુની ઠરીશ. ગજબ થઇ ગયો એમ વિચારતાં થોડીવાર તો દિગમુઢ જેવી દશા થઇ ગઇ પછી જતા વખતને પકડી રાખવાનુ કોઇનું સમર્થ નથી એ વિચારે તેને જાગૃત કર્યો. ઉઠયો, ઉભો થયોને શબને એની એ સ્થિતિમાં રહેવા દઇ માંથે પાઘડી પહેરી મધ્યરાતે સુમતિ દુકાન બહાર નિકળ્યો. હમેશાં મોડી રાતે દુકાન બંધ કરવાનો તેનો મુળથી રીવાજ હોતાં કોઇએ તેને ટોકયો નહીં. પાટીયાં દઇ દુકાનને તાળુ વાશી કુંચી કેડ ખોશી જોસબંધ ચાલવા લાગ્યો. પણ પગ જાણે ભાંગી ગયા હોય, તેમ ચાલી શકાતું નહોતું. દુકાન બહાર નીસરી થોડીવાર ઉભો રહ્યો. અત્યારે કોની મદદ લેવી, કોને કહેવું, તેનો નિર્ણય કર્યો પણ થયો નહીં; ઘર તરફ જવા ધાર્યું પણ ત્યાં વિધવા માતા શિવાય કોઇ પુરૂષ

નહોતો કે તેની સાહ્યતા લે. પિતા સ્વર્ગસ્થ થયા હતા ને બીજો ભાઇ નહોતો. સગાં સબંધીઓની માણસને આવી આફતને વખતે કેવી જરૂર પડે છે તેનું ભાન થયું અને પોતાની એકલાઇ સ્થિતિ ઉપર તિરસ્કાર વછુટયો. એક ટાઢની કંપારી આવી તથા અધુરામાં પુરૂ માથે વરસાદ પડયો શરૂ થયો તેથી ભીંજાતો સુમતિ વગર અટકયે અંધારે મધ્યરાતે અનાથ જેવો આથડવા લાગ્યો પણ હવે કોની મદદથી આ માથે આવી પડેલી આફત દૂર કરવી તે મન સાથે નિર્ણય કરી શકયો નહીં. તેથી વળી એક છજા તળે ઉભો રહી વિચાર કરવા લાગ્યો કે "સવારે ખુની ઠરી ફાંસીએ ચડવું તે કરતાં અત્યારેજ આત્મઘાત કરી નિર્દોષ મોત કરવું ને આ આફતથી છુટવું એ યોગ્ય છે માટે ચાલ ઘેર જાઉ" એમ વિચારી ઘર તરફ વળ્યો રાતમાં ચાલતાં હાય ! હુ મરી જઇશ. હું તદ્દન નિર્દોષ છું તો પ્રભુ મને મદદ નહીંજ કરે ! ને મરવા દેશે ! સર્વના અંતરમાં વસતો ઇશ્વર શું આ દેખાવ નજરે નહીં જોતો હોય? સત્ય જાળવતાં અનેકની રક્ષા કરી છે તેમ મારી નહીં કરે ? કરે કે ન કરે પણ જેમ જેમ વખત જાય છે તેમ તેમ આફત પાસે આવતી જાય છે માટે શું કરવું." વળી ગભરાઇને ઉભો રહ્યો ને ચારે તરફ નજર ફેરવી મદદે પ્રભુ ને બોલાવતો હોય, તેને ગાઢ અંધકારમાં પણ શોધતો હોય તેમ આંખથી શોધવા લાગ્યો પણ નિષ્ફળ. કાંઇ દીઠું નહીં જોસથી નિઃશ્વાસ મુકાઇ ગયો. આંખોમાં આંસુ ભરાઇ આવ્યાં. ઇચ્છા ઉપરાંત રડી જવાયું. આ રૂદનને જોનાર કે અશ્રુ લોનાર ઇશ્વર વિના અત્યારે કોઇ નહોતું. ને એ જે પ્રભુને

પરમ કૃપાળુ સમજી મદદની આશા રાખતો હતો તે સત્યની કસોટી કરતો હતો. સુમતિ ખુબ રોયો અંતરમાં ભરાઇ આવેલ દુમો અશ્રુદ્વારા ઓછો થયો એટલે વળી ઉભો થયો "હું ક્યાં જાઉં મારા પિતા મરી ગયા તો મારી સાહ્યતા કરવા કોઇ રહ્યું નહીં" વળી ઓછું આવ્યું, આંખ ભરાઇ આવી પણ હીંમત આણી અશ્રુ લુછી ટટ્ટાર થયો. મિત્ર હોય તો મદદ કરે, મેં તો મિત્ર કર્યોજ નહી. મને ધિઃક છે એમ વિચારતાં અતી મુઝવણને અન્તે, પોતાનો તો નહીં પણ પિતાનો મિત્ર મહીધર યાદ આવ્યો. મારા વડિલ મરી ગયા ત્યારે મને કહ્યું હતું કે કોઇ વખત જરૂર પડે તો મહિધરની મદદ લેજે; માટે ચાલ ત્યાં જાઉં ને તે કહે તેમ કરૂં " એમ વિચાર કરી ખાડામાં પડતો–પાણીથી પલળતો મહિધરને ઘેર અનેક ગલીઓ ઓળંગતો પહોંચ્યો.––

પ્રકરણ. ૧૦ મું.

મહિધરને ઘેર.

રાતનો એક વાગવાનો સમય થયો છે. મહિધર પોતાના સુવાના બિછાનામાં આનંદી સ્વપ્નાં અનુભવતો નિશ્ચિંત પડયો છે. તેની પતિવ્રતા જુદા બિછાનામાં એક સુકુમાર બાળકને ધવરાવતી નિંદ્રા

વશ થએલી છે. ઝીણો દીવો બળે છે, અગાશીમાં મંદ મંદ પવન સાથે વાછટ ચાલી આવે છે, ત્યાં મહિધરને એક સ્વપ્નું આવ્યું; તેમાં જાણે પોતાની કુળદેવી સન્મુખ આવી મહિધરને ઉદ્દેશી બોલતી હોય–ઉપદેશ દેતી હોય એવું ભાન તેને થયું. "દેવી બોલી. વત્સ, શું ઉંઘે છે ? આ જીવન પછીની નિરાંતની ઉંઘ લેવાનો સમય ઘણો છે. જીવન ઘણુંજ કીંમતી છે અને તેમાં ઘણાં પરોપકારનાં તથા પુન્યનાં કામ કરી લેવાનાં છે. તારે તારૂં જીવન કાગડા કુતરા જેવું સમજવાનું નથી. પણ તારા દૃષ્ટાન્તિક જીવનમાંથી ભવિષ્યની પ્રજાને ઘણું શિખવાનું છે. અપકારી તરફ ઉપકાર કરનાર અને કૃતઘ્ની તરફ કૃતજ્ઞ થવા પ્રતાપી પુરૂષ છે. અત્યારસુધીના તારા જીવન ક્રમથી હું પ્રસન્ન છું. અને હવે પછી તારે કરવાનાં કામમાં એવોજ દૃઢ રહેવા મારી તને આજ્ઞાછે. અન્તે ધર્મે જય અને પાપે ક્ષય છે" એમ બોલી દેવી અદૃશ્ય થઇ–દીવ્ય સત્વ દુર થતાં મહિધર જાગ્યો ને મહામાયાને શોધવા લાગ્યો. પણ તેતો સ્વપ્નામાં દર્શન દઇ ચાલ્યાં ગયાં હતાં તેનું ભાન થયું. પોતાને કરેલી આજ્ઞાઓના અક્ષરે અક્ષર તેને યાદ હતા તે સ્મરણ કરતો પથારીમાં બેઠો એટલામાં આફતથી ઘેરાયલો બ્હેબાકળો સુમતિ આંગણા આગળ આવ્યો ને જોરથી બારની સાંકળ ઠોકવા લાગ્યો. મહિધર જાગતો હતો તે કોણ કહેવાની સાથે બારણા આગળ આવ્યો ને "એ તો હું સુમતિ" નો શબ્દ સાંભળી આશ્ચર્યથી બાર ઉઘાડી અંદર લીધો ને પૂછ્યું "કેમ ભાઇ અત્યારે–આટલી મોડી રાતે ! શું કાંઇ મારા જોગ કામ પડયું છે ? જે હોય તે ખુશીથી કહે

જરા પણ ગભરાઇશ નહીં. તારા પિતાને અને અમારે સુખ દુઃખના અનેક વારા ફેરા ભોગવવા પડયા છે તેથી અમે ખુબ ઘડાઇ ગયા છીએ. તે સ્વર્ગમાં ગયા અને અમે તો હજુ નર્કમાં પડયા છીએ. પ્રભુ કરે તે ખરૂ" આવું લંબાણુ પણ આશ્વાસન સૂચક ભાષણુ સાંભળી સુમતિ કાંઇક ધીરો પડયો ને બોલ્યો.

" મહિધર કાકા મારે માથે એક મોટી આફત આવી પડી છે તેથી તમારી સલાહ તથા મદદ લેવા આવ્યો છું.

" જે હોય તે ખુશીથી કહે. મારાથી બનતું હું કરવા ચુકીશ નહીં.

" એવી ખાત્રી થવાથીજ અહીં આવ્યો છું.

" પણ વાત જલદી કહે શી આફત આવી છે ?

" મારી દુકાનમાં વિશ્વપ્રભાએ આત્મઘાત કર્યો છે. અને તેનું શબ પડયું છે.

" હેં વિશ્વપ્રભા ! ! પેલી દેવપુતળી ! ! ! હરિ હરિ! બહું ભુડું થયું. પણ તારી દુકાનમાં કયાંથી આવી ?

" તેણીના કહેવા પ્રમાણે કહું છું કે તેણી મારાપર કામાતુર થઇ હતી ને કામની પ્રેરાયલી ઘર બાર મુકી, મધ્યરાતે એકલી મારી દુકાનમાં આવી હતી.

" પછી--

" પછી તેની ઇચ્છામાં તે નાસીપાસ થઇ એટલે આત્મઘાત કર્યો.

" તદ્દન ખોટું. એમ કોઇ સ્ત્રી કદી આત્મઘાત કરેજ નહીં અને આવે પણ નહીં વાત બનાવટી છે.

" કાકા હું સાચું કહું છું. ને તેણી એ લખેલ પ્રેમ પત્રને છળી વચ્ચેથી કેસરી લઇ ગયો છે તે હાથ કરવાની

મતલબથી તેણી આવી હતી. ને તે વાત મને કહેતાં મેં તે બે વસ્તુ અપાવવાની હા પાડી; પણ તે એટલેજ અટકી નહીં. તે પછીની તેણીની રીતભાત ધિઃક્કારવા જોગ મને જણાતાં મેં તેનો તિરસ્કાર કર્યો.

" તારા કહેવાપરથી જણાય છે કે તેણી ગુપ્ત થએલી ચીજો મેળવવામાં સાહ્યતા લેવા આવે ખરી, પણ સ્ત્રી પોતાના મુખથી કદી યાચના તો કરેજ નહીં. કારણકે જેમ તેનામાં પુરૂષ કરતાં આઠ ગણો કામ છે તેમ સોળ ગણી લજજા છે. લજ્જાના દુર્ભેદ્ય કવરમાં તે સદા રક્ષાયલી રહે છે.

" તે આપનું કહેવું યથાર્થ છે. તેણીના હૃદયમાં લાંબા સમયથી મદનાનળ સળગતો હતો.

" ઠીક તેની શાન્તિ કરવા તેણીએ તારી પાસે પ્રાર્થના કરી તે તેં ન સ્વિકારી એમ તું કહેવા માગે છે ? !

જી. હા.

" રામ રામ કર. એકાંતે ને અંધારે આખા શહેરમાં સર્વોત્તમ સુંદરતા ધરાવતી સુંદરી સ્વેચ્છાથી ચાલી આવી તારૂં શરણ ઇચ્છે ને તું યૌવનપુર્ણ હોવા છતાં તેનો અસ્વિકાર કરે તે બનવું અસંભવિત છે.

" મહિધરકાકા, મને બાલ્યાવસ્થાથી સ્ત્રીજાત ઉપર ધિઃક્કાર છે.

" ગમે તેવો ધિઃક્કાર હોય પણ જેમ કાષ્ટમાં સદાય અગ્નિ વશેલો છે તેમ પુરૂષ માત્રમાં સદૈવ ગુપ્ત કામદેવ વસેલો છે તે અનુકુળ સામગ્રી મળતાં સળગી ઉઠયા વિના રહેજ નહીં. તું કહે છે ખરો પણ મારા આજ સુધીના અનુભવ તેમજ અનુમાનથી ઉલટું લાગે છે.

" અફસોસ કાકા અત્યારે આપ એ વાતની ના કહો ને હું હા કહું તેમાં કાંઇ વળવાનું નથી પણ વખત જાય છે તેમ આપને શરણે આવેલો આપને આ પુત્ર ખુની ઠરવાની અણી ઉપર આવતો જાય છે માટે કૃપા કરી માર્ગ બતાવો એટલી મારી યાચના છે.

" તને મદદ કરવા મારી ના નથી પણ ચતુરાનાં વક્ર કટાક્ષથીજ પુરૂષ વિંધાઈ જાય છે. તેણીની સુંદરતા જોતાં ભલભલાનાં ભાન ભૂલાઇ જાય છે. તેણીની વચન માધુર્યતામાં કંઇક ઘેલા બની જાય છે. તેનો અનાદર થવો એ અતિ આશ્ચર્યજનક છે.

" જે સ્ત્રીને આપ આટલી બધી ઉપમા આપોછો તે સ્ત્રી મારે મન નર્કના કુવા સમાન છે. વારંવાર જન્મ મરણ લેવરાવનારી અને જમપુરીમાં નાંખનારી છે. ઝેરમાં ને અગ્નિમાં જે ગુણ છે તે બંને એમાં સાથેજ વસેલા છે. એની વક્ર ભ્રગુટી સજેલી તરવારની ધાર સમ છે. તે જેના ઝીઘરમાં પેસે છે તેનાં કાળજાં કાઢી લે છે. કાજળ નાંખી કાળી કરેલી આંખ્યોમાં લાજ રહી શકતીજ નથી. તેણીનાં નાક કાન કાપી તેમાં દાગીના નાંખેલા હોવાથી તે સદાય નકટી બેશરમ રહે છે. રાતા હાથ પગ અને દાંત જાણે હાથ પગથી મનુષ્યનું માંસ તોડયું હોય ને તે દાંતથી ખાધું હોય એવું સૂચવે છે. તેણીનું ઝીણું બોલવું પુરૂષનું હિણું કરનાર હોય છે. અને લાજ કાઢીને ચાલવું એ પુરૂષનું ધ્યાન ખેંચવાને માટેજ હોય છે. તેથી મને તે જાતને મૂળે વિશ્વાસજ નથી તો પછી હું તેમાં કેમ બંધાઉં–લોભાઉં–મોહાઉં ! ! તેણી ઉંદરની પેઠે મને ફૂંકી ફૂંકીને ખાવા આવી પણ કાંઇ

ફાવી શકી નહીં. જે સ્રીનો પડછાયો પડે તો સર્પ આંધળો થાય ને લાગેલો ઘા રૂઝાય નહીં તેનો સંગ કરૂં તો મારી શી વલે થાય ? ! તેણી મધ્યરાતે મારી પાસે આવી તેજ તેના સાહસિકપણાની સીમા દેખાડે છે. સ્રી જાતેજ પૂર્વે કહી તેવી નિંદનીય છે અને તેમાં વળી કામસિંહથી ગર્જતા હોય તેના સંસર્ગથી હું કેમ જીવતો રહી શકું ? ! ! મને ઐતિહાસિક દૃષ્ટાન્તોથી શિક્ષણ મળ્યું છે કે પૂર્વોક્ત સમઝણને અભાવે બ્રહ્મા સરસ્વતી વાંસે દોડયા હતા, શંકર મોહિનીમાં આસક્ત થયા હતા, ઇંદ્ર અહલ્યામાં ભાન ભૂલ્યો હતો, સૌભરી ઋષિનું તપ બરબાદ થયું હતું, તેમજ એકલશ્રૃંગી પણ ભરમાઈ ગયા હતા એવી સ્રી જાતને ધિઃક્કાર! ઉપરથી ઉજળી ચામડી મઢેલી હોય છે તે દેખીને પુરૂષ મોહ પામે છે પણ અંદરથી મજ્જા, મદ, માંસ, હાડકાં, ચામડાં આદિ અપવિત્ર પદાર્થો ભરેલા હોય છે. તેનું જો પાત્ર ભર્યું હોય તો સામું જોવું પણ ન ગમે ! તેમાં મને કેમ રૂચિ ઉપજે અને એવી નષ્ટ ચીજને માટે મારૂં શ્રેષ્ઠ તપ હું કેમ ભંગ કરૂં ? માટે હું ઇશ્વર પ્રતિજ્ઞાથી સત્ય કહું છું કે મારો દૃઢ નિશ્ચય એને એની જાત ઉપરના ધિઃક્કારનું કારણ બન્યો અને તેના પરિણામમાં આત્મઘાત કર્યો, આ સત્ય વાર્ત્તા છે. પણ પ્રભાતે મારી વાત કોઇ માનશે નહીં ને મારે નિર્દોષ ખુની તરીકે જગત ઉપર જાહેર થઇ મરવું પડશે માટે કૃપા કરી મને બચાવો .આપને શરણે છું (કહી પગમાં પડે છે.)

" પ્રિય સુમતિ તારી અત્યારની સ્થિતિ, બોલવાની ઢબ અને સ્રી જાત માત્ર પ્રત્યેનો અંતઃકરણ પૂર્વક-

નો ધિઃક્કાર મારી ખાત્રી કરી આપે છે કે તું નિર્દોષ છું અને તું મને જે કામ માટે તેડવા આવ્યો છું તેની સૂચના મને થોડા સમય પૂર્વે મારી ઇષ્ટ દેવી કરી ગઇ છે માટે ચાલ તને મદદ કરવા તૈયાર છું. ખુણામાં પડેલી ખાલી પેટી લઇ લે અને જલદી ચાલ.

"જેવી આજ્ઞા" કહી પેટી ખભે લઇ સુમતિને મહિધર ઘર બહાર નીકળ્યા. મહિધરને નીકળતાં ઠેસ વાગી કંઇક અનિષ્ટની શંકા થઇ. પણ પરમાર્થ કરતાં એવી નબળાઇને આડે લાવવી ઉચિત નહીં માની બંને ચાલ્યા ને થોડીવારમાં દુકાને આવી પહોંચ્યા. સુમતિએ પેટી નીચે મૂકી દુકાનનું તાળું ઉઘાડયું. દીવો બળતો હતો ને ડાબી બાજુ વિશ્વપ્રભાનું લોહીમાં ડુબેલું મડદું પડયું હતું. તેને જોઇ મહિધરને પણ કંપારી આવી. સાડી ને પોલકું લોહીમાં ડુબી ગયાં હતાં. સર્વાંગ બિહામણું લાગતું હતું, ઝાઝી વાર જોઇ રહેવાનો કે વિચાર કરવા પૂરતો વખત ન હોતાં બંનેએ સાથે મળી મડદુ ઉચકી પેટીમાં નાંખ્યું ને બંધ કરી સાંકળ દઇ સાથે મળી દુકાન બહાર કાઢી, દુકાન પાછી બંધ કરી. બંનેએ પેટી કાંધે લીધી ને ઝપાટાબંધ ચાલવા માંડયું. શહેરના કિલ્લાના ખંડીત ભાગથી બહાર નીકળી સ્મશાનમાં આવી પેટી મૂકી ને ખાડો ખોદી વિશ્વપ્રભાનું શબ દાટી દીધું ને પેલા જીવલેણ ઘોરખોદીયા જનાવરની બ્હીકથી પેટી લેવી વિસરી ગઇ. નાહી ફિકર ને ભયમાં બંને જણ પોતપોતાને ઘેર ગયા. જે પ્રસંગ આપણે વાર્તાની શરૂઆતમાં પહેલા પ્રકરણમાં વાંચી ગયા છીએ.

પ્રકરણ ૧૧ મું.

પેટીનો તપાસ.

મોહિની નગરમાં પ્રભાત થયું છે. સ્મશાનરક્ષક પોતાની જગ્યામાં ફરવા નીકળ્યો છે તો એક જગાએ તરતની ખોદેલી ને તે ઉપર ધુળ વાળી દીધેલી જગ્યા નજરે પડે છે તેમજ પાસે નકશી વાળી પેટી ઉઘાડી દેખે છે. પેટીની અંદર જોતાં લોહી ભરેલું છે. તેને હલાવતાં માંહેથી સ્ત્રીઓને નાકે પહેરવાની હીરાજડીત નથ હાથ આવે છે, આથી નવાઇ પામેલો સ્મશાન રક્ષક " આ કોનું હશે ? અહીં કોને દાટ્યું હશે? એક રાતમાં મને ખબર નહીં તેમ કોણ શું દાટી ગયું હશે ! " ઇત્યાદિ અનેક વિકલ્પ કરવા લાગ્યો. " વખતે ફોજદારસાબ જાણશે તો જાહેર ન કર્યા બદલ મનેજ ગુનેગાર ઠરાવશે માટે ચાલ જીવ આ પેટી લઇ જાહેર કરી આવું: પછી પેટી જાણે ને ફોજદાર જાણે. હું તો આ નવી પીડામાંથી છુટું. " એમ નિર્ણય કરી પેટી માથે લઇ ગામમાં આવવા નીસર્યો.

બીજી બાજુ પ્રભાત થતાં વિશ્વપ્રભા ઘરમાં નહીં દેખાવાથી બધે શોધ થઇ રહી. થોડી વાર ગુપચુપ શોધ થઇ છેવટે વાત બહાર આવી ને વિશ્વપ્રભા જડતી નથી, જડતી નથી એમ વાત બધે ચાલી. ઇન્દિરાને તથા કેસરીને કાને પણ આ વાત ગઇ પણ સઉ પોતપોતાના

મનમાં સમજી રહ્યાં. ને ધાર્યું કે સુમતિને ઘેર ગઇ હશે કીંવા ત્યાં ગયા પછી કંઇક નવા જુની થઇ હશે ! હશે, જે હશે તે વાજતું ગાજતું માંડવે આવશે બોલીએ તો આ જમાનામાં ઉલટાં દંડાઇએ માટે ન બોલ્યામાં નવ ગુણ એમ વિચારી ચૂપ રહ્યાં. તપાસ કરતાં બપોર થયા પણ ગામમાં પત્તો મળ્યો નહીં. એટલે નદી, તળાવ, કુવામાં તપાસ કરાવવા માંડયો તે પણ નકામો જણાયો. અન્તે સાંઝ પડતાં પોલીસને જાહેર કર્યું ને સગાં વહાલાંએ માની લીધું કે નક્કી વિશ્વપ્રભા નાશી ગઇ. ગામમાં નથી તેમજ વાવ કુવે પડી નથી. પણ છેવટ ન થાય ત્યાંસુધી સઉના જીવને જંપ ન વળ્યો. કેયુરક ગામથી આવ્યો તેને આ હકિકત કહેવામાં આવતાં તેણે જવાબ દીધો કે “ શિર સલામત્ત તો પઘડીયાં બોત. બંદા આબાદ છે તો એવી એકાશી લાવીશું વિગેરે” આ સાંભળી સઉએ દિંગમૂઢ થઇ ગયાં. વિશ્વપ્રભાનાં મા બાપ બિચારાં ગભરાઇ ગયાં હતાં ને પત્તો ન મળે ત્યાં સુધી તેમના જીવ પડીકે બાંધ્યા હોય તો બંધાય તેવાં રાંક થઇ ગયાં હતાં ને ગુપ્ત શોધ ચલાવતાં હતાં.

પોલીસ ઓફીસે લોહીવાળી પેટી રજુ થતાં તેઓએ કબજામાં લીધી ને તપાસતાં માણસનું લોહી છે તેથી ખુન થએલું છે એમ નકકી થયું. પણ તે કોનું અને કોણે કર્યું તે ચોકશ થયું નહી. ત્યાં વિશ્વપ્રભા ગુમ થયાની વાત જાહેર થવા આવી તેથી શક ગયો કે વખતે દાગીનાની લાલચે તેણીનું ખુન કોઇ હરામખોરે કર્યું હોય ! આ શક ઉપરથી તે પેટી સ્મશાનના જે ભાગમાંથી મળી હતી ત્યાં સ્થાનિક ચોકશી કરવા સારૂ ગયા

ને તરતની દાટેલ લાશ બહાર કઢાવી તો વિશ્વપ્રભાનીજ નીકળી. ડૉકટર પાસે તપાસ કરાવી તો ઝેરથી કે બીજી કોઈ રીતે નહી પણુ પેટમાં કોઇ જાતનું હથિઆર ખોસવાથી મોત થએલું છે એવો અભિપ્રાય લખાઈને આવ્યો. ને તેવો જાહેર રિપોર્ટ રાત પડતાં ત્યાંના મહારાજાને કરતાં તે વાંચી મહારાજાને પણુ બહુ નવાઇ લાગી. આખા ગામમાં આ વાત વાની પેઠે ઉડી ગઇ. ને વિશ્વપ્રભાનું કોઈએ ખુન કર્યું એવી બૂમ ચાલી. તેનાં માતા પિતાને તેમજ સાસરીયાંને આ હકિકત જણુાવતાં સઉએ તેના નામનું રડતાં—કકળતાં પીડાતાં સ્નાન કર્યું ને આ ખુન કરનાર ખુનીને પકડવાની લીખીત અરજ રજુ કરી. મહારાજાના મન ઉપર પણુ આ વાત આવી. કારણુકે નગરશેઠની એકની એક પુત્રી હતી તેથી તેને પણુ લાગણી થઇ. અને આવી રીતે મોત નિપજાવનારને પકડવો તો જોઇએ તે વાત તેના મન ઉપર સજ્જડ ઠસી ગઇ અને વઝીરને આ કેસનો ખુની પકડી રજુ કરવાની સખત તાકીદ કરી. વઝીરને નોકરીની સરતે તે કબૂલ કરવું પડયું ને કચેરીમાંથી તરતજ નીકળી પોલીસ કોર્ટે આવી શબને જાતે જોયું. ડૉકટરનો અભિપ્રાય વાંચ્યો વિશ્વપ્રભાના શરીર ઉપર દાગીના બધા આબાદ જોઇ નકકી થયું કે ખુન દાગીના માટે તો થયું નથી પણુ બીજું કાંઈ ગુપ્ત કારણુ હોવું જોઇએ. તેથી વિશ્વપ્રભાની ચાલ ચલગત વિષે બારીક તપાસ કરવાનું મન સાથે ઠરાવી શબને તેનાં સગાં વહાલાંને સોંપાવી દીધું. તેઓએ તેને અગ્નિસંસ્કાર કર્યો ને મુદ્દા માલમાં મલેલી પેટી, તેમાંથી નીકળેલ નથ તથા શબ

ઉપરથી કાઢી લીધેલા કીમતી દાગીનાનો નોંધ કરી તે કેસના કાગળો સાથે રાખ્યો.

વઝીરે તેનાં સાસરીયાંમાં વિશ્વપ્રભાની વર્તણુંક વિષે પૂછપાછ કરી તો અસંતોષ જાહેર થયો નહીં તેની સખી ઇન્દિરાને પૂછતાં કાંઇ ભેદ કળાયો નહીં. પોતે તો ઉજાણીમાં ગયાનું બાની કાઢી વિશ્વપ્રભાને હું ભેગાં થયાંજ નથી, એમ વાત ઉડાવી દીધી. તેથી નાસીપાસ થયો ને બીજી રીતે શોધ કરવા તરફ વળ્યો. વિશ્વપ્રભાનો ધણી છોકરો કયુરકના મિત્રો કોઇ કેયુરકની ગેરહાજરીમાં વિશ્વપ્રભાથી મળતા કે નહીં તે શોધ કરી. પણ તેમાંથી આ વિષે કાંઇ શક પડે તેવી હકીકત મળી નહી.

ઘરમાં એક ખાટલામાં પડી રહેતા વૃદ્ધડોસાને પૂછતાં વહુ માટે કાંઇ અસંતોષ જણાવ્યો નહીં જેથી વઝીર લાચાર થઇ ગયો. ને હવે કઈ રીતે શોધ કરી ખુનીનો પત્તો મેળવવો એના વિચારમાં પડયો. ગામમાં જે જે શકદારો હતા તેનો પોલીસ ઓફીસે રહેતા પત્રક પ્રમાણે તપાસ કરી. તે દરેકની પછવાડે ડીટેકટીવ (છુપી પોલીસ) ના માણસોને યોજી દીધા ને તે દરેકની છાયા રૂપે રહેવાની તથા તેઓનાં દરેક કામ બારીકાઇથી જોઇ રોજંદો રીપોર્ટ આપવાનું સૂચવી દીધું. ગામની સામાન્યાઓનાં ઘર (ગુણકાઓનાં ઘર) રાત વખતે તપાસવા માંડયાં. ને તેઓનાં ઘરોમાં જતા આવતા લોકોનાં નાંમો મેળવી તેઓની વર્તણુંક વિષે શક પેદા થતાં તેઓની પછવાડે જાસુસો રાખ્યા. એમ કેટલીક રીતે તપાસ શરૂ કીધી. ત્રીજી બાજુ સુમતિને મહિધર આ વિષે થતા તપાસ તરફ ઝીણી નજરથી ધ્યાન રા-

ખતા હતા. ને તટસ્થ રીતે મિત્રોમાંથી સગાં વહાલાં-માંથી, સરકારી નોકરોથી દુકાને બેસવા આવતાં માણુ-સોથી હકીકત મેળવતા. ને બ્હીતા રહેતા. દુકાનમાં સાફ સુફ એવું કરાવ્યું હતું કે કોઇને પણ શક જાય નહીં.

પ્રકરણ ૧૨ મું.

એક યોગીની સલાહ.

દિવસો ઉપર દિવસો જવા લાગ્યા. પણ ખુનીનો પત્તો લાગ્યો નહીં. વઝીર મૂઝાવા લાગ્યો. એક વખતે તે ગામ બ્હાર નીકળ્યો હતો. ત્યાં અબધુત યોગી ફક્ત લંગોટી વાળી તથા ચીપીઓ પાસે રાખી એક રાણના ઝાડ તળે બેઠો હતો. આગળ ધુંણી સળગ-તી હતી. તે શિવાય તેની પાસે કાંઇજ નહોતું. તેણે આખી શરીરે રાખ ચોળી હતી, ને ધ્યાનમાં હતો. પાસે પાણી પીવાનું પાત્ર પણ ન્હોતાં વઝીરને તેના દેહ નિ-ર્વાહને માટે આશ્ચર્ય લાગ્યું. ને સાધન રહિત દશામાં તે પોતાનું ગુજરાન ચલાવતો હશે માટે કંઈક દૈવત વાળો હશે એમ માની પાસે જઇ નમન કરી બેઠો થોડી વારે અબધુત જાગ્રત થતાં વઝીરને જોઈ બોલ્યા. “ક્યું રાજનિતિજ્ઞ પુરૂષ, ઇધર આનેકી કયા જરૂર પડી ?”

“ મહારાજ, ઇહાંકા નગર શેઠકી લડકીકા ખુન હુવા હય, ઈસકા ખુન કરને હારાકા પત્તા મીલાને વાસ્તે

ફીરતા હું.

ખુંનીકા પત્તા નહી મીલતા હય ? !

" નહીં મહારાજ. બહોત દિન હુવે. અબ મહારાજાકું મ્હોં દીખાના કઠીન હય.

" બાત સચ હય. જીસ જગા પર ખુન હુવાથા ઓ. જગા તું બતા શકે તો મેં ખુની પકડ દઉં.

" ઓ બી માલુમ નહીં. કે કોનસી જગાપર ખુન હુવાથા.

" મહારાજ. મસાણમેં ઓ લડકીકી લાશ જમીનમાં દાટીથી. વહાંસેં ભેદ ખુલ્લા હુવા હય. ઇસ અવલકી બાતકી કુછ ખબર નહીં.

" કુછ મુદ્દા માલ હાથ આયા હય ?

" જી. હા. એક પેટી. જીસમેં મુડદા ડાલકે મશાનમેં ખુની લોક લે આયે થે ઓ પેટી. ઓર કીંમત દાગીને જો ઓ લડકી કે શરીર પર થે.

" અછા. ઓ પેટી મંગાવો. અબી ભેદ મીલ જાયગા ગભરાના નહીં.

યોગીની હીંમતથી, વઝીર જે હીંમત હારી ગયો હતો, તે હીંમતમાં આવ્યો. અને એકદમ ખુનથી ખરડાયલી પેટી ઉપાડી મંગાવી. હજુ લોહીના ડાઘ તાજા હતા. તદન સુકાઇ ગયા નહોતા. તે પેટીને યોગી ઉભાં થઇ આશ પાસ ફેરવી ફેરવીને બારીકાઈથી જોઇ. ખુબ તપાશ્યા પછી જાણે કાંઇક વિચારમાં પડી ગયો હોય. તેમ લગભગ અડધો કલાક ચુપચાપ નીચે બેશી ગયો. ને ધ્યાનધરી રહ્યા પછી વઝીર તરફ ફરીને બોલ્યો.

" અયે વઝીર, એ ખુન નહીં હુવા હય. મગર

આત્મઘાત હુવા હુય.

" મહારાજ તે આપે કેમ જાણ્યું.

" ઇસ પેટી પર જાસ્તીકી કુછ નિશાની નહીં હુય. લેકીન એક કમનશીબ ઓરતકા મરણ કે બખતકા તડફડાટ હુય.

" મહારાજ મરણકે બખતકી નિશાનીયાં હુમેરેકું તો કુછ માલુમ નહીં પડતી હુય ? ઓર આપકું કયું માલૂમ હુઇ ?

" તુમ લોકને દ્રષ્ટિ એસી બનાઇ નહીં હે. હુમ લોકને યોગકે પ્રતાપસેં ઐસી દ્રષ્ટિ બનાઇ હુય કે કોઇ બી જગાહ પર જો કુછ મનોવિકારકી પ્રતિછાયા પડ જાતી હુય ઓ બી હુમ દેખ સકતે હુય. તે શારીરિક ચેષ્ટાકી પ્રતિછાયા હુમ પિછાન શકે. ઇસમેં કુછ આશ્ચર્ય જેસા નહીં હુય.

" મહારાજ ઓ ઓરતને કોનસેં કારણસેં આત્મઘાત કીયા હોગા ?

" ઓ તેરા પ્રશ્ન અબી હુવા. ઇસ લીએં જવાબ નહીં મીલેગા. નેં શોધાલે.

" જેસા આપકા હુકમ. લેકીન કોનસી જગામેં ઓ કામ કીયા હોગા ઓ આપ તબાવતો બડી મેરબાની.

" ઇસકે બાસ્તે ઐસા કર જો સુતારને ઇસ પેટી બનાઇ હે ઇસકા પત્તા મીલાકે ફીર તપાસ કરેગા તો સબ ભેદ મીલ જાયગા. અબ તુમ જાવ. અમેરા બખ્ત હો ચુકા.

" જેસા હુકમ.

ફરી વઝીર મનમાં ખુશી થતો મગે લાગી ગામમાં આવ્યો અને બધા સુતારોને ભેગા થવાનો ઢંઢેરો પી-

ટાળ્યો.

રાતે નવ વાગે બધા સુતારો ભેગા થાય ને તેઓની વચમાં પેટી લોહી વાળી ધરી કહેવામાં આવ્યું કે આ પેટી કોણે ઘડી છે ?

બધા સુતારો એક પછી એક જોઇ ડોકું ધુણાવી આઘા ખશી ગયા છેવટ એક વૃદ્ધ સુતારે પેટી જોઇ ખાત્રી કરી. વઝીરને હાથ જોડી બોલ્યો "વઝીર સા'બ આ પેટી મેં ઘડી છે.

સ્વાલ. કેટલી ઘડી હતી.

જવાબ–ત્રણ.

સ્વાલ–તે કોને કોને આપી હતી ?

જવાબ એક મહારાજાને, બીજી નગરશેઠને અને ત્રીજી મહીધર રાજ્યપૂરોહિતને.

સ્વાલ–તેને કેટલાં વરસ થયાં ?

જવાબ–આશરે ચાલીશ વર્ષ થયાં હશે 'ઠીક' કહી નામ-ઠામ લખી સઉ સુતારોને રજા આપી. ને પેટી કોને ઘેર નથી તે શોધવા જાતે નીકળ્યો. પ્રથમ મહારાજાના તોષાખાનામાં તપાસ કર્યો તો ખુન વાળી પેટીના નમુનાની પેટી તેમાં દાગીના ભરેલી દીઠી, તેથી સંદેહ ટળ્યો. ને પછી વિશ્વપ્રભાના બાપને ઘેર આવ્યો, ત્યાં આવી તેના ઘરમાંની બધી પેટીઓ ખાલી કરાવી નજરે જોઈ. તેમાં પણ પેટી દીઠી, તેથી રહ્યું ફક્ત મહિધર પુરોહિતનું ઘર, તેને ઘેર આવ્યો. મહિધરે સત્કાર પુર્વક વઝીરને બોલાવ્યો–બેસાડયો. ને આવવાનું કારણ પૂછ્યું. વઝીરે ઘરની પેટીઓ જોયાની ઇચ્છા બતાવી ત્યાં મહીધર ચેતી ગયો. તેણે રાજ્ય

હુકમને માન આપી એક પછી એક ઘરની બધી પેટીઓ દેખાડી. તેમાં પેલી નકશીદાર પેટી જોઇ નહીં તેથી શક તેના ઉપર આવ્યો. તેણે મનમાં વિચાર કર્યો કે આ બ્રાહ્મણ એવું કામ કરે એવો નથી તેમ છતાં પેટી તેને ત્યાંથી પેટી ગુમ કેમ થઇ હશે ! માટે કંઇક ભેદ હોવો જોઇએ. "વળી થોડી વાર ખમી વિચાર આવ્યો કે સુતારે કહ્યું હતું તેમ બંને સ્થળેથી પેટીઓ મળી અને આ સ્થળે નથી માટે શક લેવાને મજબુત કારણ છે. માટે પૂછવામાં હરકત નથી. એમ વિચારી ને બોલ્યો—

" મહિધર વાદળાં પાણીથી ભરાતાં જેમ વિશેષ નમ્ર થાય છે તેમ સદ્‌ગુણ પામવાથી તમો અધિક નમ્ર થએલા છો, એ હું સારી પેઠ સમજું છું. અને તેથી તમારા માટે ઉચ્ચ અભિપ્રાય ધારી તમારા તરફથી હુ જે જાણવાની આશા રાખુ છું તેમાં હું નિષ્ફળ નહીં થાઉં.

" ખચીત નહીં આપ ખુશીથી પુછો. હું જે જાણતો તથા માનતો હઇશ તે પરમેશ્વરને દ્રષ્ટિ સન્મુખ સમજી સત્યજ કહીશ.

" વિશ્વપ્રભાને તમે ઓળખો છો. ?

" જી હા. તે અહીંના નગર શેઠનીદીકરી હતી.

" તે કમોતે મરી ગઇ છે. તે વાત જાણો છો ?

" હા. કટારથી મોત નીપજતાં સ્મશાનમાં દાટી દીધી રામ.

" એટલુંજ નહીં પણ એક પેટીમાં નાંખી મકાનથી સ્મશાન સુધી તેણીના શબને લઇ જવામાં આવ્યું હતું. તે વાતની ખબર છે કે ?

" જી હા. તે પેટી સ્મશાનમાં પડેલી ત્યાંના રક્ષકે

પોલીસ ઓફીસમાં રજુ કરી છે.

" રજુ કરી છે એટલુંજ નહીં, પણ તે લોહીથી ખરડાયેલી છે. તેથી તેનું ખુન થએલું છે, એવા અનુમાનને જન્મ મળે છે.

" પેટી લોહીથી ખરડાયેલી હોય માટે ખુન થએલું હોય એવું અનુમાન બાંધવું એ ઉતાવળથી અનુમાન બાંધેલું ગણાય. શસ્ત્રથી ઘાત થએલા માણસનું શબ તરત જો પેટીમાં રાખવામાં આવે તો તે પેટી લોહીથી ખરડાય તેમાં નવાઇ નથી.

" ત્યારે શું તમે એમ કહેવા માગો છો કે વિશ્વપ્રભાનું ખુન નથી થયું ?

" જી. હા. ખુન થવાથી પણ જેમ માણસના જીવનનો અંત આવે તેમ આત્મઘાત થવાથી પણ જીવનો અંત આવે. પણ ને બેનાં ગુન્હાના સ્વરૂપમાં જમીન આશમાન જેટલો ફેર પડી જાય.

" શું વિશ્વપ્રભા આત્મઘાત કરી ને મોઇ છે તેને કોઇએ મારી નાંખી નથી ?

" તે હું નક્કી કહી શકતો નથી. પણ તે સબંધે મારો થતો અભિપ્રાય આપને નિવેદન કરૂં છું.

" ઠીક છે. હું કહી ગયો છું કે તેણીને એક પેટીમાં નાંખી સ્મશાનમાં પહોચાડવાનું કાવતરૂં કોઇ પણ બદમાશે કરેલું છે તે તમે સાંભળ્યું હશે !

" જી. હા. આપે મારી સાથેની વાતચિત શરૂ કરી તે લગભગમાંજ આપ બોલ્યા છો તે મને સ્મરણમાં છે.

" તેથીજ મારે પ્રશ્ન પુછવો પડે છે કે એ પેટીના ઘડનારને તમે ઓળખો છો ?

" જી. ના. તેની મને ખબર નથી.

" તે પેટી તમે નજરે જુઓ તો ઓળખી શકો ખરાકે કોની છે ?

" તે આ ઘડી કહી શકું નહીં ?

" ઠીક ઘડનાર કહે કે મેં ઘડી છે તો !'

" તે બને જે ઘડનાર પેટી ઘડી હોય તે કદાચ તેને ઓળખી શકે ખરો !

" અને કદાચ તે આગળ વધીને એમ કહે કે એ પેટી તમારીજ છે, તો તમારી પાસે એ માટે શું જવાબ છે ?

" એની જીભ ઝાલવા મારાથી જવાય નહીં એની જીભનો કેમ ઉપયોગ કરવો તેને માટે એ સ્વતંત્ર છે.

" મને એના સત્ય બોલવાની એકથી વધુ ખાત્રી મળી હોય ને હું પોતે પણ એના વિચાર સાથે મળતો થઇ, એમ કહું કે એ પેટી તમારી છે તો ! !

" આપ પણ મુખત્યાર છો.

ત્યારે હવે હું ખાત્રીપુર્વક કહું છું કે જે પેટીમાં વિશ્વપ્રભાને મકાનથી સ્મશાન સુધીમાં લઇ જવામાં આવી છે તે પેટી તમારીજ માલકીની છે. અને તે કેસ તમારા પોતાનાજ મકાનમાં બનેલો છે માટે સાચું કહો.

" આપ કેમ માનો છો કે એ પેટી મારીજ છે ?

તેની ખાત્રી મને થઇ ચુકેલી છે. તે હાલ તમને જણાવવાની જરૂર નથી. અત્યારે તમને હું વિશ્વપ્રભાના કેસમાં ગુન્હેગાર તરીકે જાહેર કરૂં છું, અને તમારે વગર વિલંબે મારે શરણ થઇ જવાનું હું તમને સત્તાની રૂએ ફરમાવું છું. " જોસ ધરાવી વઝીર બોલ્યો.

" જેવો હુકમ" કહી ઘરની બહાર મહીધર નીકળી ઉ-

ભો રહ્યો. તુરત પોલીસે હાથકડી પહેરાવી કબજામાં લીધો ને તેની સ્ત્રીને છોકરા સહિત ઘરની બહાર ઓસરીમાં કાઢી બારણે કડી દઈ શીલ મારી મહીધરની સ્ત્રી રડવા લાગી. માતાને રડતી જોઇ બાળક રડવા લાગ્યો. નિર્દોષ પુરૂષ પરોપકાર કરતાં પાપી ઠરી સત્તાને હાથ પડયો જોઇ સ્ત્રી છાતીફાટ રૂદન કરતી પોતાના પતિ તરફ ફરી બોલી.

" નાથ. સત્યનો બેલી ભગવાન છે. આપનું આટલું જીવન અનેક પરોપકારનાં કામો કરતાં વિત્યુ છે. નિર્દોષ છતાં અસહ્ય કષ્ટ સહ્યાં છે. આપણુ દુઃખદ પ્રસંગ પ્રાપ્ત થયો છે. આપના સહવાસમાં આવેલી હું આવા વિકટ પ્રસંગો જોવાના નશીબમાં લખાવી લાવીછું તે જોઈશ. અબળા બીજું શું કરી શકે ! આપનો છુટકારો ન થાય ત્યાં સુધી પરમકૃપાળુ ને ન્યામી પરમાત્માને આપની વ્હારે ચ્હડવા વિનવીશ. એમ છતાં વિપરિત ફળ આવશે તો આપની વાંસે હું પણ સતિ થઇશ—જીવતાં મરતાં આપ આપનેજ તજીશ. અને અન્ય ભવમાં પણ આપજ મારા પતિ નાથજો એમ સદ્રદય માગીશ. બીજું શું કહું ? મારાથી નથી બોલાતું આપ છેવટ સુધી હીંમત રાખજો અને અન્તે ધર્મે જય અને પામે ક્ષય થાય છે એ વાત સ્મરણમાં રાખજો. મારી ફિકર પરહરજો. ને પરમાર્થ કરતાં કદી પ્રાણ જાયતો જવા દેજો. પણ પ્રતમાં પાછા ન પડજો. એટલી મારી છેવટની પ્રાર્થના છે. હું જાતે સ્ત્રી છું. અજહાવાળી પણ રાત છું. પણ આપની સુશિક્ષિતા છું. સહ સંસ્કારવતી થઇ છું—પરોપકાર અર્થે સર્વેનો એક સાથે પ્રાણાંત થાય તો તે હું વિવાહ સમાન

સમજું છું. કાગડા કુતરાં જેવા મોત કરતાં આવું મોત અનંત સુફળને દેનારૂં થાય છે. અનંત કાળ પર્યંત કિર્ત્તિને ફેલાવનારૂં થાય છે. માટે આપ ખુશીથી રાજ દરબારમાં જાવ અને જેવા સત ઉદ્દેશથી આ જોખમ માથે વ્હોર્યું હતું, તેવાજ જોખમે તે ઉદ્દેશ અન્ત પર્યંત જાળવી રાખો. પ્રભુ તમને સાહ્ય થાય એમ બોલતાં વીરતા, તજજન્ય ભવ્યતા તેણીના ચહેરા પર એવાં તો સ્પષ્ટ તરી આવ્યાં કે સૌ વિસ્મય થઇ ગયાં. પણ વધુ વખત આ સ્થિતિમાં બંનેને રહેવા દેવાં એ ઠીક નહીં જણાવાથી વઝીરનો હુકમ થતાં તેને સીપાઇઓ દરબાર તરફ લઇ ચાલ્યા ને મહીધર ગુન્હેગાર અવસ્થામાં સ્ત્રીને, મકાનને તેની મમતાને અંતરથી છેલ્લા નમસ્કાર કરી સૌ ભેગો ચાલ્યો. સ્ત્રી તથા તેનાં બાળક રડતાં ઓસરીમાંજ બેશી રહ્યાં.—

પ્રકરણ ૧૩ મું.

દરબારમાં.

મહિધરને વઝીરના સિપાઇઓએ બાંધી રાજ્ય સભામાં આણ્યો. રાજ્યસભા માણસોથી ચિકાર ભરાઇ હતી. વિશ્વપ્રભાનાં માતાપીતા, તેનો ધણી દૈયુરફ તથા બીજાં સગાં વહાલાં કેસ જોવા આવ્યાં હતાં. મહિધરની મુખમુદ્રા તદન શાન્ત હતી. તેના ઉપ-

ર ગભરાટનું એક પણ ચિન્હ જણાતું હતું નહીં. ઉચ્ચ આસને મહારાજા બિરાજ્યા. પછી વઝીર તેમજ બીજા બધા અમીર ઉમરાવ અને કારભારીઓએ પોતાની બેઠક લીધી. સઉ સઉને ઠેકાણે બેશી ગયા. પછી મહારાજા ગંભીર ગર્જના કરતા બોલ્યા.

" વઝીર. અહીંયાં નગર શેઠની દીકરી વિશ્વપ્રભાના ખુનનો બનાવ થોડા વખત ઉપર બનેલો છે, તે ગુન્હો કરનારને પકડી મારી હજુર રજુ કરવાનું મેં તમોને ફરમાવ્યું હતું તે સબંધની આજરોજ તારીખ હોતાં જે જે શોધ કરી હોય ને ખુનીનો પત્તો મળ્યો હોય તે જાહેર કરશો.—

" ખુન વાળી પેટીથી સાબિત થયું છે કે આ મુકદમાનો ગુન્હેગાર પુરોહિત મહિધર છે.

" ખુન વાળી પેટીનો માલેક એ પોતે છે ?

" જી હા. જે સુતારે ઘડી હતી. તેણે પણ તે પેટી ઘડી પુરોહિતને સોંપ્યાનું કબુલ કર્યું છે.

" ગુન્હેગાર ગુન્હો કબૂલ કરે છે ?

" જી. હા.

" કેમ ગુન્હેગાર તેં વિશ્વપ્રભાનું ખુન કરવાનો ગુન્હો કર્યો છે ?

" જી ના.

" તેં નથી કર્યો ત્યારે કોણે કર્યો છે.

" તે સ્વાલ મને ન પૂછશો. તેનો જવાબ હું દઇ શકીશ નહીં.

" કારણ ?

" કારણ ઘણુંજ ગુપ્ત છે.

" ન્યાય આસન આગળ કોઇ વાત જાહેરમાં નજ મુકાય તેવી હોતીજ નથી. અને તેને ગુપ્ત હોવાનું જણાવી જાહેર ન કરવાની હઠિલાઇ પકડવી એમાંજ ગુન્હાનું સ્વરૂપ સંતાયલું છે.

" કેમ મહીધર આ સબંધે તારો શું બચાવ છે તે રજુ કરીશ ? !

" કદી હું કરીશ પણ અત્યારે મારા તરફ બધી રીતે ગુન્હેગારની નજરથી જોવાય છે. ત્યાં મારી વાત ટકી શકશે નહીં, માટે મને માફી મળવી જોઇએ.

" સાચી વાત કોઇ દીવસ ખોટી ઠરતી નથી અને ખોટી વાત સાચા તરીકે જાહેર કરતાં તે ખરી બનતી નથી. માટે કહે કે વિશ્વપ્રભાનું ખુન કરનાર કોણ છે ?

સાહેબ–વિશ્વપ્રભાનું ખુન થયું નથી. પણ તેણીએ પોતેજ આત્મઘાત કર્યો છે.

" આત્મઘાત કઇ જગ્યા એ કર્યો ?

" તે કારણ ગુપ્ત છે.

" શ્યા માટે કર્યો ?

" તે કારણ પણ ન જણાવી શકાય તેવું છે.

" વિશ્વપ્રભાના શબને સ્મશાન સુધી પેટીમાં નાંખી લઇ જનાર કોણ ?

" હું પોતે.

" પેટી કોની ?

" મારી પોતાની.

" તારી પોતાની માલેકીની પેટીમાં નાંખી વિશ્વપ્રભાનું શબ સ્મશાન સુધી તું પોતેજ નાંખી આવનાર તેમજ દાટનાર છે એમ તું કબુલ કરે છે અને આત્મઘા-

તનું સ્થળ તથા તેમ થવાનું કારણ ગુપ્ત હોવાનું જાહેર કરે છે તેથી મજબુત રીતે તારી ઉપરજ શક આવે છે. માટે તારા બચાવના જે ગુપ્ત કારણો હોયતે જાહેરમાં નહીંતો ખાનગીમાં પણ કબુલ કર.

" નામદાર પ્રાણાંતે પણ હું તે કહી શકનાર નથી.

" તારી આ હઠ ગુન્હાને વિશેષ મજબુત કરે છે. માટે સત્ય ન્યાય થવાની ખાતર હું એક વધુ વખત પણ કહું છું કે ખરી વાત જે હોય તે કહી દેવી.

" મારા પ્રાણ કરતાં મને પ્રતિજ્ઞા વધુ વહાલી છે.

" તો પછી સીદ્ધિ રીતે તું વિશ્વપ્રભાનો આત્મઘાત કરનાર ખુની છે? એમજ માનવાને અમને ફરજ પાડેછે.

" મેં આપ નામદાર આગળ જે જે હકીકત રજુ કરી છે તે સત્યજ જાણી કરી છે. તેમ છતાં આપને અસત્ય જણાતી હોય ને મનેજ ખુની તરીકે માનવામાં આવતો હોય તો મારાં અદ્રષ્ટ.

" ન્યાયને અને અદ્રષ્ટને કાંઇજ સંબંધ નથી. "અદ્રષ્ટ" એ નિર્માલ્ય ને દગાખોર લોકોનો ઉપલક બચાવ છે. પણ તે એવો નથી કે તેના ઉપર વજન રાખી તારા જેવા ખુની માણસને જીવતો મૂકી શકાય. તું આત્મઘાત થયાનું કબૂલ કરે છે પણ સ્થળ તથા કારણ કહી શકતો નથી તે તારી હઠીલાઇ મને બેહદ દિલગીરી પેદા કરે છે. અને લાચારી સાથે મને ઠરાવ કરવાની ફરજ પાડે છે કે તને આજ સાંજે સાત વાગે જીવ જતા સુધી ફાંસી દેવી. છેલ્લો હુકમ બહાર પડતાં સૌનાં મોંઢાં ફીક્કાં પડી ગયાં. અને ગજબ થઇ એમ નીચે મ્હોંએ જીભ દાબવા લાગ્યા તેવામાં બહારથી " ચાલો આઘા ખસો આઘા

ખસો ” ની બૂમ સંભળાઇ. થોડી વારમાં એક અઠ્ઠાવીશ વર્ષનો ફૂટતી મૂછનો ખુબ સુરત યુવાન લોકના ટોળાને ચીરી મહારાજાની સન્મુખ સ્ઉકેરાયલે ચહેરે આવીને ઉભો રહ્યો. તેનું સર્વાંગ કંપતું હતું. પેરવેશ સાદો પણ સુંદર લાગતો હતો. તેની વિશાળ આંખ્યો, ઉંચું ભાલ અને નમણું નાક જોનારને મોહ ઉપજાવે તેવાં ઘાટીલાં છે. ગોર વદન અને સીધા સોટા, સરખી શરીરકૃતિ ખુબસુરતીમાં વધારો કરતાં હતાં. આ પુરૂષે આવી બે હાથ જોડી નમન કર્યું ને કેમ આવવું થયું છે તેના જવાબમાં તે યુવ બોલ્યો કે–

“ પૃથ્વીનાથ, વિંધ્યપ્રભાના કેસનો ગુન્હેગાર હું છું. આ મહિધર નથી. માટે તેની સજામાંથી તેમને મુકત કરી મને કરવી જોઇએ, એટલી મારી પ્રાર્થના છે.

“ અરે જુવાન માણુસ તું કાંઇ નિશો કરીને આવ્યો છે?

“ જી. ના. હું સાવધ છું અને જે કહું છું તે ખરૂંજ કહું છું કે એ કેસનું મૂળ કારણ હું છું.

“ એ કેસના ખુનીને ફાંસીની સજા અહીંથી ફરમાવવામાં આવી છે તેચી તને ખબર છે ?

“ તેથીજ હું હાજર થયોછું. કે વખતે ખોટો માર્યો જાય ને ખરો ગુન્હેગાર રહી ન જાય.

“ આશ્ચર્ય ! એક ખુન માટે બે જણ ફાંસીને લાકડે લટકવા તૈયાર થાય છે, માટે આ કેસમાં કંઇક ઉંડો ભેદ હોવો જોઇએ. (અને મનમાં વિચાર કરી પ્રકાશ) ઓ જુવાન દિવાના તું ખુની કેવી રીતે ઠરવા માગે છે. તે મને સમજાવીશ.

“ જી. હા. વિંધ્યપ્રભાનું ખુન મેં કર્યું ને પુરોહિતને

ત્યાંથી પેટી માગી લાવી તેમાં નાંખી સ્મશાનમાં જઇ દાટી આવ્યો. બસ. માટે હું ખુની

" સાહેબ. એ યુવાન ખોટું બોલે છે. એ મારા જેવા જઇફનો દેહ બચાવવા ખોટું પોતાને માથે વ્હોરી લે છે. પણ ખરેખરી રીતે હું ગુન્હેગાર છું, માટે મને ફાંસી મળવી જોઇએ પુરોહિત બોલ્યો.

" (રાજા ગભરાઇને સ્વગત) આમાં જરૂર કાંઇક ઉંડો ભેદ છે. માટે તે માલુમ પડે નહીં ત્યાં સુધી સજા કરવાનો ઠરાવ મૂલતવી રાખવો જોઇએ. (પ્રકાશ) હાલ કોચેરી બરખાસ્ત કરો ને માત્ર આ યુવાનને રાખી બાકી બધાને રજા આપો.

તે પ્રમાણે હુકમ થતાં આખા દિવાનખાનામાં માત્ર મહારાજા અને સુમતિ બેજ રહ્યા. મહિધરને ત્યાંથી ખસેડી બીજા ખંડમાં બેસારવામાં આવ્યો, પછી મહારાજા સુમતિને ઉદ્દેશી બોલ્યા.

" બેટા સુમતિ, તું હજી જુવાન છે. વિશ્વપ્રભાના ખુનનો ચાર્જ તું સ્યા માટે માથે લઇ લે છે તેનું કારણ તું જાણતો હોય તે બીન અંદેશો બરાબર કહે.

" નામદાર, ખરી હકીકત કહીશ. પણ આપને મારા બોલવાપર ભરૂસો આવશે ખરો ! ?

" જરૂર. મને તારો ભરૂસો છે. તું જાતે મને પ્રમાણિક જણાય છે. માટે જે હકીકત હોય તે સાચી કહે.

" અન્નદાતા, જે દીવસે ખુન જાહેર થયું તેની પહેલી રાત્રે વિશ્વપ્રભા મારી દુકાને એકલી આવી હતી ને મારી પાસે નીચ માગણી કરી મેં તેન સ્વીકારતાં તિરસ્કારી કાઢી તેથી. તેણીને કાળ ચઢયો ને પોતાના પેટમાં ક-

ટાર મારી મરી ગઈ.

" તું વાત કરે છે કે વિશ્વપ્રભા મારા પર આશક થઇ હતી તેની કાંઇ ખાત્રી આપી શકીશ ? !

" જી. હા. કેસરી પટાવાલા પાસે એનો સ્વહસ્થનો મારા ઉપર લખેલો પ્રેમપત્ર છે.

" તેની પાસે કયાંથી તે તારો મિત્ર છે.

" સાહેબ મિત્ર નથી. પણ વિશ્વપ્રભાએ લખેલા કાગળ વચ્ચેથી પડાવી તેણીનાની પાસેથી નાણું કડાવવાનો તેનો ઇરાદો હતો.

" તેમાં તે ફાવ્યો હતો ખરો ?

" નહીં. જેમ તે રૂપીયા પડાવી શકયો નહોતો તેમ તે કાગળ તેણીને કે મને પણ આપ્યો નથી, પણ તેની પાસેજ છે.

આ સાંભળી એકદમ કેશરી નામના પોસ્ટના પટાવાલાને બોલાવી મંગાવવા હુકમ આપ્યો ને વાત ચાલુ રાખી.

" ઠીક. પછી

" પછી તે કાગળ તથા તે સાથેની છબી મારા દ્વારા મેળવવા મારી પાસે રાતે આવી મેં તે અપાવવા હા પાડી. પણ તેની પછીની માગણી જે તેના અંતરમાં ઘણા દીવસથી છુપાઇ રહી હતી અને જેને માટે તેણીએ કુળ લાજ મૂકી રાતે આવવાનું સાહસ ખેડ્યું હતું તેમાં તે નિષ્ફળ થઇ ત્યારે તેના અંતરની અમુઝણુ તેણીએ જીવવાનો અંત આણી કર્યો.

" તે પછી તેં શું કર્યું.

" પછી હું ગભરાયો તે પુરોહિત મહિધરને જઇ

વાત કરી મદદ માગી. તેમણે પ્રથમ તો મારા પ્રમાણિક પણા વિષે વાંધો લીધો પણ જ્યારે મેં તે વાતની ખાતરી કરી આપી ત્યારે મને મદદ દેવા તૈયાર થયા. ને પોતાના ઘરની પેટી લઇ અમો બંને દુકાને આવ્યા ને તે પેટીમાં પેલું શબ નાંખી અમો સ્મશાનમાં લઇ ગયા ને ત્યાં મેં ખાડો ખોદ્યો ને પ્રભાત થાતા પૂર્વે તેમાં નાંખી ઉપર માટી ભરી અમે નદીએ નાહી ઘેર આવ્યા પણ નશીબ યોગે પેટી સ્મશાનમાં પડી રહી ને અમો પકડાઇ ગયા. આ સત્ય હકીકત છે. હવે આપને ઉચિત જણાય તે હુકમ કરશો જે હું ઉપાડવા તૈયાર છું.

એટલું બોલી રહ્યો ત્યાં કેસરી હાજર થયો તે છબી તથા કાગળ સાથેલાવ્યો હતો. તે મહારાજાએ માગ્યાં. તુરત તેણે રજુ કર્યાં. કાગળ આખો વાંચી જોયો. વિશ્વપ્રભા કામઘેલી હતી. તેની ખાત્રી થઇ તો પણ વધુ ખાત્રી કરવા કેસરીને પૂછ્યું.

" તારે ને વિશ્વપ્રભાને કાંઇ સબંધ ખરો ?

" સબંધ નહોતો પણ જો તેની જીદંગીનું છેવટ ન આવ્યું હોતતો સબંધ થાત ખરો !

" કેવી રીતે થાત ?

" મેં હમણાં રજુ કરી તે બે વસ્તુઓથી.

" તારો ઉદેશ પૈસા પડાવવાનો હતો કે બીજો.

" બંને હતા પણ મારી ગણતરીમાં હું જરા ભૂલ્યો તેથી મેં બંને ખોયાં.

" તેં કેવી રીતે ગણતરી કરી હતી, તે સમજાવી શકીશ.

" હા. વિશ્વપ્રભા જેમ સૌંદર્યમાં અવધિ હતી. તેમ પૈસે પૂરી હતી. તે ખબર મને પડયા ત્યારે મેં મારી

રાખેલી ઇન્દિરાને કહી તેનું સખીપણું કરાવ્યું અને તે સખીદ્વારા ઉપદેશ અપાવી તેણીનું મન વિહ્વળ કરાવી સુમતિ તરફ ખેચ્યું. તે કામઘેલી કામિનીએ તેના ઉપર કાગળ લખ્યો તે મને ઇન્દિરા દ્વારા ખબર પડતાં મેં ટપાલની પેટીમાંથી હાથ કર્યો. ને વિશ્વપ્રભાને આ પાકેટ ખુલ્લું કરવાની ધમકી આપી. તેણે સો રૂપીઆ આપવાની શરતે બંને ચીજો માગી મેં તે કાલે આપવાનું કહી ઉડાવી. તેણી સુમતિ પાસે રાત્રે ગઇ હશે, ને ધારણામાં નિષ્ફળ થતાં આત્મઘાત કર્યો હશે.

" તેણી સુમતિને ઘેર સ્યાથી ગઇ ?

" મારી પાસેથી તે બંને ચીજો મળી નહીં તેથી તેના દ્વરા હાથ કરવાનું કહેવાને ગઈ હશે ।

" તેં સુ ચવેલું ખરૂં કે સુમતિ યાદ કરે છે.

જી હા. ગુન્હા માટે માફ માગુ છું તેમ કહેવામાં મારી ધારણા એવી હતી કે દારૂને આગના ભેગાં થશે એટલે સળગશે ને સળગશે એટલે એકને બદલે બંને હાથ આપશે તો ધારેલી રકમ પડાવી શકાશે. પણ સુમતિની પ્રમાણિકતાએ મને નિષ્ફળ કર્યો.

"મહારાજાએ સ્વગત વિચાર કર્યો કે વિશ્વપ્રભાને ભમાવનાર ને ફેરબે ચઢાવનાર આ કેસરી છે. માટે હવે એ સજાને લાયક ઠરે છે—સુમતિ તેમજ મહિધર નહી"

ત્યાં દુર્મિલાને તેડાવી હતી તે આવી તેનાથી કેસરી એ કહેલી હકિકત જાણી તો બંનેની જુબાની લગભગ સરખી પડી. તેથી નકકી થયું કે કેસરી તથા દુર્મિલાની પ્રેરાયલી વિશ્વપ્રભા સુમતિને મકાને ગએલીને ધારેલી ઉમેદમાં નહીં ફાવતાં આત્મઘાત કરેલો તેથી કેસરી તથા

દુમિલાને કેદમાં રાખવાનો હુકમ કર્યો ને સુમતિ તથા. મહીધરને સાબાસી આપી એટલુંજ નહીં પણ રાજ્ય પુરોહિત તરીકે તેની જીવાઇમાં વધારો કરી આપી મહિધરને ઇનામ તથા પોષાક આપ્યો અને સુમતિને પોતાના ખાનગી ને વિશ્વાસુ માણસ તરીકે મોટા માન-સન્માનથી રાખ્યો. પણ તેના મનમાં હમેશાં શંકા રહ્યાં કરતી કે સુમતિને આટલી બધી મદદ કરી ફાંસીએ ચડવા સુધીની કબૂલત કરીને સુમતિનું નામ નજ લીધું તેનું કારણ મહિધરને શું પ્રાપ્ત થયું હશે! એ શંકા તેના ઝીધરને રાત દિવસ ડંખ્યાં કરતી હતી તેથી એક દિવસે મહિધર પુરોહિતને પોતાના ખાનગી આવાસમાં બોલાવી તેને માનપૂર્વક પુછયું કે સુમતિને પ્રાણાંત પર્યંતની મદદ કરવાનું કારણ શું હતું? મહિધરે જવાબ દીધો કે પૃથ્વીનાથ એ આખ્યાયીકા ઘણીજ હૃદય ભેદક અને અનેક ગુપ્ત ભેદથી ભરેલી છે માટે ન પુછો તો સારૂં" તો પણ મહારાજાનો અતિ આગ્રહ થયો એટલે એણે પોતાનો અને સુમતિના પિતા સાથેના સબંધનો અતિ આશ્ચર્ય જનક અહેવાલ કહેવો શરૂ કર્યો. જે વખતે મહારાજા, વઝીર, મહિધર અને સુમતિ એ ચાર શ્રવણ કરવામાં હતા. તેની સમક્ષમાં મહિધર બોલ્યો કે-

॥ ॐ ॥

વિશ્વપ્રભા.

ઉર્ફે

દગાખોર દોસ્ત.

ઉત્તરાર્ધ.

પ્રકરણ ૧ લું.

મધ્ય દરિએ.

મહારાજા, કેયુરક પ્રધાન, મહિધર પૂરોહિત અને સુમતિ ચારે જણ રાજ્ય મહાલાયની ખાનગી કચેરીમાં બેઠા છે. ઓરડો ફરનીચરથી શણગારેલો છે. નીચે કીંમતી ભરતનો ગલીચો બીછાવેલો છે. પુર ભબકમાં લાઇટ પ્રકાશ આપી રહ્યું છે. પશ્ચિમ દિશાની બારીમાંથી મંદમંદ પવન આવે છે. બહાર અંધારી રાતમાં મેઘનાં વાદળાં અવાર નવાર જાવઆવ કરી રહ્યાં છે. નીચે સંતરીના પ્હેરાનો પગરવ સંભળાય છે. બાકી બધે શાન્તિ છે. તે સમયે મહિધરે પોતાનો અદ્‌ભૂત વૃત્તાત મહારાજા તથા વઝીર સમક્ષ કહેવું શરૂ કર્યું. વૃત્તાંત કહેવાનું કારણ સુમતિને મદદ કરવાનું શું કારણ હતું. તે સૌને જણાવવાનું હતું. સૌએ એક ચિત્તે સાંભળતા હતા ને મહિધરે સુમતિના બાપ જયમતની સાથેની પોતાની નિષ્કપટ મૈત્રી હતી ત્યાંથી શરૂઆત કરતાં બોલ્યો કે.

" પૃથ્વીનાથ આપની પાસે બેઠેલો અને વિશ્વાસ પાત્ર ઠરેલા સુમતિના બાપ જયમતને અને મારે બાલ્ય કાળથી ગાઢ મૈત્રી હતી. તેને હું મારા પોતાના સમાન ગણતો હતો. અને તે પણ એમજ કહેતો કે.—

" શોક શત્રુથી જે રક્ષે, પ્રીતિનું સ્નાન જે થશે,
" કોણે મિત્ર રૂપી રત્ન બે અક્ષરનું કર્યું હશે ! વઝીર–કોઈ પણ માણસના કામ ઉપર નજર રાખી તને મિત્ર કરવો. પણ તેના મિઠા બોલ ઉપર નજર ન રાખવી. કારણ કે કેટલાક દોસ્ત બોલવામાં ઘણા ભલા હોય છે, પણ દોસ્તી ને લાયક નીવડતા નથી.

મહિધર—આપ ખરૂં કહો છો. મને પણ એ જયમતની દોસ્તમાં એવોજ કડવો અનુભવ થયો છે. એના મીઠા શબ્દો અને મનોહર ચહેરે મને એટલો બધો વશ કરી લીધો હતો કે મારૂ સર્વસ્વ હું એનેજ સમજતો હતો. કેટલોક સમય આ પ્રમાણે ચાલ્યું તેટલામાં તેના સગામાં મૃત્યુ થતાં તેની સ્ત્રી તેને પીયેર ગઈ એટલે તે મારા સાથે આવી વસ્યો. મેં તેને મારૂં બીજુ અંગ સમજી ઘણી ખુશીથી રાખ્યો. પણ તેનું વિષયી અંતઃકરણ મારી ધર્મપત્ની તરફ ખેંચાયું. ખેંચાયું એટલુંજ નહીં પણ તેણીની ખુબ સુરતીથી તેનું નબળું મન ભેદાયું. પણ એટલી બધી ચાલાકી વાપરી કે તેનો જરા સરખો પણ શક મને કે મારી સ્ત્રીને ગયો નહીં. અને મારી આડખીલી દૂર થાય તો સંપત્તિ અને સ્ત્રી ઉભય મળે તેની ગોઠવણમાં તે પડયો. એક સમયે હું અને એ જમી ને બેઠા હતા. ત્યાં પ્રસંગાનુંસાર પરદેશ જવાતી વાત કહાડી. અને પરદેશમાં બહુ સારી કમાણી

છે માટે થોડા ઘણો વેપારનો સામાન લઇ જવા મને લલચાવવા લાગ્યો. મેં તે જો સાથે આવે તો જવા હા પાડી. તે પણ કબુલ થયો. અમે સારૂં મુહુર્ત્ત જોવરાવી સાથે જુદી જુદી જાતનું કાપડ લઇ, બંદરે આવી વહાણ ભાડે કરી, દરીયામાં મુસાફરી શરૂ કરી. અને કાલીકટ જવા ઉપડયા. રસ્તામાં રાત પડી એ તકનો લાભ લઇ મને નિંદ્રાવશ અવસ્થામાં ઉપાડી દરીયામાં નાંખી દીધો. પડતાં પડતાં મારી ને મારો મિત્ર થઇ સાથે આવનાર, પણ વાસીદ્દિક મારા દુસ્ગનની ગરજ સારનાર, જયમત ઉપર મારી દૃષ્ટિ પડી. પણ ગાઢ અંધકાર, ભય આદિ વિરૂદ્ધ સામગ્રી એ ઉભયની દૃષ્ટિ સન્મેલન થવા દીધું નહીં પણ મને એટલી તો ખાત્રી થઇ કે આ હેવાનીયત ભરેલું કાળું કામ કરનાર જયમત છે. મહારાજા ખરેખર ! વિશ્વાસઘાતીનો છુટકારો કોઇ કાળે થતો નથી, તે સદાકાળ નર્કમાંજ રહે છે.

વઝીર—કૃપાનાથ. આપ સત્ય કહો છો એ ઉપર મને એક દૃષ્ટાન્ત યાદ આવે છે તે કહું છું

" એક વાંદરાને અને એક માણસને દોસ્તી હતી. તેઓ જંગલમાં સાથે રહેતા. કદાચિત વાંદરો ફળ આદિ લઇ આવી, પેલા માણસને ખવરાવતો. તો પેલો માણસ અજારાંથી તેમાંથી પેલા વાંદરાને ખવરાવતો. એમ કેટલાક દિવસ ચાલ્યું. તેવામાં ત્યાં સિંહનો ભય લાગવા માંડયો. તેથી પેલા બંને મિત્ર ઝાડ ઉપર સૂઇ રહેતા. એક વખત રાત્રે ભૂખ્યો થએલો સિંહ, તેજ ઝાડ તળે આવ્યો. ને પેલા વાંદરાના વિશ્વાસ ઉપર સૂતેલા માણસને નીચે નાંખી દેવા વિનવવા લાગ્યો. પણ વાંદરે તે વાત

માની નહીં. ને તેની આજીજીનો અનાદર કર્યો અન્તે મધ્ય રાત થઇ એટલે વાંદરાનો સુવાનો વારો આવ્યો. અને પેલો માણુસ જાગ્યો. તેને પેલા વાંદરે નીચે ભુખ્યો સિંહ ભક્ષની રાહ જોતો બેઠો છે, તેનું સ્મરણ આપી, પોતાને નહીં નાંખી દેવા સાવચેત કર્યો. પેલા માણસે તે વાત કબૂલ કરી અને વાંદરો તેના વિશ્વાસે તેના ખોળામાં માથું મુકી ઉંઘી ગયો. એટલે પૂર્વની પેઠે સિંહે પાછી મોટા માણુસ આગળ વાંદરાંને નાંખી દેવા મતલબની આજીજી શરૂ કરી. થોડી વાર તો ગણકાર્યું નહીં પણ પછી પેલા સિંહે આપેલી લાલચથી ભોળવાઇ વિશ્વાસઘાતી બની પેલા ઉંઘતા વાંદરાને ખોળામાંથી નીચે નાંખી દીધો. પડતાં પડતાં વાંદરાએ કહ્યું કે.

" વિશ્વાસઘાતી. મહાપાપી " એ છેલ્લા શબ્દો બોલતાં તે કાળનો કોળીઓ થઈ ગયો. મહિધર-આપ સત્ય કહો છો. મારે પણ એજ પ્રમાણે બન્યું. વાંદરો મરી ગયો. તેથી તેના દુઃખનો અન્ત આવ્યો પણ મારે ભવિષ્યનાં દુઃખના અનેક ભોગ ભોગવવા નિર્માણ કર્યા હશે. તેથી હું દરિયામાં જેવા પડયો. તેવો નીચે ગયો. પાછો ઉપર આવ્યો. દૃષ્ટિ ઉઘાડી જોઉછું તો વહાણ મારાથી દૂર નીકળી ગએલું અને મોજાંના વિરૂદ્ધ વેગે ખેંચાતો-તણાતો હું અંધારી મેઘલી રાતે, મધ્ય સમુદ્રમાં પાણીમાં ડુબતો બચવા સારૂ વ્યર્થ પ્રયત્ન કરતો-પાંણી પિતો શ્વાસ ઘુંટાવાથી અકળાતો-પિડાતો નિરાધાર બની રહ્યો. મરણની છેલ્લી ઘડીઓ ગણવા લાગ્યો. ઇશ્વરને મદદે બોલાવવા લાગ્યો.

" હે ! સર્વાન્તર્યામી પરમાત્મા.

" શશી તું, તું ભાનું, પવન પણુ તું, પાવક પ્રભુ,
" ક્ષિતિ તું, તું પાણી, નભ પણુ તું, આત્મા પણુ વિભુ,
" અસીમાને સિમાવત ગણી ગિરા સર્વ ઉચરે,
" અમો અજ્ઞો તારા, સ્વરૂપ મહીં તું યતનથી ખરે !!

માટે હે દયાળુ સાહ્યથા. સાહ્યથા. સર્વે સ્થળે વ્યાપક પ્રભુએ મારી અરજ સાંભળી હોય. મને બચાવવા ધાર્યો હોય, તેમ અંધારે પાણી ઉપર બાથોડીયાં મારતો હતો. ત્યાં મને એક લાકડું અફવાયું. જેવું મને અફવાયું તેવુંજ મેં તેને મજબૂત પકડી લીધું ને તેના ઉપર ચ્હડી બેઠો. લાકડું તણાવા લાગ્યું તેમ હું તણાવા લાગ્યો. તે મોજાંથી જેમ ઉછળવા લાગ્યો. અન્તે હું બે હોશ થઇ ગયો. પણુ પેલા લાકડા સાથે મારી મડાગાંઠ બંધાઇ ગઈ તે કીનારે પહોંચતા સુધી છુટીજ નહીં ત્યારે પછી શું બન્યું તેનું મને કાંઇક ભાન નહોતું. એક દીવસને વખત હું કિનારે લાકડા સાથે બાઝેલો પડયો હઉં તેવું મને ભાન થયું. અને મારા ઉપર ભગવાન દિનમણીનાં ઉષ્ણુ રશ્મિ પડયાં તેથી ગરમી આવી. ને પાછો જાગૃત થયો. પણુ એટલો બધો ઠંડીથી અકડાઇ ગયો હતો કે ચાલવાની શક્તિ નહોતી. તો પણુ જેમ તેમ કરી ચાલી ત્યાંથી થોડે છેટે ગામ હતું તેમાં જવા ધાર્યું. ને કાંઈ આહાર મળે તો ખાઇ જીવન બચાવું એવી ઉમેદથી પુરી મુસ્કેલી એ ચાલી ગામમાં ગયો.

મહિમન સ્તોત્ર. શ્લોક ૨૫.

પ્રકરણ ૨ જું.

દુઃખમાં દુઃખ.

જાતે બ્રાહ્મણ હતો. તેથી માગવાની રીતતો હું જાણતો હતો. પણ આ વખતે મારાથી વિધાત્રા એવી દુશ્મનાઈ રાખી બેઠી હતી કે હું જયાં જયાં ગયો ત્યાંથી મને સઉએ હાંકી કાઢયો ને કોઇએ ખાવા આપ્યું નહી. મજુરી કરવાની મારામાં શક્તિ નહોતી તેથી હું છેકજ લાચાર થઈ જાહેર રસ્તા ઉપર પડયો. આ વખતે મને ભુખથી કેવું દુઃખ થાય છે તેનો ખરો ખ્યાલ આવ્યો. કલાકોના કલાકો સુધી હું બે શુદ્ધ રહેતો. વળી જાગૃત થતાં જીંદગી, જગત, ઇશ્વર સઉ મને ઝેર જેવું જણાતું. "હે! પ્રભુ મોત દે" એ મારો એ વખતનો લવારો હતો. મારી પાસે થઈને ચાલ્યા જતા લોકોને મન હું એક કંગાળ પશુ જેવો હતો. મરવા પડેલા પશુ તરફ જેમ સઉ કોઇ દુર્લક્ષથી જુએ તેમ મારા તરફ સઉ દુર્લક્ષ કરતું. એવી કંગાલ હાલતમાં પડયો હતો ત્યાં એક માણસ મારી પાસે આવ્યો. મને જોતાં જ તેનાં નેત્રોમાંથી અગ્નિ નિસરતો જણાયો. તે ક્રોધથી રાતો થઈ ગયો અને મને લાત મારી ઉઠાડયો. "હજુ પણ તું મૂવો નહીં કેમ?" એમ તિરસ્કારથી બોલવાની સાથે તેણે નિરદય પણે મને મારવા માંડયો, ગડદા પાટુથી મને સાવ લોથ જેવા કરી નાંખ્યો. હું બે ત્રણ દિ-

વસનો ભુખ્યો હતો, દરીયાના પાંણીથી અકડાઈ ગયો હતો, લાચાર થઈ પડયો હતો. તેના ઉપર ગડદા પાટુનો માર પડવાથી મને જીવવાની બીલકુલ આશા રહી નહીં. મારી આશાપાશ લોક ભેગા થયા ને દુઃખથી હું બૂમો પાડતો હતો તે તરફ દયા ખાવા લાગ્યા. તેના જવાબમાં પેલા માણુસે કહ્યું કે "એ મારો ચોર છે. મારા વહાણુમાંથી ચોરી કરી નાઠો છે. તેથી હું તેને મારૂં છુ" આ સઉ કોઈ મારા તરફ ધિઃક્કાર બતાવતા વેરાવા લાગ્યા ને મારી કોઇએ જરા પણુ લાગણી બતવી નહીં. ત્યાં મચી રહેલી ગડબડથી ઉસ્કેરાઇ તે જીલ્લાની સુલેહ શાન્તિ જાળવનાર પોલીસ સીપાઇ આવ્યો ને મને તથા પેલા ક્રુર નર પિશાચ જયમતને પોલીસ કોર્ટમાં લઇ ગયો. જયમતે પોતાના ચોર તરીકે મને તકસીરવાન ઠરાવી, કેસ ચલાવી કેદમાં નંખાવ્યો. મેં મારો બચાવ ઘણો કર્યો પણુ બનાવટી ઠર્યો ને એ વેપારી તરીકે—શાહુકાર તરીકે મનાઈ સાચો ઠર્યો. મારી પાસે વકીલ રાખવાને પૈસા નહોતા કે બોલવાને પૂરતી શકિત નહોતી તેથી મારો ભાંગો તુટયો બચાવ નભી ન શકયો. ને પેલો દુષ્ટ જયમત જેનું વાહાણુ મારે કમનશીબે હુ દરીયામાંથી બચી જે કિનારે દૈવઇચ્છાથી આવી ચઢયો હતો તેજ કિનારે લાંગર્યું, અને ગામમાં સોદા કરવા નીકળતાં હું તેની નજરે પડયો. મને જેવો દીઠો તેવો તેનો જુસ્સો તપી આવ્યો ને હુ એને કોઇ પણુ રીતે હરકત પહોંચાડુ તે પહેલાં તેણે મને ફસાવ્યો—ખોટું આળ ચઢાવી માર મારી કેદમાં નંખાવ્યો પૂરેપુરો બેહાલ બનાવ્યો.

વઝીર—દુર્જન મનુષ્યનો સર્વથા ત્યાગ કરવાનું એ- ટલાજ માટે કહ્યું છે. કેમકે વીંછીના આંકડામાં ઝેર રહ્યું છે, સરપના મુખમાં ઝેર રહ્યું છે પણ દુર્જન મનુષ્યની તો રગેરગમાં ઝેર રહ્યું છે. જેનો સંગ થતાંજ ઝેરરૂપી દુઃખ પેદા થાય છે.

મહિધર—આપે સત્ય કહ્યું. પણ મારા હૃદયમાં એ વાત બહુ મોડી સમઝાઈ, જો શરૂમાં સમઝાઇ હોત તો હું આટલો દુઃખી ન થાત. મુને કેદખાનામાં દાખલ કરવામાં આવ્યો. મારાં બધાં વસ્ત્રો ઉતારી કેદીનાં લુગ- ડાં પહેરાવ્યાં ને હાથ પગે બેડીઓ ઠોકાતી વખતે મને બહુજ લાગણી થઇ. અને ઇશ્વર ન્યાયી કહેવાય છે, તે બધે વ્યાપક છે એ વાત ઉપર તતક્ષણ અવિશ્વાસ આ- વ્યો. કરમ સંયોગે મારા જેવોજ કોઇ કમ નશીબ કેદી એક અંધારી કોટડીમાં પૂરાયલો હતો તેમાંજ મને પણ પૂરવામાં આવ્યો. અમો બંને અરસપરસ અમારા દુઃખ ની વાતો કરી કાળ નિર્ગમવા લાગ્યા. મારી સાથે વસતા કેદીને હમેશાં ગુપ્ત જાળીમાંથી ઉમદા તરેહનું ભોજન આવતું. તેમાંથી તે મને જુજ આપતો પણ આ ભેદ તે- મને ઘણો આગ્રહ કરવા છતાં કહેતો નહીં. પણ ઘણી ખરી વખત તે નીચેનો શ્લોક બોલતો—ઉંડા નિઃશ્વાસ ભરતો. અને કાંઇ મનની પિડાથી પિડાતો હોય એમ- જણાતું. તે રોજ શ્લોક બોલતો તે આ હતો.

" અદ્યા વ્હાલી સ્મરૂં છું મનમાં હું નિત્ય,
" કાન્તી વની યુવતી જે અતિ દેતી સુખ;
" તે અંગના જીવિત સાર થએલી મ્હારી,

નોટ—ચોર પંચાશીકા—વસંત્રતિલકાવૃત્ત. શ્લોક ૨૬ મો કર્તા.

" જન્માન્તરેય મળજો અતિ સુખકારી.

આ શ્લોક અનેક વખત સાંભળવાથી મને એમ લાગતું. એને એની પ્રિયતમા યાદ આવે છે. ને અહીં જનમ કેદી થવાથી હવે તે ફરીને સાક્ષાત મળી શકે તેમ નહોતાં જન્માન્તરમાં પણ એની એજ મળવા પ્રભુ પાસે પ્રાર્થના કરે છે. એ સુંદરીથી માણેલું સુખ એને હવે વિરહ ઉત્પન્ન કરે છે. તેનું સ્મરણ કરી તે દુઃખી થાય છે, આ ભેદ સમજવા હું ઘણી વખત મથતો પણ નિષ્ફળ જતું. એક વખત હું અને એ કેદી બેઠા બેઠા આપણા ભવિષ્યમાં શું થશે તેના વિષે અનેક તર્ક કરતા-વિમાસણ કરતા બેઠા હતા, ત્યાં કોટડી પછવાડેની જાળીમાંથી એક કાગની કટકી પડી. મેં તે ઉપાડી લીધી. પેલા કેદીએ મારી પાસેથી ઝુંટાવી લીધી, તે દરમીયાન મારી દ્રષ્ટિ પડી મેં તે વાંચી લીધી તેમાં લખ્યું હતું કે.

" ચંદ્ર વિરહી કાળરાત્રિ રૂપ ત્યજી દિવસ રૂપ ધરશે-જ ધરશે"

ગાઢ અંધકારમાં જાણે સહસા વિજળીનો પ્રકાશ થાય તેમ પેલા કેદીના અંતરમાં આશા રૂપી સુર્યનો ઉદય થયો. તેને આ નર્ક સમાન અંધારા બંધીખાનામાંથી છુટવાની ઉમેદ બંધાઈ તે ઉમંગમાં આવી બોલ્યો.

" વ્હાલા દોસ્ત આ નાના કાગળની કટકી મને છુટવાની અગમચેતી આપે છે.

" તે તેં કેમ જાણ્યું ?

" તેમાં લખેલી લીટીથી જાણ્યું.

" તે લખનાર કોણ છે ?

" જે છે તે છે, એનામાં હું છું, ને મારામાં એ છે.

" તે કેમ બને ? તું તો મારી સાથે કેદમાં પુરાયલો છું

" આ દેહ કેદમાં છે પણ એના કરતાં એક બીજો દેહ છે તે કદી કેદમાં પુરાય તેવો નથી.

" તે દેહનું નામ શું ?

" સુક્ષ્મદેહ. જે સદા સ્વતંત્ર છે ગમે ત્યાં ગમે તે વખતે જઇ શકે છે.

" તેનું પોષણ શાથી થાય છે ?

તે જ્યાં વસતું હોય ત્યાંના ચિંતવનથી, દર્શનથી, સ્મરણથી, મધુર વાર્તાલાપથી, વિગેરે વિગેરે.

આવી આવી ગેબી વાતો તે મારી સાથે પણ ભેદ ખોલતો નહીં એમ કરતાં કરતાં એક રાત્રે અમે બંને સાથે ઉંઘી ગયા. તેવામાં મારા ઉપર દક્ષિણ દિશાનો ઠંડો પવન વાવા લાગ્યો. એકાએક ખુલ્લો ખુશનુમા પવન આવવાથી હું ઉંઘમાંથી જાગ્યો ને જોઉં છું તો મારી કોટડીમાં હું સૂતો હતો ત્યાં એક માણસ નીકળી શકે તેવું બાકોરૂં પડેલું દીઠું. રાત અંધારી હતી. સર્વ સ્થળે શાન્તિ હતી. તેથી બહાર કંઈ ખડખડાટ થાય છે કે નહીં તે નવાઇથી જોવા લાગ્યો. ધીમેથી બેઠો થયો. કાન માંડયા તો કોટડી બહાર સંતરિની કીરચનો ખડખડાટ સંભળાયો પણ બાકોરા બહાર બીલકુલ પગ રવ સરખો પણ ન સંભળાયો તેથી અધિક નવાઇ પામ્યો એકાએક અહીં ગાબડું કેમ પડયું હશે તેના વિચારમાં પડયો છેવટ એવા વિચાર ઉપર આવ્યો કે પ્રભુએ છુટવાનું બાર ઉઘાડી આપ્યું છે તો હવે એ દ્વારા બહાર નીકળી જવું એજ ઉત્તમ છે. એમ મન સાથે દૃઢ ઠરાવ કરી મેં બાકોરામાં પ્રથમ માથુ ઘાલ્યું. કોઇ બહાર છે કે નહીં તે ખાત્રી

કરવા ધારી તો થોડે દૂર બે ઘોડા ઉભેલા જણાયા. ઘોડા જોતાં મને હીંમત આવી પણ માણુસ જણાયું નહી. તેથી શક તો પડયો. પણ હીંમત રાખી બેડીની સાંકળ હાથમાં લઇ તે ખડખડે નહીં તેમ આસ્તેથી બહાર નીકળ્યો. મારો સાથી આ વખતે ગાઢ નિદ્રામાં હતો. હું જેવો બહાર નીકળ્યો તેવો ઘોડા ભણીથી ટકટકના ત્રણ ધીમા અવાજ થયા તેથી ત્યાં માણુસ હોય એવું નક્કી થયું.

अर्थ साधीयामि किंवा देह पातिया मि ॥ કાંતો સદાને માટે આ કાળાગૃહમાંથી છુટાય છે, કાંતો જન્મનું બંધીખાનું મળે છે. જે થાય તે ખરૂં એમ સ્વગત વિચાર કરતો હું ઘોડા આગળ પહોંચ્યો તો કાળા બંને ઘોડા હતા ને એક ઘોડા ઉપર એક માણુસ તદ્દન કાળો ઝભો ઓઢી બેઠેલું હતું તેણે મને ખાલી ઘોડા ઉપર ચઢી જવા ગુપ્ત ઇશારત કરી હું પણ કાંઇ બોલ્યા વિના ઉપર ચઢી બેઠો તેવો પેલા કાળા ઝભા વાળો ઘોડો આગળ ચાલ્યો એટલે મેં પણ મારો ઘોડો તેની પાછળ ચલાવ્યો.—

પ્રકરણ ૩ જું.

સનમનું ખંજર.

થોડી વારમાં અમો ગામથી આઘે નીકળી ગયા. એટલે ઘોડા પુરવેગમાં મારી મુ-

કર્યા. બંને ઘોડા પુરવેગમાં દોડતા હતા. પેલો માણસ મને કયાં લઇ જાય છે. ને જેમ તે મને કહેતો નહોતો તેમ હુ પણ પુછવાની હીંમત કરી શકતો નહોતો. મનમાં માત્ર એટલોજ વિચાર થતો કે ગમે ત્યાં લઇ જશે પણ અંધારી કોટડીમાં સદાકાળ પડયા રહેવા કરતાં કંઇક સારૂ હશેજ, એમ માની હું પણ તેની પાછળ ઘોડો દોડાવતો જતો હતો. એમ કરતાં પ્રભાત થયું ત્યારે એક ભયાન જંગલમાં અમો આવી પહોચ્યાં. પ્રભાતાનો મંદ શિતળ પવન વાવા લાગ્યો. પુર્વ દિશામાં સુર્યોદય થવાનો સમય થવા લાગ્યો. ઘોડા પણ થાકવા લાગ્યા. ઝડી ધીચ આવવા લાગી અમને પણ થાક જણાવા લાગ્યો, એટલામાં સારી પેઠે ઉજાસ થયો. એટલે પેલા મારી સાથેના ઘોડે સ્વારે પોતાના શરીર ઉપરનો કાળો ઝભો દુર કર્યો તો એક નવ યૌવના ઇંદ્રનીપરી જેવી સ્ત્રી મારી નજરે પડી. હું એને જોઇ દિકમૂઢ થઇ ગયો. સર્વ શરીરે કીંમતી ઝવાહીરના દાગીના પહેરેલા હતા. કનકના જેવી તેની શરીરની કાન્તી ઉપર જયારે પૂર્વમાંથી ઉગતા સૂર્યના મંદ કિરણો પડયાં અને તેના તેજથી જડાવ હીરાનો હાર જયારે ઝળકી ઉઠયો, અને તે સાથે તેની ખીલેલા કમળના જેવું મુખ મેં નિહાળુ ત્યારે હું કયાં છું, કોણ છું, આ કોણ છે એ સઉ ભાન ભૂલી ગયો. બસ કોઇ કારીગરે કોતરેલા પૂતળા જેવો હું થઇ ગયો. મારી નવાઇનો પાર રહ્યો નહી. કોમળ ગાત્ર વાળી એ અઢાર વર્ષની ભર યોવના હતી. અશ્વ ઉપર સ્વાર થઇ જાણે સૂરત સંગ્રામ કરવા જતી હોય ! તેવી મૃદુ અંગ વાળી એ જયારે મારા સામું જોયું ત્યારે ખુશી થવાને

બદલે એકદમ બદલાઇ ગઇ પ્રથમ તેની ગુલાબી ગાલ ઉપરની લાલી જે મને જણાતી હતી, તે મારી આંખ સાથે તેની આંખ મળતાં એકાએક ઉડી ગઇ. તે પ્રથમ તો ફીકી પડી ગઇ પણ તરતજ બીજા રૂપમાં બદલાઇ ગઇ, તેણીના અંગે અંગે ક્રોધા નળ પ્રસરી ગયો તે જોસ ઉપર આવી ગઇ કમળની પાંખડી જેવાં નેત્રો લાલ થઇ ગયાં. હોઠ ધ્રૂજવા લાગ્યા. તેણીએ એકદમ પોતા પાસેની તરવાર મીયાનમાંથી ખેંચી અને આગળ ચાલતા ઘોડાને અટકાવી મારા સામે આણ્યો ને ડાબે હાથે ઘોડાની લગામ પકડી જમણે હાથે તરવાર ઉગામી મને મારી નાંખવા મારા ઉપર ધસી. હું છેકજ ગભરાઇ ગયો "આ મને કેમ મારે છે, શું આતે મનુષ્ય છે કે કોઇ કાળ દેવી છે, પીશાચી છે કે રાક્ષસી છે ! એવા તર્ક કરૂં છું. ત્યાં તે તેણીએ સક્રોધ બોલી. " દગાખોર માણસ, તેં કરેલા દગાનો બદલો તને હમણાંજ આપું છું ચાલ તૈયાર થા.

" પણ શ્યા માટે ? હું હેબકાઇ જઇ બોલ્યો.

" ચુપ. અજાણપણું બતાવી છુટવા ધારે છે કેમ ? પણ તે કદી બનવાનું નથી.

" પણ હું તદન નિર્દોષ છું મને પ્રભુને લેખે બચાવો.

" અરે હાય ! તારા શબ્દો મને આગ જેવા લાગે છે. બસ કર. તારી વાત સાંભળવા કરતાં, તને મારી નાંખવો એજ મને ઠીક લાગે છે.

" મારા જેવા દુઃખીયારાને મરવું એ કાંઇ વધુ નથી પણ આપ આ જે સાહસ કરોછો ને મારી કાંઇ પણ વાત

સાંભળતા પહેલાં માત્ર મને જોઇનેજ મારી નાંખવા ધારોછો તે માટે આપને પાછળથી પારાવાર પસ્તાવો થશે.

" આથી શું અધિક પસ્તાવો થવાનો હતો ? ! મારી આખી જીંદગી બરબાદ કરનાર મને તારા શબ્દો તો શું પણ તારૂં મ્હોં પણ જોવું ગમતું નથી. તું જલદી મરી જા. બસ એટલુંજ હું ઇચ્છુંછું.

" બહુ સારૂ. તો જલદી કરો મને મારો આ દુઃખી હાલતમાંથી સદાને માટે દૂર કરો. હું પણ એટલુંજ ઇચ્છુંછું.

" કમનશીબ માણસ મરવાને વાસ્તે કેમ તૈયાર થાય છે.

" હું શું કહું છું ? બહુ દુખીછું. અને દુઃખમાંથી છુટવા તમને યાચના કરૂંછું.

" કારણ ? ! !

" કારણ એજ કે મારા દોસ્તથી હું ઠગાયો છું. દુઃખ દરીએ પડયો હતો. ત્યાંથી બચ્યો તો કેદખાનામાં પુરાયલો હતો ત્યાંથી અહીં પણ મોતના મુખમાં સપડાયો છું હવે જીવવાથી વખતે વધુ દુઃખના ભોકતા થવું પડે તેના કરતાં મરી છુટી જવું મને ઠીક લાગે છે.

" (સ્વગત) આ માણસ ખરેખરો દુઃખી છે તે જીવતે મરેલોજ છે. તેને મારી નાંખવાથી હવે મારી થએલી ભૂલ સૂધરે તેમ નથી. અને કંગાલ પણ પુરૂષ છે, હું સબળ પણ સ્ત્રી જાતછું-અજવાળી પણ રાતછું માટે આ માણસને જીવતો રાખવો, એટલુંજ નહીં પણ સાથેજ રાખવો એ સલામતી વાળું છે " એમ સ્વગત

વિચારી પ્રકાશ મારી સામે ફરીને બોલી.

"ઠીક છે. તારી લાચારી તરફ મને કુદરતી દયા આવે છે. માટે તને જીવતો રહેવા દઉં છું. અને મારી સાથે ચાલ્યા આવવા, તથા હું જે કામ કરૂં તેની વચ્ચે નહીં આવવાની સરતે હું તને મારી સાથે રહેવા ફરમાવું છું."

આવું એ ઘોડેસ્વાર સ્રીનું રૂવાબી બોલવું સાંભળ્યું હું તો આશ્ચર્યમાં ડુબી ગયો તેણી કોણ છે તે તેને પૂછવાનું મન થયું ખરૂં પણ તે ક્ષણે વખત ન હોવાથી તેની વાંસે વાંસે થોડે સુધી ચાલ્યો. આગળ જતાં એક સરોવર આવ્યું, ત્યાં તે ઉતરી મને ઉતરવા ફરમાવ્યું. હું ઉતર્યો તેણે પોતાની પાસે ખાનગી પુરૂષનાં લુગડાં છુપાવી રાખેલ તે મારી તરફ ફેંકયાં આથી મને ઘણીજ નવાઇ લાગી. અત્યાર સુધી જે કાંઇ બનતું આવ્યું તે જેમ ગેબમાં બનતું હોય તેવું મને લાગતું. હું સરોવરમાં નાહી સ્વચ્છ થઇ લાવેલ સુંદરને કીંમતી લૂગડાં પેર્યાં તેણીએ મને નવ જુવાન બનેલો જોયો તેથી તેની આંખ મારા પર ઠરી તેથી મને પણ બોલવાની હીંમત આવી. ને હું બોલ્યો.

"આપ કોણ છો? ને મારા ઉપર આટલી બધી કૃપા કરવાનું શું કારણ છે?

"જે શહેરના બંધીખાનામાંથી તું છુટયો તે શહેરના મહારાજાની એકની એક પુત્રીછું હું તારી કોટડીમાં રહેલા કેદી ઉપર આશક હતી. તે વાતની જાણ થતાં મારા બાપે એ કમનશીબ મુસાફરને કેદમાં નાંખ્યો પણ તેથી હું નાહીંમત થઇ નહીં. તેને હું ખાનગી રીતે

સુંદર ખોરાક મોકલાવતી.

"હા. ખરેખર. તે મને વખતે ભાગ આપતો ખરો. એક વખતે લાગ જોઇ તેની કોટડીનો.

પાછલો ભાગ મેં મારા ખાનગી માણસ પાસે રાતની વખતે કોચાવ્યો. ને તેને નીકળવાની રાહ જોતી હતી ત્યાં તે નીકળવાને બદલે તું નીકળ્યો. હું ભરોસે ભૂલી ને મારો આશક સમજી ઘોડા ઉપર ચઢાવી નાઠી. પણ ભૂલ માલૂમ પડતાં મને કાળ વ્યાપ્યો, પણ હવે વિચાર કરતાં જે બનવાનું હતું તે બન્યું હવે પાછું સ્વદેશમાં જવાય તેમ નથી. માટે હવે શ્રધાથી કે જોરાવરીથી ગમે તે રીતે મારે તારી સાથે રહ્યા વીના છુટકો નથી. માટે હવે તારે મારાથી છુટા પડવાનું નહી. મારી સાથે મેં જવાહિર લઇ લીધું છે તેથી આ પાસેના શહેરમાં વેશ બદલી રહીશું ને તું નાનો મોટો વેપાર કરજે. ને જેમ તેમ દિવસો સાથે રહી નિર્ગમન કરીશું.

"આવું તેનું સાદાઈ ભરેલું ને મમતા વાળું બોલવું સાંભળી મને તેને માટે જેમ સારો વીચાર બંધાયો તેમ તેણીએ પણ મારી સાથે રહેવાનો પકકો ઠરાવ કર્યો. અને અમે બંને જુજ ફળફળાદિક ખાઇ નશી બનાવારા ફેરાના વીચારમાં ગરકાવ થએલો ઘોડે સ્વાર થયો. અમે બંને સંધ્યાકાળ થતાં ગામમાં આવ્યાં, ને એક મકાન ભાડે લઇ રહ્યાં. પ્રભાત થતાં ગૃહો ચીત સામાન ખરીદી હું પુરૂષને તે મારી સ્ત્રી તરીકે આશપાશમાં જાણીતાં થતાં સંપથી રહ્યાં. ને હું ફેરીનો ધંધો કરી વેપારી તરીકે રહેવા લાગ્યો ને એમ કેટલાક મહીના વીતી ગયા.

વઝીર સ્ત્રી ખીઝે તો રાક્ષસી કરતાં વધુ ક્રુર બને છે, અને રીઝે તો સાક્ષાત્ સૌંદર્ય દેવતા સમ સુખઆપે છે. અર્થાત્ અને પહેલો ને છેલો બેજ માર્ગ છે. મધ્ય નથી.

મહીધર-આપ કહોછો તેમજ મારે બન્યું હતું. વનમાં જે વખતે એણે મને મારી નાંખવા ધાર્યો તે વખતનો તેનું ઉગ્રસ્વરૂપ હજુ પણ જ્યારે મારી આંખ આગળ તરી આવે છે ત્યારે કંપાવે છે. અને શહેરમાં આવી જુદો આવાસ લઇ રહ્યા પછીની તેનો મારો પ્રત્યેનો અસાધારણ પ્રેમ મારી આંખ્યોમાંથી અશ્રુ પડાવે છે. માટે સ્ત્રીથી બહુ સાચવીને કામ લેવામાં આવે તોજ સંસાર સુખ રૂપ નિવડે છે, અન્યથા નજીવા કારણથી ધુળ મળી જાય છે. અમેજ લોકોની પેઠે આપણો ગૃહ સંસાર ભિન્ન ભિન્ન રીત્યે, વહેંચાયલો હોતો નથી પણ એક સાથે સહવાસમાં રહેનારો હોય છે, તેમને અરસપરસ મન દુઃખવાના અનેક દાખલા બને તેવે પ્રસંગે મોટું મન, સહન શિલતા, ઘટતી સાવધાનીથી જો વર્તવામાં ન આવે તો જે સંસાર સુખરૂપ હોય છે તે દુઃખ રૂપ બની જાય છે અને અમૃતમાં ઝેર ભળ્યા જેવો અનુભવ થાય છે આટલી હદે ન જવા દેવા માટે ઘરની સ્ત્રી તેમજ અન્ય કુટુંબીઓથી સમજ પૂર્વક કામ લેવાની જરૂર છે. હુ આ બધી રીત ભાત સમજતો હતો તેથી રાજયકુમારી સાથે ઘણીજ ઐકયતાથી વર્તતો હતો ને સ્થિતિમાં, કુળમાં, ભિન્ન ભિન્ન હોવા છતાં સ્વભાવમાં સમાન બન્યાં હતાં અને તેથી અમારો સંસાર સ્વર્ગ સમાન બન્યો હતો.

પ્રકરણ ૪ થું.

દગાબાજ દોસ્ત.

એમ કરતાં એક દિવસે હું મારી સાથેનાં સાટીનનાં લૂગડાંની ફેરી કરવા નીકળ્યો હતો. ત્યારે એક કંગાલ માણસને હાથ બાંધી કેટલાક સિપાઇઓ લઈ જતા હતા. મેં આ માણસનો ચહેરો ઓળખ્યો. હું કુદરતી પ્રેરણાનો ખેંચાયલો તેની પાછળ પાછળ ગયો. તે બંધીવાનને સબુતરે લઈ ગયા ને ત્યાં તેને ક-રેલી ચોરીના ગુન્હા માટે માર મારવામાં આવ્યો. માર પડતી વખંતનું તેનું આક્રંદ જોઇ મારૂં મન ઝાલ્યું ન રહ્યું; હું એકદમ દોડયો ને તેને જામીન ઉપર છોડવા માટે ફોજદાર પાસે પ્રાર્થના કરી તે તેણે સ્વિકારી ને તે બંધીવાનને મારા જામીન દસ્તાવેજ ઉપર છોડવાનો હુ-કમ થયો. હું જ્યારે તેને બંધન મુકત કરાવવાનો હુકમ લઇ જે પીંજરામાં તેને ગુન્હો કબૂલ કરાવવા માટે માર પડતો હતો તેમાં ગયો ત્યારે તેણે મને દીઠો ને સહસા શરમાઇ ગયો—નીચું જોઇ ગયો. તે વખતે તેને પૃથ્વી માગ આપે તો તેમાં પેસી જાય એવો શરમીંદો બની ગયો પણ મેં હીંમત આપવાથી જરા ઉંચું જોઇ મને મદદે બોલાવવા લાગ્યો.

"પરમેશ્વરને માટે મને આ મારમાંથી એક વખત બચાવ. હું તારો ઉપકાર નહીં ભુલું.

" કૃતઘ્નીનો વિશ્વાસ શો ?

" એક વખત માફ કર અને મને કાળના મુખમાં થી ઉગાર.

" જયમત તેં મારા તરફ કરેલાં અપકૃત્યનો તને જરા પણ પસ્તાવો થાય છે ?

" પૂરેપૂરો થાય છે. મને તે વખતે મારા માઠા દીવસને લીધે કુમતિ સૂઝી, પણ હવે તેવું કદી બનનાર નથી. મને ભાવિએ ભૂલાવ્યો હવે નહીં ભુલું. મને માફ કર અને બચાવ.

" તું આવી હાલતમાં અહીં કયાંથી ?

" હું શું કહું ? કે'તાં મને શરમ આવે છે.

તમને દુઃખી કરી હું તમારી મીલકતથી વૈભવ ભોગવવાની લાલચે સ્વદેશમાં ગયો. ત્યાં જઇ થોડો વખત રહ્યો ત્યાં એકાએક રાતે લાય થઇ ને મારૂં તેમજ તમારૂં બધું બળી ખાખ થઇ ગયું. હું ચીથરે હાલ થઇ ગયો તેથી તેવી નિરાધાર દશામાં રહેવું ઠીક નહીં લાગવાથી પરદેશ નીકળ્યો. જયાં ત્યાં ભટકી, વખતે સદાવ્રત ખાઇ, વખતે મજુરી કરી, વખતે ભીખ માગી, મારૂં પોષણ કરતો કરતો અહીં આવી પહોંચ્યો. દુઃખમાં દુઃખ ભળવાનું હશે તે મને વધુ દુર્મતિ સૂઝી ને મેં ચોરી કરી; તેમાં શક ઉપરથી પકડાયો ને કેદમાં નંખાયો, ત્યાં તમો અચાનક આવી પડયા. આ મારી વિતક વાર્તા છે હવે મારાં દુષ્કૃત્ય સામે નહીં જોતાં કેવળ મહત્તા સામે જોઇ મને બચાવો શરણાંગતને ઉગારો.

" તારા પાપમાં મારાં ઘરબારનો નાશ થયો તે તો જાણે ઠીક છે ? જીવતો છું તો ફરી વસાવીશ પણ મારી

સ્ત્રીની શી દશા છે ? તેણી કયાં છે ?

" તે સતિ સાધ્વીને મેં ઠગી છે. અરેરે ! મારૂં કાળું મુખ લઈને શું બોલું ? મારાં પાપનો અવધિ નથી. મિત્ર પત્ની જે મારી માતા થાય તેને મેં કહ્યું કે " મારા મિત્રને દરીયાની હુવા માફક ન આવવાથી તે માંદા પડયા ને તેમનો દેહ છુટી ગયો. આથી તેમણે અતિ કલ્પાંત કર્યું ને એની એ ગમગીનીમાં તે પણ થોડે દિવસે મરણ પામી. અરેરે ! મેં બહુ બરૂં કર્યું. છેવટના તેના પતિ ભક્તિના બોલો અત્યારે મારા હૃદયમાં તાજા થાય છે. ત્યારે મારૂં પાષાણ જેવું હૃદય પણ ભેદાઇ જાય છે અને ! ચીરાઇ જાય છે. હું તમારા પગમાં પડું છું. કરેલી નીચતા માટે, તથાકરેલાં અપકૃત્યને માટે તમારી માફી માગું છું " મને તેની તે વખતની આજીજીથી બહુ લાગી આવ્યું. પૂર્વના તેના અપકાર વિસરી જઇ તેને અંતરથી મદદ કરવા ધાર્યું ને જામીન દસ્તાવેજ રજુ કરી તેને આશ્વાસન આપી મારે ઘેર તેડી ગયો. મારી વ્હાલી રાજયકુંવરી આ બધી વાતથી અજ્ઞાન હતી. તેણીને મેં મારો મિત્ર આવ્યો છે તે વાત કહી તેથી તેણી બહુ ખુશી થઈ ને જેવી મારી બરદાશ રાખતી તેવીજ તેના રાખવા માંડી મારો પૂર્વવસ્થાનો ગૃહસંસાર ધુળ મળી ગયો. મારાં ઘરબાર રાચરચીલું બધું ખાખ થઇ ગયું. એટલુંજ નહીં પણ સતિ સાધ્વી જખમી અંતઃકરણે ગુજરી ગઇ. તેનો ઉંડા ઘા મારા ઝીધરમાં બહુ સખત વેદના ઉપજાવતો હતો પરંતુ રાજય કુંવરીનું મારી પ્રત્યે એવું પ્રેમાળ, નિર્દોષ અને પવિત્ર વર્તન હતું કે પડેલા ઘાને ઔષધરૂપ બનતું ને દિલગીરીને વીસરાવતું. જય-

મતની દુષ્ટતાની વાત તેણીનાથી અજાણી રાખવામાં પણ મારો એજ હેતુ હતો કેમકે તે એટલી બધી મુગ્ધ હતી કે જો તેને આ હૃદયભેદક વૃત્તાંત કહું તો તે હબકીજ જાય ! ને એની લાગણીઓ ફરી જાય ? કેટલાક ગુપ્ત ભેદ સ્ત્રીઓને જણાવવા એ પણ મારો માનસિક ઉદ્દેશ હતો. અમારો ગૃહસંસાર ઘણોજ સુખી ચાલતો જોઇ હરકોઇને ઈર્ષા આવ્યા વિના રહેતી નહીં. જયમત મારી સાથે ઓશીયાળા જેવો થઇને રહેતો. ઘણુંજ થોડું બોલતો ને બધો વખત જાણે કરેલા ઘાતકી કામને માટે પસ્તાવા રૂપી પ્રાયશ્ચિત કરતો હોય તેમ કરતો દેખાતો. અમે જે આપતાં તે લેતો, જે ખવરાવતાં તે ખાતો; ટુંકામાં એવો ગરીબ બની ગયો હતો કે મને તે સુધરી ગયો લાગ્યો. પરંતુ “ તુખમે તાસીર ને સોબતે અસર” તેની કમજાત ઉપર તે ગયા વિના રહ્યા નહીં. રાજ્યકુંવરી તરફ પાછી તેની ઇંદ્રિયો ખેંચાવા લાગી. રાજ્યકુંવરીની નવી જૂવાની તેની વિષયી આંખમાં ખટકવા લાગી. તેનું ઘાતકી હૃદય રાજ્યકુંવરીને કબજે લેવાના વિવિધ ઘાટ ઘડવા લાગ્યું. પ્રથમની પેઠે વિશ્વાસઘાત કરી ફાવી જવાની પેરવી શોધવા લાગ્યું. કેટલાક મહિના સુધી તેણે મનમાં આ ગોઠવણુ કરવી ચાલુ રાખી પણ અમારા બંનેનો પ્રેમ એવો એક રસ થઇ ગયો હતો કે તેમાં તો તે ફાવી શકયો નહી. ઉભયના અંતરમાં ફાટ પડાવી શકયાં નહી એટલે ગમે તે રીતે ફરેબ રચી મને દૂર કરી રાજ્ય કુંવરીને કબજે કરવી એવી ઉમેદ ઉપર આવ્યો. આ બધા વખત દરમીયાન એની હમેશની રીતભાતમાં કે સ્વભાવમાં જરા પણ ફેરફાર તેણે બહાર દેખાવા દિધો

હતો નહીં. સદાય એક સરખો સરળ ને મધુર ભાષણ કરનાર તરીકે મારી નજરમાં આવતો. એની મનોભાવની અદ્દભૂત શક્તિથી ખરેખર હું બહુજ નવાઇ પામ્યો હતો.

પ્રકરણ ૫ મું.

દગો.

એમ કરતાં એક દીવસ સાયંકાળે હું અને એ (જયમત) પાસેના બાગમાં ફરવા ગયા. હું ઘેરથી રાજ્યકુંવરીને મળીને નિકળ્યો. નીકળતી વખતે તેણીને જલદી આવવા વિનવી. મેં હા કહેવાની સાથે તેણીના મધુરા મોહક ચહેરા સામું સહેજ જોયું. તેણીએ તેના પ્રત્યુત્તર રૂપે સપ્રેમ મુખનું જે સ્મિત હાસ્ય કર્યું અને આંખથી કટાક્ષ માર્યું. જે હજુ મારી નજરે આવે છે. અને તેજ વખતે સુંદર અને ચતુર સ્ત્રીમાં પુરૂષને વશ કરવાનું તેને કાચે સુતરને તાંતણે બાંધવાનું જે વશીકરણ છે તેવું સૃષ્ટિ પેદા કરનારે બીજા કોઇમાં મુકયું હોય એવું હું માનતોજ નથી. મારી પ્રેમી પત્નીને મળ્યો તે જાણે છેલ્લી વેળાજ મળ્યો હોઉં તેવું મને લાગ્યું. ઘરમાંથી નીકળતાં મારા અંતરમાં કંઇક ન સમજી શકાય તેવી અસર થઇ પણ તે નહીં ગણકારતાં જયમત સાથે સંધ્યાકાળે બાગમાં ફરવા જવા નીકળ્યો.

અમે હુમેશાં જતા તે કરતાં આજ ગામની પૂર્વ દીશાએ એકાંતમાં આવેલા બાગમાં જવાની રૂચી, દરવાજેથી જૂદા પડતા રસ્તા આગળ આવતાં જયમતે જણાવી. મેં તેના આગ્રહને માન આપી હા પાડી. અમે બંને ચાલતા ત્યાં પહોંચ્યા. બાગમાં ફરવા માંડયું. કોઇ માણસ દીઠું નહી તેથી વધુ વખત રહેવું એ ઠીક નથી એમ મેં મારો વિચાર દર્શાવ્યો. જયમતે કહ્યું તેમાં શી ફીકર છે. આપણે કયાં સ્ત્રીઓ છીએ મારી પાસે તરવાર છે તે બચાવને માટે પૂરતી છે. એમ કહી તેણે મીયાનમાંથી તરવાર કાઢી આમ તેમ હવામાં ફેરવી પાછી મીયાનમાં ઘાલી દીધી. તેની આવી પ્રકૃતિ મેં ઘણી વખત અનુભવેલી તેથી મને કાંઇ શંકા આવી નહી. અંધારૂં વધવા લાગ્યું, જુદી જુદી દિશાઓમાંથી વાગોલો, ચામાચીડીયાં, ઘુવડ આદિ નિશાચર પક્ષીઓ અને શિયાળવાં આદિ પશુઓ બહાર નીકળવા લાગ્યાં. પવન બંધ થઇ ગયો અને દિશાઓ શુન્ય થએલી દેખી હું ગામમાં જવા ઉતાવળ કરવા લાગ્યો. તેના જવાબમાં તે કંઇક ગણગણ્યો પણ તે હું સમજી ન શકયો. દૂરથી દેખાતા કીલ્લાના બુરજો કાળા શાહીવર્ણા દીસવા લાગ્યા. ને રસ્તા અંધારાથી પૂરાવા લાગ્યા. તે વખતે અમે ચાલતા ચાલતા મહાન વૃક્ષોની ઘાડી છાયામાં આવ્યા. અહીંથી અમારે બહાર નીકળવાને થોડી વાર હતી. આ ભયંકર સમયે આ સ્થળે બિહામણો દેખાવ લાગતો હતો. પાસે પાસે ઉભેલાં જાંબુનાં ઉંચાં વૃક્ષોની ડાળીઓ એક બીજામાં ભરાઇ એવી ઘીચ થઇ હતી કે નીચે સાવ અંધારૂં થઇ ગયું હતું. આસપાસ ઉગેલાં નાનાં ઝાડ અંધારામાં

વધારો કરતાં હતાં. એક બાજુ કબર હતી ને તે ઉપર ચાદર ઓઢાડેલી હતી. આ સ્થળે આવતાં હું ઉતાવળથી ચાલવા માંડયો એટલે જયમતે મારી પછવાડે આવી તરવાર કાઢી એવા જોરથી મારી ગરદન પર ફટકો માર્યો કે હાય ! કરતો હું જમીન ઉપર તુટી પડયો. મારા શરીરમાંથી જોસબંધ લોહી વ્હેવા લાગ્યું. હું સાવ મુડદાલ થઇ ગયો, મારાથી બોલાયું નહીં, પ્રાણ કંઠસ્થ આવી ગયા ને હું તદન હાલતો બંધ થઇ ગયો એટલે તેણે મને મરી ગએલો જાણી તરવાર મીયાનમાં નાંખીને મને એવીજ દશામાં રહેવા દઈ તે ચાલ્યો ગયો. ઉત્તરોત્તર મારી હાલત બગાડવા માંડી ને બેશુદ્ધ થઈ ગયો તેથી મારી પછવાડે રાત્રીએ ત્યાં શું બનાવ બન્યો તેની મને કશી ખબર પડી નહી.

જયમત ત્યાંથી ચાલી ઘેર જઇ રાજ્યકુંવરી આગળ પુષ્કળ રોયો ને " અમારે લુંટારા સાથે લડાઈ થઇ તેમાં મહિધરને પકડી ઉપાડી ગયા ને હું બચી અહીં આવ્યો. હવે હું સવારે તપાસ કરવા નીકળીશ દરમીયાન તમે મારી સાથે ચાલો તમને હું સલામતી વાળી જગ્યાએ મૂકી આવું " વિગેરે ફરેબી વાત કહી. રાજ્ય કુંવરીને આ વાતમાં શક પડયો. તે બેહદ રોઇ પણ રડવાથી કાંઇ વળે તેમ નથી એમ તેને છેવટે સમજાતાં પોતાના નશીબને દોષ દેતી તેણીને હવે શું કરવું કયાં જવું. મારા પતિનો પત્તો કેમ મેળવવો વિગેરે વિચારથી મનમાં મુઝાવા લાગી. આ તેની મનની મુઝવણ જયમત્ત ચેતી ગયો ને પ્રપંચની જાળ પ્રસારવા લાગ્યો. તે બોલ્યો 'રાજ્યકુંવરી તમે નગરનાં રાજ્યપૂત્રી છો તે હું

જાણું છું. એક કેદી કે જેના ઉપર તમે આશક થયાં હતાં તેને લઇને નાસવા ઉમેદ ધારી હતી પણ તમારે નશીબે મારો મિત્ર મળીજતાં તેનાથી સંતોષ માની બેઠાં છો તેની મને ખબર છે. આ તમારૂં વૃત્તાંત તમારા બાપને કદાચ ખબર પડે તો તમારી શી વલે થાય તેનો તમને કદી ખ્યાલ આવે છે ? તમારી શોધ માટે કેટલા પ્રયત્ન થયા છે તેનો તમને ખ્યાલ છે ! બોલો ? તમે આ આફતમાંથી કઈ રીતે બચવા ધારો છો ? મારો મિત્ર પણ અત્યારે તમારી મદદે નથી. ફક્ત તમો મારી દેખરેખ નીચે છો માટે તમારી શી મરજી છે તે જણાવો. જો તમો સીધી રીતે મને જવાબ દેશો તો ઠીક છે નહીંતો તમારી જીંદગી પણ જોખમમાં આવી પડશે માટે મારી વાતને સમજી જઇ આ હઠ નહીં કરતાં વખત પ્રમાણે વરતો તો સારૂં છે નહીંતો પરિણામ ગંભીર આવશે પછી તમારી મરજી". જયમત્તનું આ બોલવું "સાંભળી રાજ્યકુંવરી હબકીજ ગઇ ને તેણીએ આતુરતાથી પૂછયું "આ બધી વાત તમને કોણે કહી ?

" મને મારા મિત્રે કહી.

" હાય ! ચીશ પાડી તેણી બેશુદ્ધ થઇ ગઇ. જયમતે તેણીને પાણી છાંટી વા ઉડાડી સાવધ કરી. તેણી સાવધ થતાં પોતાની થઇ પડેલી નિરાધાર દશાનું ભાન આણી, રાજ્યથી ભ્રષ્ટ થઇ એક કંગાલ ઘરમાં આવી, ગરીબ હાલતનો ભોગ થઇ તે પણ કરમે ન રહ્યું જાણી' બેહદ રોઇ અન્તે સમય સુચક રાજ્યકુંવરીએ સ્વગત વિચાર કર્યો કે જો અત્યારે હઠ કરીશ તો મને આ મારી નાંખશે કાં મારા બાપને જાહેર કરશે તો આત્મહત્યા

કરી મરવું પડશે તેના કરતાં અત્યારે અનુકુલતાનો ભાવ બતાવી જીવતી રહીશ તો ભવિષ્યમાં મારા પતિનો પત્તો મેળવી શકીશ. માટે હઠ ન લેવી એજ ઠીક છે એમ વિચારી જવાબ દીધો કે " તમો મારા પતિના મિત્ર છો તેનું અંગ છો તો તમારા આશ્રય તળે રહેવાને મને હરકત નથી જેમ તમો કહેશો તેમ કરીશ. " આથી જયમત ખુશી ખુશી થઇ ગયો ને મારા પતિના શબને તો જંગલનાં પ્રાણીઓ કોતરમાં ઘસડી ગયાં હશે કીંવા ખાઇ ગયાં હશે એમ માની તે ભવિષ્યના આનંદી સ્વપ્નામાં પડયો.

પ્રકરણ ૬ ઠું.

રામ રાખે તેને કોણ ચાખે ?

બીજી બાજુ પ્રભાત થતાં હુ એક મકાનમાં કોમળ બીછાના ઉપર સૂતેલો છું. મારી આસપાસ બધી સ્ત્રીઓજ ભરાઇને બેઠી છે. ને જુદી જુદી રીતથી મારી સારવાર કરે છે. એક બાજુ ઉંચા આસન ઉપર એક ઇંદ્રની પરી જેવી નાજુક સુંદરી બેઠી છે ને તેની દેખરેખ નીચે મારી બરદાશ થાય છે. આવો દેખાવ જ્યારે હું કંઇક સાવધ થયો ને કુદરતી રીતે કરાર વળતાં મારી આંખ ઉઘડી ત્યારે મારી નજરે પડયો. હું

નવાઇ પામ્યો પણ બોલવા જેટલી મારી શક્તિ નહોતી. તેથી પાછી આંખ્યો બંધ કરી ઇશ્વરની મરજીથી જે થાય તે થવા દેવું એમ કલ્પી ચુપ થઇ પથારીમાં પડયો રહ્યો, ને જે સારવાર થતી હતી તે થવા દીધી. હું લગભગ દસ દીવસ સુધી બોલ્યોજ નહીં તેથી હું કોણ છું તેની તે સ્ત્રીઓને કશી ખબરજ પડી નહી. ને જેમ જેમ દિવસો જવા લાગ્યા, મારો ઘા રૂઝાવા લાગ્યો ને મને શક્તિ આવવા લાગી તેમ તેમ હું કોણ છું ને કેમ આવી દશામાં આવી પડયો તે વાત જાણવાની સઉની ઇન્તેજારી વધવા લાગી પણ છેવટ સુધી હું કાંઇ બોલ્યોજ નહી-કશોય ખુલાસો કર્યોજ નહી. પથારીમાં પડયો પડયો મને મળેલી એકાએક મદદ માટે પ્રભુનો આભાર માનતો તેનુંજ સ્મરણ ચિંતવન કરતો, જયમત્તને ધિક્કારતો, રાજ્યકુમારીની ચિંતા કરતો, પૂર્વના ગૃહસ્થાશ્રમને સંભારતો, વખતે આંસુ સારતો ને, ઉંડા નિ:શ્વાસ ભરતો. આ બધો ફેરફાર પેલી સારવારમાં રહેતી સ્ત્રીઓ તેની શેઠાણીને કહેતી. તેણી એક દિવસ બધી પરિચારિકાઓને બહાર કાઢી મારા પલંગ પાસે ખુરશી નાંખી બેઠી ને મને જાગૃત કરી પૂછવા લાગી; મમતા ભરેલે વચને વદવા લાગી; સુંદર મ્હોંથી કોમળ શબ્દોનો સ્વર કરવા લાગી.

" પ્રિય પ્રવાસી, હવે તમને કેમ છે ?

" હવે મને ઠીક છે. આપે મને જીવીતદાન દીધું તે માટે અંત:કરણથી આપનો આભારી છું. પ્રભુ આપનું ભલું કરશે.

" તે ઠીક પણ તમે આવી ભયભરેલી હાલતે કેમ

પહોંચ્યા તેનો ખુલાસો કરી શકશો ? !

" તે ખુલાસો કરવાને મને હરકત નથી પણ તે પુર્વે મને જણાવવા કૃપા કરશો કે હું અહીં કીયા સ્થાનમાં છું અને આપ સર્વ સ્ત્રી વર્ગ કોણ છો ?

" તે જાણવાથી તમને શું લાભ ? !

" ફકત મારા મનનું સમાધાન.

" મનનું સમાધાન જીવન પાછું મળ્યું તેથી ન થયું ?

" તે થયું તેની ના નહી. પણ હવે મારે અહીં તમો બધાંને શ્રમીત કરવાં કયાંસુધી તેની મને સુઝ પડે.

" તે સૂઝ પાડવાની કાંઇ જરૂર નથી. તમો અહીં નિર્ભય છો એમ માનો.

" તેમ માનવા મને કાંઇ હરકત નથી પણ કીયા હેતુથી પુનઃસાર આપ સર્વેએ મારા જેવા એક અજાણ્યા મુસાફર તરફ આટલી બધી કૃપાને આભાર દર્શાવવા તક લીધી છે તે જાણવાની જરૂર છે.

" તે વખત આવે કહીશ. હાલતો મારા સવાલના જવાબની હું દરકાર વધુ રાખું છું.

" મારૂં વૃત્તાંત દુઃખથી ભરેલું છે મને માફ કરો તે સાંભળવાથી તમોને દુઃખ થશે.

" તમે અહીં અમારી દેખરેખ નીચે આવેલ છો તો તમારા શરીરના દુઃખમાં જેમ અમે ભાગ લીધો તેમ મનના દુઃખમાં પણ ભાગ લેવા તૈયાર થવું જોઇએ.

" પ્રભુ તમારૂં કલ્યાણ કરે.

એમ કહી મેં આદ્યંત વિતક વાર્ત્તા વિસ્તારથી કહી સંભળાવી. જે સાંભળતાં મને થતી લાગણીઓ, તેણીએ સાક્ષાત પોતાનામાં અનુભવી મારા તરફ દીલસોજી બ-

તાવી. રાજ્યકુંવરીની જયમતે શી દશા કરી હુશે. તે સંબંધેની મારી શંકાને ટેકો આપી, તેણીએ ખાનગી તપાસ કરાવવાનું વચન આપ્યું, ને રાજ્યકુટુંબમાં પોષાયલી નાજુક નારનું મેં યથાયોગ્ય શાન્તવન કર્યું હતું તેથી તેણી ખુશી થઇ. તે જાણે મન સાથે તેજ ક્ષણે કાંઇક દ્રઢ ઠરાવ કરી ચુકી હોય તેવો તેણીનો ચહેરો મને જણાયો. જયમતની દુષ્ટતા તરફ નહીં જોતાં હું મારી જાત ઉપર રહ્યો, કૃતઘ્ની તરફ કૃતઘ્ની ન રહ્યો તે સાંભળી તેણીને મારા માટે માન ઉપજ્યું ને મારા પરોપકારના વિચારોની સાથે મળતી થઇ. મારા ભવિષ્યના તે વિચારોને ખિલવવાનું મને વચન આપ્યું. બીજે દીવસે મને તેણીએ આવી ખાનગી ખબર આપી કે તમારી રાજકુંવરીને લઇ જયમત રજપુત કંઇક ભાગી ગયો છે. ગામમાં નથી, તેની તપાસ જારી છે વિગેરે આ શબ્દો સાંભળી મને જેમ વિજળી ઝાલવાથી જેવો મગજમાં ઝાટકો લાગે તેવો ઝાટકો લાગ્યો ને મારી સ્થિતિ બદલાઇ ગઇ. બએ વખતનો મારો ગૃહસ્થાશ્રમ ધુળ મેળવનાર તને ધિક્કાર છે. ઓ પાપી તું જીવતોજ કાં નહીં મૂવો કે વિશ્વાસઘાત કરી મને પાયમાલ કરી ગયો. અરે ! ઓ પવિત્ર પ્રમદા તારૂં શું થશે ! અરે ! હાય ! ભૂંડી થઇ વિગેરે મતલબનું મારૂં કલ્પાંત સાંભળી પેલી મને સાજો કરનારી સ્ત્રીને બહુજ લાગી આવ્યું; તેણે મને ધીરજ આપીને વધારામાં કહ્યું દુઃખ નહીં ધર. રાજ્યકુંવરીના બદલે તને બીજી એવીજ રાજ્યકુંવરી મળી રહેશે પ્રભુ તારી મદદમાં છે. તું હમેશાં અપકાર કરનારનું પણ ભલું કરવા ઉભો રહ્યો છે તો પ્રભુ તને ન-

હીં ખૂલી જાય. તું શાન્ત થા. તારી તનદુરસ્તી ન બગડે તે માટે કાળજી રાખ પ્રભુ જે કરશે તે સારૂંજ કરશે " આ તેનું બોલવું માર્મિક હતું પણ તેનો સ્પષ્ટાર્થ કરવાની મારી હીંમત ન ચાલી હું તેણીના આશ્વાસન તળે લાંબી મુદત રહ્યો અને શરીરે બરોબર સ્વસ્થ થયો એટલે મારા નશીબનો થર વળી ફળ દેવા તત્પર થયા વળી પ્રપંચ જાળમાં ફસાયો. કુદરતના અજબ ખેલનો ખેલાડી બન્યો પરમાત્માએ રમવા માંડેલી વિશ્વરૂપી ચોપાટનુ સોગઠું થયો અને સુખ દુઃખના વારા ફેરાનો અનુભાવાર્થી બન્યો—

પ્રકરણ ૭ મું.

શશિકળાનો પૂર્વ વૃત્તાંત.

મહિધર જેના આશ્રય તળે રહીને પાછી તનદુરસ્તી મેળવી શકયો હતો. તે ત્યાંના મહારાજાની એકની એક લાડકવાઇ કુંવરી હતી. તેણી હજુ અવિવાહિતા હતી. જેથી લાયક રાજકુંવરની શોધમાં મહારાજા પોતે તથા અમાત્ય મંડળ હતું. તેવામાં આ કુંવરી શશિકળાના ખાનગી બાગમાં મહિધરને ઘાયલ કરી જયમત ભાગી ગયો હતો. અને પ્રથમની મહિધરની પ્રિયતમા રાજકુંવરી એકાવલીને વિશ્વાસ ઉપજાવી સ-

હિધરની શોધ કરવાને બાને વિદેશ નીકળી ગયો હતો. શશિકળામાં નામ તેવાજ ગુણ હતા. તેણીની પ્રકૃતિ ચંદ્રના જેવી શાન્ત અને કીર્તિ ચંદ્રની કળાની પેઠે પ્રકાશીત થઇ રહી હતી. તેણી પરોપકારનાં કામ કરવામાં જગ મશહુર થઈ હતી. તેની નજરે કોઇ દ્રરિદ્રી કે દુખી પડતું તેની તે જાતે ખબર લઇ દુઃખ દૂર કરતી ત્યારે અન્ન ખાતી. આ તેનો જન્મથીજ ઉમદા સ્વભાવ હતો. પ્રાતઃકાળે પોતાના બાગમાં તેણી જ્યારે ફરવા આવી ત્યારે ઘાયલ થઇ પડેલો, અને દુઃખથી બેહોશ બનેલો, મહિધર નજરે પડયો. તેવીજ ત્યાં સખીઓથી વીંટાયલી બેશી ગઇ, અને કોઈ પ્રવાસીનું ખુન પોતાને રહેવાના ખાનગી બાગમાં થએલું જોઈ, તેણીના કોમળ હૃદયને બેહુદ લાગી આવ્યું. પ્રવાસીના નિઃશ્ચેષ્ટ હાલત જોઈ, તેના ઉપર સ્વભાવિક દયા આવી; ને પોતાની બાગના કમ બંદોબસ્ત માટે, તથા ખુનીને શોધવા માટે, તેણીએ તેના માણસોને સખત તાકીદ અપાવી. ખાનગી હકીમ બોલાવી ગંગાવી મહિધરની શારીરિક તપાસ કરવી, તો જીવ હોવાનું સાબીત થયું તેથી પોતાના ખાનગી મહેલમાં તેને લઇ જવા ફરમાવ્યું અને તદ્દન ગુપ્ત રીતે તેની સારવાર કરવા માંડી. થોડા દિવસમાં તે સાજો થયો અને આ શશિકળા સાથે થએલી વાતચિત આપણે ગત પ્રકરણમાં વાંચી ગયા છીએ. સર્વથા ઇશ્વરની ગહન ગતિ છે. તારનાર આગળ મારનાર ઝખ મારે છે.

એક બાજુ મહિધર શશિકળાની રાજ્ય વૈભવી સારવાર તળે તનદુરસ્ત થતો ગયો. તો બીજુ બાજુ શશિ-

કળાની સગાઇ મેળવવા માટે ઉતાવળા થવા માંડી. રાત્રી દીવસ ગાઢ પરિચયમાં રહેવાથી શશિકળાનું મન મહિધર ઉપર ચોટ્યું હતું તેમાં વળી તેની વાતચિત સાંભળ્યા પછી પોતાના પ્રેમને ધારણ કરવા યોગ્ય પાત્ર દૈવ ઇચ્છાથી મળી આવ્યું જાણી જેમ અંતરથી ખુશી થઇ હતી. તેમ તેની સાથે ભવિષ્યમાં સદાને માટે જોડાવા આતુર બની હતી. જેમ જેમ તેણીનો અનુરાગ તે પ્રવાસી દશામાં પડેલા મહિધર ઉપર વધતો ગયો તેમ તેમ તેની પરોણાચાકરી બહુ ઉત્તમ પ્રકારે થવા લાગી. આ ભેદ તદ્દન ખાનગી હતો. ગામમાં મહારાજાને કે બીજા કોઇ માણસને ખબર પડવા દીધી નહોતી, કે બાગમાં કુંવરી શું કરે છે. તેણીને ત્યાંનાં હવા-પાણી માફક આવે છે ને તેથી તેણીનું મન પ્રસન્ન રહે છે. એવી હકીકત તેના ખાનગી કારભારી દ્વારા મહારાજાના મન ઉપર મૂકવાથી બાગમાં રહેવાની પરવાનગી મળી હતી. કવચિત કુંવરી આવી રાજમાતાને મળી જતી. આ પ્રમાણે ચાલતું હતું. એક દીવસ તેણીને ખબર મળી કે કાલે તમારી સગાઇ થવાની છે, માટે ગામમાં આવવું. આ શબ્દો સાંભળી તેણી તદ્દન બદલાઇ ગઇ અને ચુપ ચુપ કાંઇક એકાંતમાં ચાલી ગઇ.

મહિધર પોતાને પ્રાપ્ત સ્થિતિથી સર્વ રીતે સુખી હતો પણ એકાવલી તેને બહુ સાંભરતી તેણી સગર્ભા હતી. “ તેનું શું થયું હશે ! મારા વિરહે તેણી આત્મઘાત કરશે તો બે જીવની હત્યા થશે ! દુષ્ટ જયમત, તેં બહુ બુરૂ કર્યું. હવે તને દેખું તો તારાં કૃત્યોનો બદલો બરોબર આપું. ” વિગેરે વિચારો કરતો બાગની વ-

એના બંગલાના ત્રીજા માળના શુશોભિત ઓરડામાં પાથરેલા છત્રી પલંગમાં સૂતો હતો. રાતના એક વાગવાનો વખત થવા આવ્યો હતો. મહિધરની ઉંઘ આજ ઉડી ગઇ હતી. તેને કંઇ ચેન પડતું નહોતું તેના મગજમાં એમાવલી રચી રહી હતી. તેના ઉપરના પ્રેમે તને અત્યારે ઘેલા જેવો બનાવી મૂકયો હતો. રાત અંધારી હતી. દૂર નજર કરતાં બિહામણો દેખાવ નજરે આવતો હતો આકાશમાં તારા દૂર બહારમાં ખાલી રહ્યા હતા. મંદ પવન વાતો હતો ઓરડામાં ઝાંખી રોશની બળતી હતી. શશિકળાને આજ બપોરથી દીઠી નહોતી તેનો પણ વિચાર મહિધરને આવતો હતો “ શશિકળાના હૃદયની સુંદરતા, તેના શરીરની સુંદરતા કરતાં અનેક ઘણી વધારે છે. રાજ્યમાં ઉછરેલી રાજય બાળા આટલી બધી માયાળુ ને પરગજુ હોવી અસંભવિતજ છે, છતાં આ સુંદરી અપવાદ રૂપેજ છે. તેણી મારી સામે મીઠી નજરે ઘણી વખત નિહાળે છે ખરી પણ તેથી શું ધારી શકાય ? છે તો ચતુર પણ એ કયાંને હું કયાં ! ચાલ મન, એ વિચાર જવા દે. મન આમ તરંગો કરે છે ત્યાં ઓરડાનું બારણું એકદમ ઉઘડી ગયું. તેના ખડખડાટથી નજર તે તરફ ગઇ. કોઇ માણસ ઉતાવળે પગલે તેના તરફ આવ્યું ધારી તે જોતાં મરદનો પોષાક તેણે પહેરેલો હતો. હથીઆર કેડે લટકતાં હતાં. આવનાર બોલ્યું—

“ પ્યારા પ્રવાસી ચાલ ઉઠ, મારી સાથે આવવા તૈયાર થા.

“ પણ કયાં ?

“ જ્યાં મારૂં ને તારૂં નશીબ લઇ જાય ત્યાં.

" પણ તમે કોણ છો ?

" મને ન ઓળખી ? હું શશિકળા.

" કેમ ? આમ ! એકા એક !

" વિચાર કરતાં એમજ કરવું મને ઠીક લાગે છે. ચાલ ઉતાવળ કર. રાત થોડી ને વેષ ઘણા છે.

" મારા જેવા કંગાલ માણસ સાથે આવવાથી તમારી યોગ્યતા સચવાવી મુશ્કેલ છે.

" તેની દરકાર થોડીજ છે. ખરો પ્રેમ એવું જોવા થોભતો નથી. અને એવી ખાએશ રાખે તે ખરો પ્રેમ નથી.

" ત્યારે શું તમે મારી સાથે હૃદયના પ્રેમ પૂર્વક જોડાવા ઇચ્છા રાખો છો ? !

" તેમાં નવાઈ કેમ લાગે છે ? હું અત્યારેજ જોડાઉંછું એમ નથી પણ મારા વ્હાલા તારા પર મારી પ્રથમ દૃષ્ટિ પડી તેજ ઘડીથી તારા અંતર સાથે હું જોડાઈ ચૂકેલી છું.

" આહ ! આતે જાગ્રત કે સ્વપ્ન ! !

" નહીં જાગ્રત એમાં નવાઇ જેવું કશું નથી તારી સુજનતાએ મને પરવશ બનાવી છે અને અત્યારે રાજ વૈભવ છોડી તારી જોડે ગરીબાઇનો અનુભવ લેવા તૈયાર થઇ છું.

" આવું સ્થિત્યંત્તર કોણ કરાવે છે ?

" પ્રેમ તારી પ્રત્યેનો મારો અંતરનો પ્રેમ ચાલ હવે શું કહે છે ?

" બસ હવે મારે કાંઈ કહેવાનું નથી. તારા અસાધારણ પ્રેમ આગળ મારી બધી દલીલ રદ છે તું કહે તેમ કરવા તૈયાર છું.

" કાલ સવારે મારો બાપ કોઈક ગમારથી મારો સબંધ બાંધવાના નિર્ણય પર આવી ચુકયો છે તે પૂર્વેજો અત્યારેજ અહીંથી નાશી છુટાય તોજ મારો આત્મા બચી શકે તેમ છે. નહી તો આત્મઘાત કરી મરવું પડશે !

" અફસોસ. મને વ્હેલો કેમ ન ચેતાવ્યો અત્યારે તારા પિતાના રાજ્ય બહાર નીકળી જવાના સાધનનું કેમ બની શકશે.

" તે સગવડ મેં કરી રાખી છે. બપોર પછીની હું નહોતી દેખાઈ તેનું કારણ એજ હતું. બંદર ઉપર વહાણ તૈયાર છે. ને આપણી વાટ જોતું ઉભું છે. તે બંદર સુધી જવાને વાસ્તે ઘોડા તૈયાર છે.

" શશિકળા તમને મારી સાથે લઇ જતા પૂર્વે હું તમને એક વખત ચેતાવું છું કે હું તદન બેહાલ હાલતમાં છું.

" તેની મને ખબર છે. પ્રેમીની સાથે જમીન ઉપર સુવાને, સુકો રોટલો ખાવાને, અને જાડાં વસ્ત્રો પહેરવાને તૈયાર છું. કદી તે પણ ન મળે તો જોગણ થઇ પ્રિયના નામનો જાપ જપતી ભૂખીને તરશી ફરવાની હીંમત ધરાવું છું પણ પ્રિયથી વિખુટી રહી શકનાર નથી.

" ધન્ય છે, દેવી તમારી નિષ્કપટ ભક્તિ જોઇ મને બેહદ આનંદ થાય છે. અને તમારા દૃઢ નિશ્ચય આગળ જો હું પાછો પડું તો મને તમો ધિક્કારોજ કહો માટે ચાલો જેવા પ્રકારનું જોખમ વેઠવાનું હોય તે વેઠવા તૈયાર છું "

એમ કહી લૂગડાં પહેરી શશિકળા સાથે હું ચાલ્યો ને બાગમાં અંધારે ઉભેલા ઘોડા ઉપર ચઢી અમો બંને

બંદર તરફ ઉપડયાં. બંદરે જઇ ખારવાઓની મદદથી વહાણમાં બેઠા. ને નાખુદાએ સીસોટી વગાડતાં વહાણ ઉપડી ગયું. મધ્ય દરીએ વહેતું થઇ ગયું—ગયું.

પ્રકરણ ૮ મું.

છેવટ.

પ્રાતઃકાળ થતાં મહેલમાં કે મહેલના એકે ઓરડામાં શશિકળાને નહી જોવાથી શશિકળાની સખીઓએ તથા દાસ દાશીઓએ બૂમરાણ કરી મુકયું ગભરાટથી મહારાજાને કહેવરાવ્યું. મહારાજા વિગેરે સઉ તપાસ કરવા બાગમાં આવ્યા. ચારે દીશાએ માણસો દોડાવ્યાં. કેટલાકને ધમકાવ્યાં—માર્યાં પણ પત્તો જડયો નહીં તેથી બંદર ઉપર ગયા અને ત્યાં વહાણોની તપાસ કરવા માંડી. તેમાંથી એક વહાણ વગર પરવાનગી એ બઇ રાતે ઉપડી ગયાનું જણાયું. તરત અમારા તે વહાણની પછવાડે બીજાં વહાણોને યુદ્ધ સામગ્રી સહીત તપાસ કરવા મોકલ્યાં પણ અમે પકડેલી વિરૂદ્ધ દિશાથી તેઓ અમારી ભેગા થઇ શકયા નહીં. અમે મધ્ય સાગરમાં જઈ કેટલાક દીવસ વહાણમાંજ રહ્યાં ને પછી શશિકળાના બાપના શહેરથી ઘણે દૂર આવેલાં આપના નગરમાં આવી ઉતર્યા. વહાણ વાળાને સારી રકમ આ-

પી ખુશી કરી વિદાય કર્યો ને અમો આપની રાજ્યધા-
નીમાં અવી રહ્યાં. ધીરે ધીરે મારો પૂર્વનો બ્રાહ્મણનો ધંધો ચલાવવા માંડયો તેથી માન પામી આપનામદારના પુરેહિત પદે હું આવ્યો.

વઝીર--મહિધર તમારૂં વૃત્તાંત બહુજ શિક્ષણીય છો તમારી હકિકતથી મહારાજા બહુ પ્રસન્ન થયા છે અને એકાવલી તથા જયમતનું શું થયું તે જાણવા ઇન્તેજારી બતાવે છે.

મહિધર–વિતક વાર્ત્તા ધાર્યા કરતાં લાંબી થઇ અને આપને સાંભળતાં બહુ શ્રમ લેવો પડયો તે માટે ક્ષમા ચ્હાઉછું. પણ થોડુંક અગત્યનું વૃત્તાંત કહેવાની રજા લઉછું.

મહારાજા- મહિધર ખુશીથી કહો આરંભેલો ભેદ પૂરેપૂરો ખુલવાની જરૂર છે.

મહિધર આપ નામદારની શિતળ છાયા તળે રહેતા મને લગભગ ચાર પાંચ મહિના થયા હશે ત્યારે એક વખત હું શિવરાત્રીના મેળામાં આપના શહેર બહાર આવેલા વિશ્વેશ્વર મહાદેવના દર્શને ગયો હતો. અનેક વખત અણધાર્યાં સંકટ આવી પડેલાં હોવાથી હું મારી ભેટમાં ખાનગી રીતે કટાર રાખ્યા વિના બહાર નીકળતોજ નહીં. હું સવારે નીકળ્યો હતો ને શિવને મંદિર પહોંચી બહાર નીકળવા જાઉછું ત્યાં સામી ધર્મશાળામાં કોઇ બે સ્ત્રી પુરૂષ મારી નજરે પડયાં. તેઓ ક્રાંઇક વાતચિત કરતાં હતાં તે સાંભળવા તરફ મારી વૃત્તિ ખેંચાઇ તેથી ફરી ધર્મશાળા પછવાડે જઈ આ બંને કોણ છે ને શી વાત કરે છે તે સાંભળતા ઉભો.

સ્ત્રી–હજુ તું મને કેટલુંક રખડાવવા ધારે છે ! હું કોની દીકરી. કેવા બૂરા હાલને પહોંચી. હજુ પણ તને મારા તરફ દયા નથી આવતી. મારા પતિનો પત્તો મળે તેમ મને લાગતો નથી. માટે મને આ શિવજી સમક્ષ મરવા દે. બસ, એટલી મારી પ્રાર્થના છે. મને કશી દરકાર નથી તારે ભરોંસે હું પાયમાલ થઇ ગઇ, હવે બહુ થઇ.

પુરૂષ અરે ! એમ અકળાય છે શીદ ? જીવતી હુઇશ તો કોક દીવસ તારી ઉમેદ પૂરી થશે અને મરી જઇશ તો તારી મનની આશા મનમાંજ સમાઇ જશે. માટે એવી આ હઠ મૂકી દે. અને ગઇ વાત વિસારી દઈ કોઈક સ્થળે સ્થિર થા.

સ્ત્રી -બળી ગયું સ્થિર થવું. હવે તો છેવટનો નિર્ણય કરવાનું આજ સ્થળ મેં તો નક્કી કર્યું છે. અહીંથી હું એક ડગલું પણ આગળ વધનાર નથી. અત્યાર સુધીના મારા દુઃખી જીવનનો અંત અહીંજ લાવવા મેં દ્રઢ ઠરાવ કર્યો છે.

પુરૂષ–હું તેમ કદી બનવા દેનાર નથી. મેં તને મરવા દેવા અહીં સુધી આણી નથી પણ આજે ચોખા શબ્દોમાં કહું છું કે તને મારી કરવા અહીં આણી છે માટે હવે તારે કબૂલ થએજ છુટકો છે.

સ્ત્રી–પાપી તારી જીભ સંભાળ નહીં તો જોવા જેવી થશે.

પુરૂષ- અહીં તારૂં રક્ષણ કરનાર કોણ છે ?

સ્ત્રી–મેં શુદ્ધ મનથી પાળેલું મારૂં પતિવ્રત છે. સામો દેવાલયમાં બેઠેલો પરમાત્મા છે. જગતને જીવન આપતો સૂર્યદેવ છે. એટલુંજ નહીં પણ મારા અંતર-

માં સવાય વસી રહેલો મારો પ્રાણ રક્ષણ કરવા સામર્થ છે.

પુરૂષ-(આગળ વધી) બોલાવ જોઇએ તારા પ્રાણને ! ક્યાં છે ?

તેવો હું ધર્મશાળા પછવાડેથી એકદમ જોસમાં બહાર આવ્યો ને ભેટમાંની કટાર બહાર કાઢી દોડતો બોલ્યો.

" જો આ રહ્યો, મારી એકાવલીનો પ્રાણ હાજર છે. હીચક્કારા, બોલ હવે તારો રક્ષક કોણ છે ?

" હાય-મૂવો-" કહી એકદમ જમીન ઉપર બેહોશ થઇ પડી ગયો તેવો હું એની છાતી ઉપર ચડી બેઠો ને એની પાપી છાતીમાં કટાર ખોશી દીધી. તે કટાર અંદર રાખી સક્રોધ બોલ્યો. દુષ્ટ જયમત તારી પાપી જીંદગીનો અંત અત્યારે મારે જ હાથથી લાવતાં મને બહુ આનંદ થાય છે. તારા જેવા દગાબાજ દોસ્ત કરતાં દાનો દુશ્મન સારો. જા તારાં કર્મોનો બદલો આપવા યમરાજા આગળ હાજર થા. એમ બોલી જેવી કટાર મેં એની લોહીથી વહેતી છાતીમાંથી બહાર કાઢી તેવાં તેનાં આંતરડાં બહાર નીકળી ગયાં અને છેલ્લી 'હાય' ની બૂમ મારી તેનો પ્રાણાત્મા તેના પાપી દેહથી વિછુટો પડી ગયો--ગયો મારી છેવટની વેર લેવાની ઉમેદ પૂરતો ગયો એકાવલની દાઝ ઓલવતો ગયો દગાબાજ દોસ્ત કેવા થાય છે તેનું જીવતું જાગતું દ્રષ્ટાન્ત આ જગત ઉપર સદાને માટે મૂકતો ગયો અને અનેક મારા જેવા ભોળા વિશ્વાસુ માણસોને ચેતવતો ગયો

તે ગતઃપ્રાણ થયા બાદ મેં એકાવલી સામું જોયું તો મુર્છાવશ હતી. નિઃશ્ચેષ્ટ હતી. તેને મેં કુવામાંથી પા-

ણી કાઢી તેના મુખ ઉપર છાંટી વા નાંખી આશ્વાસન યુક્ત વચનો કહી સાવધ કરી. તેની શુદ્ધિ ઠેકાણે આવવાં એકદમ ઉઠી સપ્રેમ મને બાઝી પડી મેં તેને છાતી સરસ્ત ચાંપી મારા એના પ્રત્યેના અવિછિન્ન પ્રેમની સાબિતી આપી અને પાપી મૂવો તે ખાતે પ્રભુનો ઉપકાર માનતાં તેના શબને કાગડા કુતરાનાં ભક્ષ માટે ત્યાંનું ત્યાં રહેવા દઇ શિવજીના દર્શન કરી અમો બંને અમારે ઉતારે આવ્યાં. શશિકળાને સર્વ વાતથી વાકેફ કરી તે તાત્કાળીકતો ખુશી થઇ પણ શોકનુ સાલ એવું વિષમ છે કે ઝાઝો વખત એકત્ર રહેવું ને સંપથી વર્તવું કઠીન પડે તેમ મને જણાતાં મેં પૂરેપૂરા સત્કાર પૂર્વક એકાવલીને જૂદી રાખી ત્યાં તેને પૂત્ર પ્રસવ્યો. તેના હર્ષ સન્નિપાતમાં તેણી ગુજરી ગઇ. પછવાડેથી એક ધાવ રાખી તે પૂત્રને ઉછેરી મોટો કર્યો. યોગ્ય ઉમરનો થતાં યથાશક્તિ શિક્ષણ અપાવ્યું. ને વેપાર લાયક બનતા દુકાન મંડાવી આપી તેમાં તે વેપાર કરતો હતો. ને પોતાનું સ્વતંત્ર પોષણ મેળવતો હતો. આ બધો વખત તેના વાસ્તવિક માબાપ કોણ હતાં તેની તેને ખબર પડવા દીધી નહોતી, કારણ કે તેથી તેના કુમળા અંતઃકરણમાં મોટો અઘાત થાય પણ દૈવ ઇચ્છાથી આજ તે પ્રસંગ આપ નામદાર હજુર આવેલો જોઇ મને બેહદ ખુશી થાય છે ને મારા ઉપર વીતેલાં બધાં દુઃખ આ સુમતિ જેવા ભાગ્યશાળી અને નિતિવંત પૂત્રને જોઇ મારી આંખ ઠારૂં છું. આ વખતે સુમતિ એકદમ મહિધરને ભેટી પડયો. ને મહારાજા તથા વઝીર નવાઇ પામી ગયા. પિતા પૂત્રને ખરે વખતે મદદ કરેજ તેમાં કાંઇ નવાઇજ નથી. એ વાત બરોબર

સમજી ગયા ને સુમતિ જેવો નિતિવંત, રાજ્ય કુમારીને પેટ પાડે તેમાં કાંઇ આશ્ચર્ય જણાયું નહીં. આ ભેદ, સુમતિને ઉછેરનારી આયા જાણતી હોવાથી "આફત પડે તો મહિધરની મદદ લેજે" એ કહી રાખેલું વાક્ય તેને વિશ્વપ્રભાના આત્મઘાતના પ્રસંગો યાદ આવ્યું અને પૂરી મુઝવણમાં મહિધરની મદદ માગી. તેણે પોતાનો પૂત્ર વાત્સલ્ય સ્નેહને સ્મરી તે ખરેખરા અણીને પ્રસંગે પણ નીતિભંગ નથી થયો તેની ખાત્રી મેળવી પોતાની પેટી ઉપડાવી સ્મશાનમાં જઇ શબ દાટી, પછવાડેથી તપાસના પરિણામમાં પોતાની વૃદ્ધાવસ્થા સ્મરી ખુન પોતાને માથે વ્હોરી લીધું પણ સુમતિ જેવા સત્ય પરાયણ પૂત્રને ખબર પડતાં તુરત મહારાજા પાસે જઇ સાચી હકીકત નિવેદન કરી. મહારાજાએ બંનેની સાચી હકીકત સાંભળી વિશ્વપ્રભા કપટનો ભોગ થઇ પડી તે ખાતે દીલગીરી જણાવી. ઇન્દિરા અને કેસરીને કેદમાં નાંખી મહિધર અને સુમતિને શાબાશી દેવાની સાથે સારે દરજ્જે સ્થાપિત કર્યા અને જયમત જેવા દુષ્ટ દોસ્તને માટે ધિઃક્કાર જણાવી હરેક માણસે સ્ત્રી અને મિત્ર કરતાં પૂરતો તપાસ ઘટતો વિચાર કરી પછી તેના ઉપર પોતાનો વિશ્વાસ મૂકવો એનું શિક્ષણ આપી, વઝીરને ખરી હકિકત પોતા હજુર રજુ કરી તે માટે ધન્યવાદ આપ્યો ને આ નોંધ પોતાની પછી થનાર પ્રજાને ઉપયોગી થાય તે માટે ખાનગી બુકમાં પૂરેપૂરી નોંધ લીધી.

સમાપ્ત

વિશ્વજીત.

ઉર્ફે

વિશ્વાસઘાત.

એક પવિત્ર પતિને તેના મિત્ર તથા સ્ત્રી તરફથી થએલો વિશ્વાસઘાત.

વર્તમાન કાળમાં સુધરેલા (?) કહેવાતા કેટલા... ભોળાં મનના ભરથારો, વેશધારી મિત્રો અને સ્ત્રીઓ તરફ જે અસાધારણ ભરોંસો મુકે છે; અને તેનાં ગંભિર પરિણામોનો કડવો અનુભવ થતાં સંસાર ઝેર જેવો થઇ જાય છે, તેનો આબેહુબ હ્રુદયભેદક ચિતાર આ નોવેલમાં આપવામાં આવ્યો છે. જેનાં શિક્ષણીય વર્ણનો વાંચતાં વાંચક તન્મયતાનો અનુભવ કરે છે, માટે એક વખત આ પુસ્તક ખરીદી ખાત્રી કરવા સૌને ભલામણ છે. આ નોવેલ સાર્વજનીક થવાના હેતુથી તેની કીંમત માત્ર રૂ. ૦-૮-૦ રાખવામા આવી છે.